◆ સૂચના ◆

☛ 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.

☛ પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.

☛ કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. અથવા ડિમાન્ડડ્રાફ્ટથી સ્વીકારવામાં આવે છે.

◆ લેખ મોકલવા માટે ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

◆ લેખકોને ◆

☛ શિક્ષણ, ગ્રામવિકાસ તથા પુનર્ગઠન અંગેના લેખો આવકાર્ય છે.

☛ અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

◆ લવાજમ ◆

વાર્ષિક રૂ. ૧૫૦/-
ડિપોઝિટ યોજના રૂ.૧૮૦૦/-

# કોડિયું

વર્ષ : ૭૩ જૂન: ૨૦૨૦ અંક : ૧૧

## અનુક્રમણિકા


| ક્રમ | લેખનું નામ | લેખકનું નામ | પાના નં. |
|---|---|---|---|
| ૦૧ | કાલીશિલા | - ભાણદેવજી | ૪૨૫ |
| ૦૨ | સર્જનાત્મકતાના ભોગે કેળવણી.. | - વિશાલ ભાદાણી | ૪૩૧ |
| ૦૩ | સૂફીજન સુભાષ ભટ્ટ | - દિનુ ચુડાસમા | ૪૩૫ |
| ૦૪ | બહેન (સરલા) મારી મા -શી ! | - ભરત ના. ભટ્ટ | ૪૩૮ |
| ૦૫ | અયોધ્યા વિવાદની આંટીઘૂંટી | - કુમાર પ્રશાંત | ૪૪૫ |
| ૦૬ | હું... કેલેન્ડર ! | - ભાવના પાઠક | ૪૪૭ |
| ૦૭ | મંગળની શિક્ષણયાત્રા | - મનહર ઠાકર | ૪૫૦ |
| ૦૮ | 'કોરોના'ના કાળમાં.. | - સંજય તલસાણિયા | ૪૫૭ |
| ૦૯ | મારી વહાલી શાળા- આંબલા | - સ્વાતિ સલ્લા શાહ | ૪૫૯ |
| ૧૦ | સંસ્થા સમાચાર | - પ્રશાંત મહેતા | ૪૬૧ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
શ્રી જુગલકિશોર વ્યાસ
(મો. ૯૪૨૮૮૦૨૪૮૨)

**સંપાદક-મંડળ:**
ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
ડૉ. સંજય તલસાણિયા
(મો. ૯૪૨૭૬૬૮૦૮૩)
શ્રી પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા,
ફોન : ૦૨૮૪૬-૨૪૪૧૧૮

## તંત્રી સ્થાનેથી...

આજે કોરોના સંદર્ભે લગભગ તમામ ક્ષેત્રોમાં ભારે મોટી માઠી અસરો અનુભવાઈ રહી છે. કલ્પના બહારના ક્ષેત્રોમાં પણ ચિંતાજનક નુકસાન થયું છે અને થઈ રહ્યું છે. સૌથી વધારે દુઃખદ અનુભવ પરપ્રાંતીય મજૂરોના જે થયા તેણે ભારે પીડા ઉપજાવી. અંતે આ બધું શું અને શા માટે થઈ રહ્યું છે તેનો ગંભીરતાથી વિચાર કરવા જેવો છે. કોઈપણ સમાજ તો જ ટકાઉ બની શકે જો તે સમાજની શિક્ષણ સંસ્થાઓ, ઔદ્યોગિક એકમો અને સમાજ વચ્ચે એક સુસંવાદી વ્યવસ્થાપન અમલમાં હોય. આજે શાળા-કૉલેજોમાં જે શિક્ષણ અપાય છે તેનો ઔદ્યોગિક એકમોને ખપ નથી અને જીવાતા જીવન સાથે તો તેનો અનુબંધ જ નથી ! ત્રણે ક્ષેત્રો અથાક મહેતન કરે છે, પૈસા વાપરે છે અને આધુનિક ટેક્નૉલૉજી વસાવે છે, આમ છતાં ત્રણે ક્ષેત્રોમાં ભરપૂર અજંપો છે. આ અજંપો કાર્યક્ષમતા, નિષ્ઠા, કર્મઠતા, પ્રતિબદ્ધતા, પ્રમાણિકતા, પારદર્શકતા અને સંર્વાશે ગુણવત્તાને ઘટાડે છે. દરેક ક્ષેત્રને જે સંતોષ, ફાયદો અને પ્રસન્નતા મળવી જોઈએ તે મળતાં નથી.

'પ્રકૃતિ' ગુરુની આંગળીએ અવલોકન-અનુભવ આધારિત અપાતું શિક્ષણ વધારે અસરકારક નીવડે છે. શિક્ષણમાં સૈદ્ધાંતિક ભાગ અને અનુભવ-પ્રત્યક્ષકામનું પ્રમાણ સ્નાતક કક્ષા સુધીમાં તો અનુક્રમે ૨૦ અને ૮૦ ટકા જળવાવું જોઈએ. વિશ્વના વિકાસશીલ દેશોમાં આ પ્રમાણ ૨૫ અને ૭૫ ટકા સુધીનું છે. યુરોપના કેટલાક દેશોમાં તો આ પ્રમાણ ૫ અને ૯૫ ટકા સુધીનું છે !! જ્યારે ભારતમાં આ પ્રમાણ ૯૫ અને ૫ ટકા સુધીનું જ છે. સૌ કોઈનો અનુભવ છે કે વિદ્યાર્થીઓને વર્ગખંડનું શિક્ષણ કંટાળજનક જ જણાયું છે.

આપણે ત્યાં લગ્ન કે નોકરી ન મળે ત્યાં સુધી વિદ્યાર્થી ભણ્યે જ જાય છે. વિકસિત દેશોમાં કોઈ સ્નાતક થાય તો બહુ મોટો ઉત્સવ મનાવાય છે. સૌ વ્યવસાયી શિક્ષણ મેળવીને તરત પોતાનાં ગમતાં કામ-ધંધે જ લાગી જાય છે. જેને બહુ અભ્યાસ કે સંશોધન કરવાં હોય એવા ગણ્યા ગાંઠ્યા જ સ્નાતક-અનુસ્નાતકનો અભ્યાસ કરે છે. આપણે ત્યાં આવું નથી, માટે શિક્ષિત બેકારોની સંખ્યા વધતી જાય છે. આ બેકારી અનેક પ્રકારના સામાજિક પ્રશ્નો જન્માવે છે.

વ્યવસાયલક્ષી-કૌશલ્ય આધારિત(Skill Based) શિક્ષણ જ એક માત્ર ઉપાય છે. વળી, આ વ્યવસાયલક્ષી શિક્ષણને સ્થાનિક નાના-મોટા ઔદ્યોગિક એકમો સાથે જોડવું જોઈએ. શિક્ષણ, અનુભવ અને આજીવિકાની શૃંખલા એવી રચાવી જોઈએ કે એક વીન-વીન પરિસ્થિત જન્મે. આ રચનાથી તમામ ક્ષેત્રો અનેરી પ્રસન્નતા સાથે અમીના ઓડકારથી કોળી ઉઠશે. એક સર્વે પ્રમાણે વિશ્વમાં એક ટકા લોકો પણ એવા નથી કે જેમનો જીવનશોખ અને આજીવિકા સ્રોત એક હોય ! આથી જે કોઈ કામ કરે છે તે પરાણે પરાણે કરે છે. તેને પોતાના કામમાંથી આનંદ-સંતોષ મળતા જ નથી. આથી કામ પરથી આવીને તેને 'ફ્રેશ' થવું પડે છે !! કામ પોતે જ તેને હરપળ 'ફ્રેશ' કરે તેવું

**(અનુસંધાન પાના નં. ૪૩૭ ઉપર)**

# (૦૧) કાલીશિલા

- ભાણદેવજી

**પ્રસ્તાવ**

અમે કેદારનાથની યાત્રા કરીને પાછા ફરી રહ્યા છીએ. ગૌરીકુંડ, શિરકટે ગણેશ, મહિષાસુરમર્દિની અને ગુપ્તકાશી પણ તીર્થો છે. વળતાં આ તીર્થોનાં દર્શન કરતાં-કરતાં અમે ગુપ્તકાશી પહોંચ્યા. ગુપ્તકાશીની સામે જ ઉખીમઠ દેખાય છે. આ ઉખીમઠ ભગવાન કેદારનાથનું શીતકાલીન નિવાસસ્થાન છે. ગુપ્તકાશી અને ઉખીમઠ આ બંને સ્થાનો ઊંચાઈ પર વસેલાં છે. બંનેની વચ્ચે મંદાકિની વહી રહી છે. વર્ષો પહેલાં અહીં પહેલી વાર આવ્યા ત્યારે અમે ગુપ્તકાશીથી ઉખીમઠ ચાલીને ગયા હતા તે પ્રસંગની યાદ તાજી થઈ. કેટલું ઉતરાણ અને પછી કેટલું ચઢાણ ! બાપ રે ! એટલો પરસેવો વળ્યો હતો કે અંદરનાં કપડાં નિચોવતાં એક મોટો લોટો પરસેવાથી છલકાઈ ગયો હતો ! પણ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. હવે તો પુલો બન્યા છે, પાકા રસ્તા બન્યા છે અને વાહનોની ભરમાર ઊભી થઈ છે.

અમારે હવે કાલીમઠ અને ત્યાંથી કાલીશિલાની યાત્રા માટે જવું છે. ગુપ્તકાશીથી કુંડ તરફ જતાં રસ્તામાંથી એક રસ્તો ફૂટે છે. આ રસ્તો કાલીમઠ જવાનો રસ્તો છે. અહીંથી કાલીમઠ ૯ કિ.મી. છે અને આ માર્ગનું નામ 'હંસદેવ માર્ગ' છે. અમારા ડ્રાઈવર શર્માજીએ મોટર આ હંસદેવ માર્ગ પર વાળી.

રસ્તો મહદંશે નદીકિનારે જ છે. પ્રારંભમાં મંદાકિનીના કિનારે અને સંગમ પછી કાલીગંગાના કિનારે કિનારે આગળ ચાલે છે. બંને બાજુ ગાઢ અરણ્ય છે. નવરાત્રિ અને દિવાળી વચ્ચેનો આ સમયગાળો છે. નગાધિરાજ હિમાલયની વનશ્રી પુરબહારમાં ખીલી છે. આ સૌંદર્યનું પાન કરતાં-કરતાં અમે આગળ વધીએ છીએ. વચ્ચેવચ્ચે અમે કાલીગંગાના પ્રવાહનું દર્શન અને કાલીગંગાના નાદનું શ્રવણ પણ કરીએ છીએ. મંદાકિની કેદારનાથથી શિવજીનો સંદેશો લઈને આવે છે અને કાલીગંગા આ કાલી-વેલીમાંથી કાલીમાતાનો સંદેશો લઈને આવે છે. બંનેનું અહીં રસ્તામાં મિલન થાય છે. જાણે શિવ-શક્તિનું મિલન ! આ સંગમસ્થાનને સ્થાનિક લોકો 'સંગમ' તરીકે જ ઓળખે છે.

અમે જે વિસ્તારમાં જઈ રહ્યા છીએ તે વિસ્તારને કાલી-વેલી કહી શકાય. આ વિસ્તારમાં જગદંબાનાં અનેક મંદિરો અને સ્થાનકો છે. આ વિસ્તારની પ્રજામાં કાલીની ઉપાસના વધુ પ્રચલિત હોય તેમ લાગે છે. આ સમગ્ર વિસ્તાર હિમાલયના ખૂબ અંદરના ભાગમાં છે. આજ સુધી આ વિસ્તારના લોકો બહારની દુનિયાથી સાવ અળગા અને અલિપ્ત રહ્યા છે, પરંતુ હવે રસ્તો બન્યો છે, તેથી હવે યાત્રીઓની સંખ્યા વધી છે અને અહીંના લોકોનો બહારની દુનિયા સાથેનો સંપર્ક પણ વધી રહ્યો છે.

અમે બપોરે લગભગ બે વાગ્યે કાલીમઠ પહોંચ્યા. અમારી મોટર રસ્તા પર ઊભી રહી. રસ્તાની બાજુમાં જ પ્રચંડ ગર્જનાઓ કરતી, ઉગ્રસ્વરૂપિણી કાલીગંગા વહી રહી છે. સામા કિનારે કાલીમંદિર અને કાલીમઠની નાની વસાહત છે. વચ્ચે હમણાં બનેલો એક લોખંડનો નવોનકોર પુલ છે. આ પુલ દ્વારા જ સામા કિનારે કાલીમઠ સુધી પહોંચી શકાય છે. કાલીમઠ પહોંચવા માટે એક પગદંડી પણ છે. કેદારનાથથી પાછા ફરતાં ગુપ્તકાશી પહેલાં ઝુરાની નામનું એક સ્થાન છે. તે સ્થાનેથી એક પગદંડી મુખ્ય માર્ગથી છૂટી પડે છે. તે પગદંડી દ્વારા કાલીમઠ પહોંચ્યા હતા. આ પગવાટને માર્ગે જ અમે ઝુરાનીથી કાલીમઠ, રાંસી(રાકેશ્વરી), બંતૌલી થઈને મદમહેશ્વર ગયા હતા અને તે ક્રમે અમારી પંચકેદારની યાત્રા થઈ હતી. વીસ વર્ષ પહેલાં થયેલી આ યાત્રાની ઘટમાળ મારા મનમાં જાગ્રત થઈ રહી છે.

અમે મોટરમાંથી નીચે ઊતર્યા, ત્યાં તો સામેના પહાડના ઢોળાવમાંથી મીઠા આવકારનો એક મધુર નાદ સંભળાયો :

''આવો, આવો ! સ્વામીજી ! કેટલાં વર્ષ પછી આવ્યા ! પણ હું તમને ભૂલ્યો નથી.''

અરે ! આ તો ગહ્વરસિંહ રાણા !

''હા-હા ! બરાબર યાદ છે. હું પણ તમને ભૂલ્યો નથી, રાણાજી ! તમે ગહ્વરસિંહ રાણા જ ને ?''

''હા-હા ! બરાબર ઓળખી ગયા છો !''

રાણાજી સાથે આ અમારી ત્રીજી મુલાકાત છે. આ વિસ્તારમાં પશુબલિ-વિરોધી ઝુંબેશના પ્રણેતા અને આગેવાન છે આ ગહ્વરસિંહ રાણા !

રાણાજી મને મળવા નીચે ઊતરી રહ્યા છે અને હું તેમને મળવા ઉપર ચડી રહ્યો છું. બરાબર અધવચ્ચે અમારી મુલાકાત થઈ. અરે ! આ શું ? રાણાજીની બંને કાખમાં ઘોડીઓ છે અને રાણાજી ઘોડીઓ દ્વારા ચાલી રહ્યા છે ! આ સિંહ જેવો માનવી હવે ઘોડીઓના ટેકે કેમ ચાલે છે ? મારી નજર તેમના પગ પર પડી. તેમનો એક પગ લાકડાનો છે ! મને આઘાત લાગ્યો.

''રાણાજી ! આ શું થયું છે ?''

''સ્વામીજી ! મારો એક પગ કપાવવો પડ્યો છે ! પરંતુ કાંઈ વાંધો નહીં. બીજો પગ તો છે ને ? અને આ બે લાકડાની ઘોડીઓ તો છે જ ! મારું કામ ચાલે છે.''

''પણ પગ કપાવવો કેમ પડ્યો ?''

''જેવી જગદંબાની ઇચ્છા.''

પગ કપાવવો પડ્યો છે, છતાં રાણાજીની સ્વસ્થતા અને ખુમારી એવી જ જ્વલંત છે. વિટંબણાઓ નિર્માલ્ય લોકોને હણી નાખે છે, પરંતુ તે જ વિટંબણાઓ વીરોને વધુ તેજસ્વી બનાવે છે. રાણાજી વીરપુરુષ છે. તેમનો પગ કપાયો છે, પરંતુ પોતે કપાયા નથી.

રાણાજીએ બંને ઘોડીઓ કાખમાં ટેકવીને બંને હાથ જોડીને પ્રણામ-મુદ્રામાં ગોઠવ્યા. તેમનો તેજસ્વી ચહેરો તેવો જ, પહેલાં જેવો જ તેજસ્વી જણાય છે. તેમણે બંને હાથ પ્રણામ-મુદ્રામાં ગોઠવેલા રાખીને મને પ્રાર્થનાભાવે કહ્યું :

''સ્વામીજી ! આ ગરીબની ઝૂંપડીને પાવન કરો ! આપનાં નિવાસ-ભોજનની સર્વ વ્યવસ્થા મારે ઘેર થશે. પધારો !''

મેં તેમને સમજાવ્યા :

''રાણાજી ! અમે સાત જણ છીએ. તેમનાથી છૂટો પડીને હું એકલો આવું તો તે અશિષ્ટ ગણાય અને અમારી ઉતારાની વ્યવસ્થા સત્પાલજી મહારાજની ધર્મશાળામાં ગોઠવાઈ છે તે બરાબર છે.''

''ભલે, મહારાજ ! જેવી આપની ઇચ્છા, પરંતુ મળજો જરૂર !''

''જરૂર-જરૂર મળીશું.''

આમ તેમને સમજાવીને અમે છૂટા પડ્યા.

કોઈની લાગણીનો સ્વીકાર કરી શકાય તેમ ન હોય અને ઇન્કાર જ કરવો પડે તો ભલે ઇક્રાર કરીએ, પરંતુ ઇન્કાર એવી રીતે કરવો જોઈએ કે તેની લાગણીને ઠેસ ન પહોંચે. ઇન્કાર પણ મધુર રીતે કરી શકાય છે. તેમની વિદાય લઈને હું અમારા સાથીમિત્રો પાસે આવ્યો.

સૂર્યાસ્ત થવાને હજુ ત્રણ-ચાર કલાકની વાર છે. આ સમયગાળા દરમિયાન કવિલ્ઠા અને કોટિમહેશ્વરી જઈને રાત પહેલાં આવી શકાય તેમ છે. તદનુસાર અમે સૌ મોટરમાં બેઠા. મોટર ચાલી. આ કાલી-વૅલી બહુ સુંદર છે. આ વૅલી મહાકાલી જેવી નહીં, પરંતુ મહાસરસ્વતી જેવી લાગે છે. બંને બાજુ પહાડો પર ખૂબ વૃક્ષો છે. વચ્ચેવચ્ચે નાનાંનાનાં ખેતરો છે. ક્યાંક-ક્યાંક નાનાંનાનાં પહાડી ઘરો પણ જોવા મળે છે.

કાલીમઠથી કોટિમાહેશ્વરી બહુ દૂર નથી. ૬ કિ.મી. છે. પહાડી રસ્તો છે, પરંતુ રસ્તો સારો છે. અમે નીકળ્યા તેવા જ કોટિમાહેશ્વરી પહોંચ્યા. અહીં મંદિર સુધી મોટર જઈ શકે તેમ નથી. મોટર તો રસ્તા પર ઊભી રહે અને પછી આપણે પગદંડી પર ચાલીને કોટિમાહેશ્વરી મંદિર સુધી પહોંચી શકીએ. મોટર ઊભી રહી તે સ્થાન પર એક નાની પહાડી હોટલ છે. શુકદેવસિંહ અને તેમનાં ધર્મપત્ની અહીં રહે છે. આ પહેલાં અહીં આવ્યા છીએ તેનું સ્મરણ થાય છે.

સામે નદીના પ્રવાહ સામે કોટિમાહેશ્વરી માતાજીનું મંદિર દેખાય છે. અમારે પહાડ ઊતરીને, પગવાટ પર ચાલીને ત્યાં પહોંચવાનું છે. પગવાટ નવેસર પાકી બાંધી છે, તોપણ ક્યાંક-ક્યાંક તૂટીફૂટી પણ છે. અહીં રસ્તા પરથી જ ખીણનો આખો વિસ્તાર જોઈ શકાય છે. ખૂબ નીચે જે મંદિર દૃષ્ટિગોચર થાય છે તે જ તો છે કોટિમાહેશ્વરી માતાનું મંદિર અને ત્યાં સુધી પહોંચતી પહાડી પગવાટ પણ અહીંથી જોઈ શકાય છે. કોટિમાહેશ્વરી મંદિર પાસે બે નદીઓનો

સંગમ પણ જોઈ શકાય છે. મંદાકિની અને સરસ્વતીનું અહીં મિલનસ્થાન છે. આ મંદાકિની પણ કેદારનાથ પાસેથી નીકળે છે. કેદારનાથમાંથી જે નદી નીકળે છે તે તો પ્રધાન કે મૂળ મંદાકિની છે, જે ગૌરીકુંડ, ગુપ્તકાશી, વગેરે સ્થાને થઈને રુદ્રપ્રયાગમાં અલકનંદાને મળે છે. અહીં વહેતી મંદાકિની બીજી મંદાકિની છે, પણ આનું 'મંદાકિની' નામ પણ સાર્થક છે, કારણ કે આ મંદાકિની પણ કેદારનાથના પહાડની બીજી બાજુથી પણ તે જ વિસ્તારમાંથી નીકળે છે. અહીં આ બંને નદીઓ-મંદાકિની અને સરસ્વતીનો સંગમ થાય છે, પછી તેનું નામ સરસ્વતી બને છે. અહીંથી આગળ જતાં કવિલ્ઠા પાસે તો તે સરસ્વતી જ કહેવાય ને ! મહાકવિ કાલિદાસનું જન્મસ્થાન ! આગળ જતાં કાલીમઠથી તે કાલીગંગા નામ ધારણ કરે છે અને આખરે કેદારનાથથી આવતી મુખ્ય મંદાકિનીને મળે છે. આમ આખરે બંને મંદાકિનીઓ એકરૂપ અને એકનામ બને છે. હિમાલયમાં એવાં અનેક દૃષ્ટાંતો છે કે એક જ નદી જુદાજુદા વિસ્તારમાં જુદાજુદા નામે ઓળખાય છે. નેપાલની ભારત સાથેની પશ્ચિમ સરહદરૂપે વહેતી કાલીગંગા ટનકપુરથી શારદા નામ ધારણ કરે જ છે ને !

અમે અડધા રસ્તે પહોંચ્યા અને અમે જોયું કે નીચે નદીકિનારે ભારે મોટું ખોદકામ ચાલી રહ્યું છે. નવાં મકાનો બની રહ્યાં છે. અનેક મોટાં વાહનો પડ્યાં છે. આ બધું શું છે ? સમજાયું ! અહીં આ જલપ્રવાહમાંથી વીજળી ઉત્પન્ન કરવા માટે એક પાવર પ્રોજેક્ટ બની રહ્યો છે. આપણને ખાનાખરાબી લાગે તેવું અને તેટલું ખોદકામ ચાલી રહ્યું છે. મેદાનમાં વસતા લોકોની વીજળીની ભૂખ સંતોષવા માટે હિમાલયની આ નદીઓ પર અગણિત સ્થાને આવા નાનામોટા પાવર પ્રોજેક્ટ બન્યા છે અને બની રહ્યા છે. હિમાલયમાં ભારે મોટા પાયા પર આ ખોદકામ ચાલી રહ્યું છે. માટીપગા આ માનવો આ ધરતીને, આ પહાડોને, આ નદીઓને જાણે ચીરી રહ્યા છે. આ માટીપગા માનવી આ પૃથ્વીમાતાને રગદોળી રહ્યા છે ! સાવધાન ! માનવીની આ ક્રૂરતા ધરતીમાતા બહુ સહન નહીં કરે ! ધરતીમાતા સહનશીલ ગણાય છે, પરંતુ તેની સહનશીલતાની પણ એક હદ હોય છે.

આખરે અમે નદીકિનારે પહોંચ્યા અને સંગમસ્થાન પર ગયા. અહીં બે દેવસ્થાન છે. એક નદીના પ્રવાહમાં ઋક્ષ મહાદેવ અને એક નદીના કિનારે મંદિરમાં કોટિમાહેશ્વરીદેવી. નદીના પ્રવાહમાં એક વિશાળ કદનું શિવલિંગ છે. તે સ્વરૂપની જ અહીં નિત્ય પૂજા થાય છે. આ કોઈએ ઘડીને બેસાડેલું શિવલિંગ નથી, આ તો પ્રાકૃતિક રીતે જ અહીં અવસ્થિત છે. આ શિવલિંગનો આકાર વિશાળ કદના રીંછ જેવો છે અને વર્ણ બાજુના અન્ય પથ્થરો કરતાં જુદો, કાંઈક ઓછો લાલ છે, તેથી જ કદાચ તેને 'ઋક્ષ મહાદેવ' નામ આપવામાં આવ્યું હશે. 'સદ્યોજાત'-મંત્રોથી દર્શન-પૂજન કરીને અમે કોટિમાહેશ્વરીમાતાના મંદિરમાં ગયા.

દેવાસુરસંગ્રામ વખતે અસુરોના સંહાર માટે જગદંબા અગણિત સ્વરૂપે પ્રગટ થયાં એવી કથા 'દુર્ગાસપ્તશતી'માં છે. જગદંબાએ આ સ્થાને કોટ્યધિક સ્વરૂપો ધારણ કર્યાં, તેથી આ સ્થાનને 'કોટિમાહેશ્વરી' કહેવામાં આવે છે. અમે દર્શન અને શ્રીસૂક્તનો પાઠ કર્યો. અહીં દેવીનું જીવંત સ્વરૂપ અનુભવાય છે. સ્થળનું વાતાવરણ સાચે જ દૈવી છે. આ દૈવી વાતાવરણને આ પાવર પ્રોજેક્ટવાળા ટકવા દેશે ?

અમે દર્શન-પાઠ કરીને મંદિરની બહાર આવ્યા. મંદિરથી થોડા ઉપરના ભાગે એક મકાન છે. આશ્રમ છે તેવું જણાય છે. અમે ત્યાં ગયા. એક સંન્યાસિની માતાજી બહાર આવ્યાં. સ્નેહથી અને સ્મિતપૂર્વક તેમણે અમારું સ્વાગત કર્યું, પ્રસાદ આપ્યો અને સૌને એકએક રુદ્રાક્ષ પણ આપ્યો. આશ્રમની બાજુમાં જ રુદ્રાક્ષનું એક મોટું વૃક્ષ પણ જોયું. માતાજીની બાજુમાં જ એક આઠેક વર્ષની નાની કન્યા ઊભી છે. સંન્યાસિની સાથે આટલી નાની બાલિકા ! કેવી રીતે ? જાણે અમારા મૂક પ્રશ્નને સમજી ગયાં હોય તેમ માતાજી બોલ્યાં :

''આ બાલિકા મને ભેટ મળી છે !''

બાલિકાની ભેટ ! અમને આશ્ચર્ય થયું. અમારા આશ્ચર્યને પણ તેઓ જાણે સમજી ગયાં. તેમણે અમને સમજાવ્યું : ''બાજુના ગામમાં એક ભક્ત-પરિવાર છે. તેમને ચાર પુત્રીઓ પણ પુત્ર નહીં. તેમણે મને કહ્યું :

'માતાજી ! ચાર દીકરીઓ છે, પણ એકેય દીકરો નથી.'

'દીકરો આવે તો એક દીકરી મને આપશો ?'

'જરૂર !'

'મેં તો મજાકમાં કહ્યું હતું, પરંતુ દીકરો આવ્યો અને પછી તરત માતાપિતા આ દીકરીને અહીં મૂકી ગયાં છે !'

દીકરી મરકમરક હસી રહી છે - જાણે હાસ્ય દ્વારા પોતાની સંમતિ દર્શાવી રહી છે !

માતાજીએ આગળ ચલાવ્યું :

''હું આને માતાપિતા પાસે ઘેર જવા કહું છું, પણ જતી જ નથી. અહીં બરાબર ચીટકી ગઈ છે !''

હવે મારી અંદર બેઠેલો શિક્ષક સળવળવા લાગ્યો. હું તેને કહું છું : ''તું ચૂપ બેસ !'' પણ તે દાબ્યો દબાતો નથી. તે બોલી જ ઊઠ્યો :

''આ બાલિકાને ભણાવો છો ?''

''કેમ નહીં ? ભણે જ છે અને અવશ્ય ભણશે. જુઓ ! સામેના પહાડ પર ગામ છે - કોટિમા. ત્યાં સુંદર શાળા છે. આ ત્યાં ભણવા જાય છે.''

બાલિકાના ચહેરા પરનું હાસ્ય સમાતું નથી.

માતાજીની રજા લઈને અમે આગળ ચાલ્યા. પહાડ ચડીને રસ્તા પર પહોંચ્યા. મોટરમાં બેસીને કવિલ્ઠા પહોંચ્યા. કવિલ્ઠા - મહાકવિ કાલિદાસનું જન્મસ્થાન ! અમારી મોટર ઊભી રહી. અમે નીચે ઊતરીને આગળ ચાલ્યા. થોડાં પગથિયાં ચડીને મહાકવિ કાલિદાસ સ્મૃતિમંદિર સુધી પહોંચી શકાય છે. અમે પગથિયાં ચડી રહ્યા છીએ. અમારી સાથે એક કન્યા પણ પગથિયાં ચડી રહી છે. આ કન્યાની પીઠ પર ઘાસનો એક નાનો ભારો છે. વિસામો ખાવા માટે ભારાને બાજુની દીવાલ પર ટેકવીને તે ઊભી રહી. અમે તેને પૂછ્યું :

''બેટા ! તારું નામ શું ?''

કન્યા શરમાઈ ગઈ. મોઢા પર સ્મિત પણ માથું નીચે - જાણે લજામણીનો છોડ ! અમે ત્રણ-ચાર વાર પૂછ્યું, પણ બોલે તે બીજા. મોઢા પર સ્મિત અને શરમના શેરડા ! અમે આગળ ચાલ્યા. આખરે એક વિશાળ સભાખંડ પાસે પહોંચ્યા, પણ ખંડને તાળું મારેલું છે. બાજુમાં જ મહાકવિ કાલિદાસ સ્મૃતિમંદિર છે, પણ તે સ્થાન પણ બંધ છે. શું કરવું ? બીજી એક મોટી કન્યા પીઠ પર ભારો લઈને જતી હતી. અમે તેને કહ્યું :

''આ સભાખંડ અને સ્મૃતિમંદિરની ચાવી મળી શકશે ? ચાવી કોની પાસે રહે છે ?'' આ કન્યા લજામણીના છોડ જેવી નહીં, પરંતુ પીપળાના પાન જેવી નીકળી - પીપળાના પાન જેવી ચળકતી ! તેણે ઉત્તર આપ્યો :

''ચાવી હું હમણાં મોકલું છું. દરમિયાન આપ આ યક્ષમંદિર જોઈ લો.''

અમે આગળ ચાલ્યા. એક નાનો ટેકરો છે. આ ટેકરો એક વિશાળ પ્રસ્તરખંડનો બનેલો છે. તેના ઉપર મધ્યભાગે એક વિશાળ વૃક્ષ છે. વૃક્ષની નીચે નાનું મંદિર છે. અમે ઉપર ગયા. દર્શન કર્યાં. કાલિદાસની કૃતિઓમાં જે યક્ષસ્થાનના ઉલ્લેખ આવે છે તે જ આ યક્ષસ્થાન છે તેમ આ ગામના સુજ્ઞ નાગરિકો માને છે. અહીં બીજાં મંદિરો પણ છે.

આ ગામમાં શિક્ષણનું પ્રમાણ અને ધોરણ ખૂબ ઊંચું છે. ગામમાં લગભગ કોઈ અભણ નથી. કન્યાકેળવણી પણ ખૂબ છે. અહીંના લોકો ગૌરવપૂર્વક કહે છે :

''યહ મહાકવિ કાલિદાસ કી જન્મભૂમિ હૈ. યહાં કોઈ અનપઢ નહીં રહેગા.''

સભાખંડ અને સ્મૃતિમંદિરની ચાવી લેવા ગયેલી કન્યા ચાવી લઈને ઝડપથી પાછી આવી. તેની પાછળપાછળ એક સજ્જન પણ ઝડપથી પગલાં ભરતાં-ભરતાં આવી રહ્યા છે. અમે અન્યોન્ય નમસ્કાર કર્યા.

સભાખંડમાં પ્રવેશ કર્યો. અહીં આ સભાખંડમાં દર વર્ષે જૂન મહિનાની તા. ૧૫, ૧૬ અને ૧૭ એમ ત્રણ દિવસ દરમિયાન કાલિદાસ-મહોત્સવ થાય છે. આ દિવસોમાં ભારતભરમાંથી વિદ્વાનો આવે છે, સંશોધનપત્રો વંચાય છે અને વ્યાખ્યાનો થાય છે. આગામી મહોત્સવમાં સંમિલિત થવાનું અમને પણ નિમંત્રણ મળ્યું.

અમે કાલિદાસ સ્મૃતિ મંદિરમાં પ્રવેશ કર્યો. અહીં કાલિદાસની આરસની સુંદર મૂર્તિ પ્રસ્થાપિત થઈ છે. ભારતના કવિઓના શિરતાજ કાલિદાસ અહીં પ્રગટ્યા છે અને બિરાજમાન છે !

અમારા આગમનના સમાચાર જાણીને આ નાના ગામના બીજા પણ થોડા મહાનુભાવો આવી ગયા. અમે

સૌ સભાખંડની બહાર પગથિયાં પર બેઠા. સામે હરિયાળા પહાડો, નાનાંનાનાં ગામડાંઓ, નાનાંનાનાં ખેતરો અને નીચે સરસ્વતીગંગા દેખાય છે.

અમારી મંડળીના કવિલ્ઠાના જે પ્રધાન મહાશય છે તેઓ સંસ્કૃતના વિદ્વાન છે અને એક સંસ્કૃત કૉલેજમાં પ્રાધ્યાપક છે. અહીં આ પોતાની જન્મભૂમિમાં અવારનવાર આવતા રહે છે. અમારી વચ્ચે કવિલ્ઠા, કાલિદાસ, આ વિસ્તારની સંસ્કૃતિ, લોકો અને ઇતિહાસ વિશે ખૂબ વાત થઈ. આખરે મેં તેમને પ્રશ્ન પૂછ્યો :

''આ કવિલ્ઠા જ મહાકવિ કાલીદાસનું જન્મસ્થાન છે તેમ કેવી રીતે નિર્ધારિત થયું ?''

તેમનો ઉત્તર ત્વરિત અને સ્પષ્ટ હતો :

''આ 'કવિલ્ઠા' શબ્દ 'કવિસ્થાન' પરથી બન્યો છે. કાલિદાસજીએ અહીં નીચે કાલીમઠમાં જ ભગવતી મહાસરસ્વતીની ઉપાસના કરી હતી અને તદનુસાર 'કાલિદાસ' નામ પામ્યા હતા. કાલિદાસના 'મેઘદૂત' આદિ ગ્રંથોમાં હિમાલયનાં કેટલાંક સ્થાનોના જે ઉલ્લેખો થયા છે તે સ્થાનો અહીં આ વિસ્તારમાં જ છે. આ ગામના લોકોની પરંપરાગત સ્મૃતિ પણ આમ જ કહે છે. આ બધા આધારો પરથી નિર્ધારિત થાય છે કે આ કવિલ્ઠા જ મહાકવિ કાલિદાસનું જન્મસ્થાન છે.''

આમ વાતો તો સરસ ચાલતી હતી, પરંતુ હવે સૂર્યાસ્ત પણ થયો છે અને અમારે કાલીમઠ પહોંચવાનું છે. સૌનો આભાર માની અમે નીકળ્યા.

પગથિયા પર તે જ પેલી લજામણીના છોડ જેવી શરમાળ કન્યા પીઠ પર ભારો ટેકવીને ઊભી હતી. આ તેનો ચોથો ફેરો છે !

અમે પૂછ્યું : ''શું નામ ?''

મહામહેનતે ઉત્તર મળ્યો : ''મનીષા.''

અમે આગળ ચાલ્યા. કાલીમઠ પહોંચ્યા. સત્પાલજી મહારાજની શ્રીહંસ ધર્મશાળામાં ઉતારો થયો. જગદંબા મહાકાલી, મહાસરસ્વતી અને મહાલક્ષ્મીનાં દર્શન પામ્યાં, પાઠ પણ થયા. એક ઘરગથ્થુ નાના ભોજનગૃહમાં ભોજન પામ્યા અને પછી 'નિદ્રા સમાધિસ્થિતિઃ'

કાલીમઠની અમારી આ ત્રીજી યાત્રા છે, પરંતુ કાલીશિલા અમે કદી ગયા નથી. આ વખતે અમારે કાલીશિલા જવું છે. આ વખતે તો કાલીશિલા જવા માટે જ અમે અહીં આવ્યા છીએ. અમારી મંડળીના કોઈની કાલીશિલા આવવાની હિંમત ચાલતી નથી. કાલીશિલા ઘણું દુર્ગમ તીર્થ છે, રસ્તો ખૂબ કઠિન અને આકરી ચઢાઈનો છે – આવું ઘણુંઘણું કાલીશિલા વિશે સાંભળ્યું છે. આમાં કાલીશિલા જવાની હિંમત કરે કોણ ? મારે તો આ વખતે કાલીશિલા જવું જ છે ! સાથે કોઈ આવે છે ? આખરે અમારી મંડળીના સૌથી નાની વયના સભ્ય વાસુદેવભાઈ મારી સાથે આવવા તૈયાર થયા છે. શ્રીહંસ ધર્મશાળાના મૅનેજર દ્વારા બે ઘોડાની વ્યવસ્થા પણ થઈ ગઈ. તદનુસાર બીજા દિવસે સવારે ૭-૦૦ વાગ્યે અમે તૈયાર થઈ ગયા. ઘોડાવાળા પણ આવી ગયા અને વર્ષોથી મુલતવી રાખેલી અમારી કાલીશિલાની યાત્રાનો પ્રારંભ થયો.

રસ્તાની જમણી બાજુથી એક પહાડી પગદંડી ઉપરની દિશામાં જાય છે. આ જ છે કાલીશિલા માટેની પગદંડી. પ્રારંભમાં જ છે હનુમાનજી મહારાજનું મંદિર. જાણે મહાકાલીના દ્વારપાલ ! અમે હનુમાનજી મહારાજને પ્રણામ કરીને આગળ ચાલ્યા. અમારા જૂના મિત્ર ગહ્વરસિંહજીનું મકાન પણ આ જ પગદંડીના પ્રારંભ-સ્થાન પર જ છે. સવારના પહોરમાં હજુ તેઓ પ્રાતઃકર્મોથી પરવાર્યા નહીં હોય તેમ માનીને અમે તેમને ખલેલ પહોંચાડ્યા વિના જ આગળ ચાલ્યા. રસ્તો પ્રારંભથી આકરી ચડાઈનો છે. પહાડી ભાષામાં આવી ચઢાઈને 'ખડી ચઢાઈ' કહેવામાં આવે છે.

રસ્તો માત્ર 'ખડી ચડાઈ'નો જ નથી, જોખમી ચડાઈનો પણ છે જ ! આ તો મહાકાલીના સ્થાનનો માર્ગ છે. થોડો ઉગ્ર તો હોય જ ને !

મારી હંમેશની ટેવ પ્રમાણે હું આજુબાજુના પહાડોનું સૌંદર્ય માણવા માટે આજુબાજુ નજર નાખતો રહું છું. મારા ઘોડાનો માલિક અને ચાલક કુલદીપસિંહ રાણા છે. આ રાણાજી મને ટોકે છે :

''મહારાજ ! તમે આડુંઅવળું જોશો નહીં, નહીં તો ચક્કર આવી જશે ! માત્ર સામે જ નજર રાખો.''

થોડી વાર અટકીને આગળ બોલે છે :

''આ રસ્તો બહુ ખતરનાક છે. આપણે સાવધાન

રહેવાનું છે.''

આ બિચારાને ખબર નથી કે કોઈની સલાહ માનીને તદનુસાર જીવનાર ડાહ્યાડમરા તો અમે છીએ જ નહીં અને તેવા બની શકીએ તેમ પણ નથી.

રાણાજી સમજી ગયા કે આ સાધુને બહુ વતાવવા જેવું નથી !

અમારી યાત્રા આગળ ચાલી.

કાલીમઠથી કાલીશિલા ૬ કિ.મી. દૂર છે. બરાબર અડધે રસ્તે 'બ્યુખી' નામનું એક નાનું ગામ આવ્યું. આવા રસ્તે આવા સ્થાને ગામડું-માનવ-વસાહત ! આ માનવો કોઈ પણ સ્થાને વસાહત બનાવી શકે છે. હવે ચંદ્ર પર વસાહત બનાવે તો નવાઈ ન પામશો ! કાલીમઠથી કાલીશિલાનું આ ૬ કિ.મી.નું અંતર ૬૦ કિ.મી. જેવું છે અને તેવી ચડાઈ પર અધવચ્ચે અહીં ગામડું છે અને તેમાં માનવો - હા, કાળા માથાના માનવો વસે છે. આજુબાજુના પહાડોમાં અપરંપાર નાનાંનાનાં ખેતરો છે. તેમાં અનાજ પકવે છે - મંડવા, ઘઉં અને ચોખા. પ્રત્યેક ખેડૂત બે નાના પહાડી બળદો રાખે છે. પ્રત્યેક પરિવાર પાસે બેએક નાની પહાડી ગાય છે. દૂધ-ઘી મળી જાય છે. ઘેટાં-બકરાં પણ હોય છે. ઊન મળી રહે છે. શિયાળામાં બરફ પડે પછી પ્રત્યેક ઘરમાં કાંતણ-વણાટ ચાલે છે. પોતાના પરિવાર માટે આવશ્યક વસ્ત્રો તૈયાર થઈ જાય છે. પ્રત્યેક ઘરની પાસે થોડીઘણી જમીન હોય છે. તસુએ તસુ જમીનનો ઉપયોગ કરીને ફળ, ફૂલ અને શાકભાજી ઉગાડેલાં છે. સૌ સંપીને રહે છે, એકબીજાને મદદ કરે છે. વિનોબાજી અહીં આવ્યા હોત તો ભૂદાન-ગ્રામદાન વિના જ 'ગ્રામસ્વરાજય'નું પ્રમાણપત્ર આપીને આગળ ચાલ્યા હોત !

અમારી પગદંડી ગામની વચ્ચેથી જ પસાર થાય છે. કોઈક-કોઈક ઘરોમાં બહેનો-બાળકો કાંઈક-કાંઈક કામ કરી રહેલાં જોવા મળે છે. બાળકો બહુ શરમાળ. મોટા ભાગે નીચું જોઈ જાય છે. કોઈક બહેન 'નમસ્તે' કહીને અભિવાદન કરે છે, અન્યથા ચૂપ!

અમે ગામને પસાર કરીને આગળ ચાલ્યા. બ્યુખી ગામ પછીની ચડાઈ તો જાણે કાબુલની લડાઈ ! પથ્થરો ગોઠવીને આ નાની પહાડી પગદંડી રચવામાં આવી છે. ઘોડાનો પગ થોડો લપસે તો ? રામ બોલો, ભાઈ, રામ ! પગદંડી સતત વાંકીચૂકી જ છે, પણ તોયે અમે ઊંચે ને ઊંચે ચડતા રહીએ છીએ. આખરે રસ્તો ખૂટશે, અમે ખૂટવાના નથી !

મૂળ પગદંડી છોડીને અમે બાજુની એક નાની પગદંડી પર ચાલવા મંડ્યા. કેમ ? ઉત્તર મળ્યો :

''આગળ એક મોટું વૃક્ષ પડ્યું છે અને રસ્તો બંધ છે તેથી. આ તો ડાઈવર્ઝન જ છે તેમ સમજો !''

અમે આગળ ને આગળ ઉપર ને ઉપર ચાલતા જ રહ્યા અને આખરે રસ્તો ખૂટ્યો ! આખરે તો રસ્તો જ ખૂટે ને ! માનવી થોડા ખૂટી જાય ?

અમે એક એવા સ્થાને પહોંચ્યા જે સ્થાન ઘણું વિશિષ્ટ છે. કાલીશિલા માટે તો હજુ થોડી ચડાઈ બાકી છે, પરંતુ અમે હવે લગભગ પહોંચી ગયા તેમ ગણાય. અમે જે સ્થાન પર પહોંચ્યા ત્યાંથી દૂરદૂરના અપરંપાર પહાડો, અનેક રસ્તાઓ અને અનેક ગામડાં એક જ સ્થાનેથી જોઈ શકાય છે. અહીંથી કેદારનાથનો માર્ગ જોઈ શકાય છે. અહીંથી કાલીમઠ અને કોટિમાહેશ્વરીનો માર્ગ પણ જોઈ શકાય છે. અહીંથી મદમહેશ્વરનો માર્ગ પણ જોઈ શકાય છે. અમે આંખો ભરીને, પેટ ભરીને, મન ભરીને આ હિમગિરિમાળાનાં દર્શન કર્યાં.

અહીંથી કાલીમઠનાં દર્શન થાય છે - સ્પષ્ટ દર્શન થાય છે. સાવ નજીક લાગે છે, પરંતુ કેટલું નીચે ! જાણે કૂવાના કિનારે ઊભા રહીને કૂવામાં ડોકિયું કરતા હોઈએ તેમ લાગે છે.

અમે હિમાલયની અપરંપાર યાત્રાઓ કરી છે, બહુ વિકટ અને આકરી ચડાઈઓ ચડ્યા છીએ, કૈલાસની પરિક્રમા કરી છે અને દોલ્મા-પાસની ચડાઈ ચડ્યા છીએ, પંચકેદારની યાત્રા કરી છે અને રુદ્રનાથની ચડાઈ ચડ્યા છીએ, તુંગનાથની ચડાઈ ચડ્યા છીએ. આ કાલીશિલાની ચડાઈ સૌથી વધુ આકરી - સૌથી વધુ કઠિન ચડાઈ લાગી છે.

●---------●●●--------●●●---------●

સરસ્વતી નિકેતન આશ્રમ, કુમાર છાત્રાલય પાસે,
જોધપર(નદી), વાયા-મોરબી, ૩૬૩૬૪૨,
ફોન ૦૨૮૨૨-૨૯૨૬૮૮

## (૦૨) સર્જનાત્મકતાના ભોગે કેળવણી શી કામની ?

- વિશાલ ભાદાણી

લીવરપૂલ, યુકેમાં જન્મેલા સર કેન રોબીન્સન દુનિયાભરમાં સરકારોને, શૈક્ષણિક સંસ્થાઓને, આંતરરાષ્ટ્રીય વ્યાપારી અને બિન-વ્યાપારી સંસ્થાઓને એક જ વસ્તુ શીખવી રહ્યા છે – સર્જનાત્મકતા ! ૧૯૯૯માં યુ.કે. સરકારના સર્જનાત્મકતા, શિક્ષણ, અને અર્થતંત્ર સમિતિના અધ્યક્ષ તરીકે ફરજ બજાવીને તેઓએ All Our Futures: Creativity, Culture and Education નામનો વિસ્તૃત અહેવાલ પ્રકાશિત કાર્યો છે જે 'ધ રૉબીન્સન રીપોર્ટ' તરીકે જાણીતો છે. આ વિષયમાં જેને રસ પડે એમણે આ રીપોર્ટ અચૂક વાંચવો જોઈએ (ઓનલાઈન PDF ફોર્મેટમાં ઉપલબ્ધ – ફ્રી). એમનું પુસ્તક The Element: How Finding Your Passion Changes Everything દુનિયાની ૨૩ ભાષામાં અનુવાદિત થયું છે. તદુપરાંત તેમના સૌથી જાણીતા પુસ્તક Out of Our Minds: Learning to be Creativeની દસમી આવૃત્તિ ૨૦૧૧માં પ્રકાશિત થઈ છે. એમનું હમણાનું પુસ્તક Creative Schools: The Grassroots Revolution That's Transforming Education ખૂબ જ ચર્ચામાં રહ્યું. તેઓને ૨૦૦૩માં ક્વીન ઍલીઝાબેથ દ્વારા તેમના કલા ક્ષેત્રના પ્રદાન માટે 'નાઈટહૂડ' સન્માન પ્રાપ્ત થયેલ છે. આ સિવાય એમને મળેલા ઍવૉર્ડ્ઝ અને મેડલ્સની યાદી ઘણી લાંબી છે. પરંતુ એક સન્માન ખૂબ જ મજાનું છે; આપણે સૌએ ડૉક્ટર ઓફ ફિલૉસૉફી સાંભળ્યું છે પણ બર્મિંગહામ યુનિવર્સિટીએ એમને 'ડૉક્ટર ઓફ યુનિવર્સિટી'નો ખિતાબ આપ્યો છે ! આ માણસ અને એનું કામ કેવું અનોખું છે એ એમના આ વ્યાખ્યાનના વિષય અને વિવરણ પરથી ખ્યાલ આવશે.

TED કૉન્ફરન્સ ૧૯૮૪થી દુનિયાભરમાં ઉત્તમ વિચારો વહેંચવાનું કામ કરે છે. સર કેન રોબીન્સને વર્ષ ૨૦૦૬ની TED કૉન્ફરન્સમાં 'Do schools kill creativity ?' વિષય પર ૧૯ મિનિટનું એક વ્યાખ્યાન આપ્યું. આજે આપણે આ નાનકડા વ્યાખ્યાનના મોટા વિષય વિશે થોડી વાતો કરીશું. આ વ્યાખ્યાન ૧૬૦ દેશના લગભગ ૩૬ કરોડ લોકોએ જોયું, બોલો ! આ આંકડો ઘણું બધું દર્શાવે છે. સૌ પ્રથમ તો એ કે એની વાત આપણા સૌને કોઈને કોઈ રીતે સ્પર્શે છે. બીજું એ કે આ ત્યારે ફિનલેન્ડથી લઈને ફતેહપુર સુધી આખી દુનિયા શિક્ષણમાં પરિવર્તન ઈચ્છે છે ત્યારે રોબીન્સનની વાત વધુ પ્રસ્તુત છે અને ત્રીજું કે એની રજૂઆત શૈલી ખૂબ જ મજાની છે. તમે જો અંગ્રેજી જાણતા હો તો અને એમનું સેન્સ ઓફ હ્યુમર માણવું હોય તો તેમનાં આ વ્યાખ્યાનો ted.com પર અચૂક જોવાં. આ ડોસો હસાવી હસાવીને ગંભીર ઘૂંટડા ઉતારવામાં માહેર છે.

Do schools kill creativity ? – શું શાળાઓ સર્જનાત્મકતા ખતમ કરી નાખે છે ? આપણે જરા એને વિગતે જોઈએ અને પછી નક્કી કરીએ. અહીંયા શાળા એટલે આપણી યુનિવર્સિટી પણ આવી જાય. સાચું ને ? આ શીર્ષક જ આઘાત આપે એવું છે. પણ, કમનસીબે શીર્ષકમાં પુછાયેલા પ્રશ્નનો જવાબ વત્તે-ઓછે 'હા' જ આવે છે. એ એટલા માટે કે દુનિયામાં સર્જનાત્મકતાની ખૂબ જ જરૂર છે. જો એ શાળામાં જ મરી જશે તો એના વિકલ્પ જે આવશે એ હશે 'વિધ્વંશક વૃત્તિ'. સર્જનાત્મકતા આપણને વધુ માણસ બનાવે છે; સમાજમાં સારપ રેલાવે છે અને જગતમાં રચનાત્મક ઊર્જાનો સંચાર કરે છે. કદાચ એટલે જ ગાંધીજીએ રચનાત્મક કાર્યો પર ભાર મૂક્યો હશે. આ વ્યાખ્યાનમાં સર કેન રોબીન્સન શરૂઆતમાં જ જણાવે છે કે 'આજે શિક્ષણમાં સર્જનાત્મકતાનું મહત્ત્વ સાક્ષરતા જેટલું જ છે અને આપણે સર્જનાત્મકતાને એવી જ રીતે ગણવી જોઈએ.' આ વિધાન સાંભળતાં જ આપણને આપણી શિક્ષણ વ્યવસ્થા યાદ આવી જાય. જેને સર્જનાત્મકતાની તાકાત ખબર હોય એવા માણસને તો કદાચ એકાદ આંસુ પણ આવી શકે. શું આપણે સર્જનાત્મકતાને સાક્ષરતા જેટલી સહેલી બનાવીને ભણાવી ન શકીએ ? પણ, એક મિનિટ, માની લો કે કોઈ

કમિટિ આ કામ કરી પણ આપે તો પણ ચિંતાજનક પ્રશ્ન તો એ છે કે સર્જનાત્મકતા કોણ ભણાવી શકે ? બીબાઢાળ માસ્તરનું આ કામ નથી, બાપા ! આના માટે માથા ફરેલાં અને કરચલા જેમ ત્રાંસા ચાલનારા ભાયડા-ભાયડીઓ જોઈએ ! આપણા સમાજના ગજવામાં આવા કરચલા કેટલા છે ? એમને ક્યારે કામે લગાડવાના છે ? સાક્ષરતા અભિયાનની સાથોસાથ સર્જનાત્મકતા-અભિયાન પણ ચલાવીએ તો કેવી મજા પડે !

આગળ જતાં સર કેન રોબીન્સન આપણી કેળવણી પ્રક્રિયાની સૌથી મોટી અને દુઃખતી નસ પર હાથ મૂકતા જણાવે છે કે 'જો તમે ભૂલ કરવા માટે તૈયાર ન હો તો તમે ક્યારેય મૌલિક કે સર્જનાત્મક બની શકો નહીં. બાળકો જેમ જેમ મોટાં થતાં જાય છે તેમ તેમ તેઓ ભૂલ કરવા માટેની તૈયારી ગુમાવી દે છે. અને આપણે ભૂલોને વખોડીએ છીએ ! આપણા હાલના શૈક્ષણિક કાર્યક્રમો એવા છે કે જેમાં ભૂલોને સૌથી ખરાબ વસ્તુ ગણવામાં આવે છે. પરિણામે, આપણે એવું શિક્ષણ આપીએ છીએ જેમાં લોકો ધીમે ધીમે પોતાની સર્જનાત્મકતા ભૂલી જાય છે.' હવે વિચારો કે આપણી શાળાઓમાં જે પ્રકારની સજાઓ અપાય છે એના કારણોમાં ક્યાંક 'ભૂલ' વિશેની આપણી ભૂલભરેલી સમજણ તો નહીં હોય ને ? ચાલો ટ્રાય કરીએ, ભૂલની વ્યાખ્યા લખો. બોલો, ભૂલ કોને કહેવાય ? કદાચ આપણે શિક્ષણના સંદર્ભમાં ભગવદ્ગોમંડલમાં ભૂલની પાંચમાં નંબરની વ્યાખ્યા (ભૂલ = ગુનો, અપરાધ, દોષ) સામુહિક રીતે પી ગયા છીએ એટલે આપણને 'ભૂલ'ની સાથે તરત જ 'સજા' યાદ આવે છે. પણ એ જ ભગવદ્ગોમંડલમાં આપેલી છઠ્ઠા નંબરની વ્યાખ્યા પણ જોઈ લેવા જેવી છેઃ ભૂલ=ગેરસમજ ! હવે થોડું માથું ખજવાળીએ તો સમજાશે કે ગેરસમજની કંઈ સજા ન હોય; મારાં બાપા, એને તો સાચી સમજણમાં ફેરવવાની હોય ! તો બાળકમાં, શિક્ષકમાં, શાળામાં અને શૈક્ષણિક પદ્ધતિમાં સર્જનાત્મકતા વિકસે. હું શું કે'તો તો, ચાલોને આપણે ભૂલોને સ્વીકારવાનો એકાદો કોર્સ ઘડીએ ! અથવા દેશી-હિસાબમાં 'ભ' ની સામે ભમરડો ભૂંસીને 'ભૂલ' લખીએ તો આભ ફાટી પડશે ? આજે પણ એવા અઢળક શિક્ષકો વિચરે છે જે વ્યક્તિગત રીતે તો એવું જ માને છે કે બાળકો માર વગર 'સીધા' ના થાય. એ લોકો સીસીટીવી કેમેરાને માત આપીને પોતાની હિંસાત્મક માન્યતાના પ્રેક્ટિકલ કરે છે. હે પ્રભુ ! સપનામાં આવીને યોગ્ય દિશા બતાવવાની તમારી સ્કીમ હજુ શરૂ હોય તો મારા આવા મિત્રોને લાભ આપો એવી અરજ છે, મારા વ્હાલા ! શાળા-યુનિવર્સિટીમાં ભણતા વિદ્યાર્થીઓ સર્જનાત્મક થાય એ માટે ઈશ્વરે પોતાના સીસીટીવી કેમેરાની ઝૂમ-ઈન ક્ષમતા વધારવી પડશે !

આખી દુનિયાની શાળાઓમાં વિષયોનું વિભાજન આપણી જ્ઞાતિ પરંપરા જેવું છે. એ સમજાવતા સર કેન રોબીન્સન કહે છે કે 'અત્યારે આખી પૃથ્વી પર બધી જ શૈક્ષણિક વ્યવસ્થાઓમાં વિષયોની ગોઠવણી એક જ સરખી છેઃ સૌથી ઉપર ગણિત-વિજ્ઞાન અને ભાષાઓ, ત્યાર બાદ માનવવિદ્યાઓ (હ્યુમેનીટીઝ) અને છેલ્લે કલાઓ. અને કલાઓમાં પણ મ્યુઝિક અને ડ્રોઈંગને ડાન્સ અને ડ્રામા કરતાં વધારે મહત્ત્વ આપવામાં આવે છે. ગણિત મહત્ત્વનું જ છે પણ એટલું જ મહત્ત્વનું ડાન્સ છે. તમે જો નિરીક્ષણ કરો તો જેમ જેમ બાળક અભ્યાસમાં આગળ વધતું જાય છે તેમ તેમ આપણે તેની કમરથી ઉપરના ભાગની કેળવણી કરીએ છીએ અને એમ છેલ્લે આપણે માત્ર મસ્તિષ્કની કેળવણી આપીએ છીએ; એમાં પણ મગજના એક જ ભાગની !' તમને નથી લાગતું કે આ પાયાની વાત સમજતા આપણે થોડો વધુ સમય લીધો છે ? મનુષ્ય અસ્તિત્વ માત્ર એનું માથું હોય એમ આપણે ''યાદશક્તિ' પાછળ પડી ગયા છીએ. એટલે વધુને વધુ માહિતી પ્રધાન વૈકલ્પિક પ્રશ્નો(પહેલા !) પૂછાય જેને કાં તો ગોખીને અથવા તો આસપાસ જોઈને ટીક કરી શકાય. હેં બાપા, માહિતી કેવી રીતે ભણાવાય ? ગાંધીજીનો જન્મ ૧૮૬૯માં થયો હતો એ માહિતી કેવી રીતે ભણાવાય ? આવું જ ચાલવાનું હોય તો ભલેને આર્ટીફીશિયલ ઈન્ટેલીજન્સ આવે અને શિક્ષકની જગ્યા લઈ લે ! સર્જનશીલ શિક્ષકોને કોઈ વાંધો નહીં આવે પણ માહિતી-પીરસનાર માસ્તરોને આપણે શાળામાંથી વિદાઈ આપવી પડશે. વિરોધાભાસ તો ત્યાં છે કે વર્ગખંડોમાં જે આદર્શોની વાતો થાય છે અથવા જેમના ફોટા ટાંગેલા હોય છે એમની યાદશક્તિ વિશે કોઈ વાત જ કરતું નથી. ગાંધીજીનું સત્ય, ભગતસિંહની બહાદુરી, વલ્લભભાઈ પટેલની કુનેહ

શીખવતી પ્રવૃત્તિઓ અને તેની અસરોને માપી શકાય તેવી વ્યવસ્થા ધરાવતી બહારવટે ચડેલી શાળાઓને અપવાદ ગણવી ! હા, વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી બનાવવા વિવેકાનંદની યાદશક્તિનો દુરુપયોગ થાય છે એ વાત જુદી ! મને તો સાલી બીક લાગે છે કે જો મગજના એક જ ભાગની કેળવણી થશે તો જેમ પેલી નમતિયાળ પતંગને સ્થિર કરવા માટે એક બાજુ કાનેતર બંધાવામાં આવે છે એમ માથાની(બુદ્ધિની) એક બાજુ અમુક ગ્રામ વજન મૂકવો પડશે ! જો કે એવું વજન બનવાનારી કંપનીઓને તો મોટો નફો થશે ! કલ્પના કરો તો આવી પ્રોડક્ટ માર્કેટમાં આવશે ત્યારે એની જાહેરાતમાં શું લખ્યું હશેઃ 'બે મિનિટમાં માથું બેલેન્સ કરાવો અને ડગેલા મનડાને વળી પાછા મેરુ જેવા બનાવો !' આવી કેળવણીના પરિણામે આપણાં જે અંગો નકામાં થશે એનું શું થશે ? આપણી પ્રિય પૂંછડીની જેમ એ જતા રહેશે તો ?

આપણે જેમ જેમ વ્યાખ્યાન આગળ સંભાળતા જઈએ છીએ એમ એમ અનેક દિશાઓથી આપણી ઉપર પ્રહારો થતાં રહે છે. હવે એ વાત નવી નથી કે આપણી શૈક્ષણિક વ્યવસ્થા 'ઔદ્યોગિક મોડેલ' પર ચાલે છે. આ વાત સમજાવતાં તેઓ કહે છે કે 'સમગ્ર વિશ્વમાં ૧૯મી સદી પછી જ પબ્લિક એજ્યુકેશનનો ખ્યાલ અસ્તિત્વમાં આવ્યો અને તે પણ ઔદ્યોગિક જરૂરિયાતોની પુરતી માટે. એટલે કે ઉદ્યોગો માટે સૌથી જરૂરી હોય એવા વિષયોને શિક્ષણ વ્યવસ્થામાં સૌથી વધુ મહત્ત્વ આપવામાં આવે છે(જેમ કે સાયન્સ અને કોમર્સ). આનાથી એક વિરોધાભાસ સર્જાય છેઃ શાળામાં જે વિષય કે વસ્તુ તમને સૌથી વધુ ગમતી હોય તેમાં તમને નોકરી ન મળે. એટલે આપણને એવું કહેવામાં આવે છે કે, "મ્યુઝિક ના લેશો એમાં કોઈ નોકરી નહી મળે, ડાન્સ ના લેશો, તમને કોઈ કામ ન આપે. આખી દુનિયાની શૈક્ષણિક વ્યવસ્થા જાણે કે યુનિવર્સિટી એન્ટ્રસ એક્ઝામ માટે તૈયારી કરવા માટે જ બનાવાઈ હોય એવું લાગે છે.' આમ, ઉપયોગીતાવાદની ડાકણ આપણાં બાળકોના બાળપણને, તેમની સર્જનાત્મકતાને અને સમાજમાં રહેલી બૃહદ સારપને ખાઈ રહી છે ! એનું બીલ કોણ ચૂકવશે ? ને બીલમાં પૈસાના બદલે શું આપવાનું હશે ? કલ્પના કરતાં નહીં, નહીંતર કાં ઊંઘ નહીં આવે અથવા ખૂબ મહેનતે લાગી પડશો. જીવનમાં શ્રેય(શરૂઆતની પ્રક્રિયામાં કષ્ટદાયક અને લાંબાગાળે સારું પરિણામ આપનાર) અને પ્રેય(શરૂઆતનીપ્રક્રિયામાં આનંદદાયક અને લાંબાગાળે ખરાબ પરિણામ આપનાર) માર્ગો વિશે આપણે જાણીએ છીએ; પણ આ તો ત્રીજો જ માર્ગ છે જેમાં શરૂઆતની પ્રક્રિયા અને પરિણામ બંન્ને કષ્ટદાયક છે. અનહદ કંટાળો અને સ્ટ્રેસથી ખદબદતા શૈક્ષણિક સંકુલો પરિણામે કેવા નાગરિકો આપશે ? કોટામાં વિવિધ પરીક્ષાઓની પરાણે તૈયારી કરતાં બાળકો અને એમના વાલીઓને અભિનંદન; જુઓ તમારી અથાગ મહેનતને પરિણામે આજે અમુક વિદ્યાશાખાઓ જ બંધ થઇ ગઈ છે ! પણ ઉદ્યોગરૂપી ઝાડ માટે જરૂરી નવી 'બ્રાંચુ' પણ આવી છે હો ! સમાજને આ ઝાડનાં જે ફળ મળે તે આપણે વહેંચીને જ ખાઈશું અથવા આપણાં સંતાનોને તો વારસામાં આપીશું જ. પ્રોમિસ ?

ગણિત, વિજ્ઞાન અને ટેક્નૉલૉજી તો ખૂબ જ જરૂરી છે અને એના વગર આધુનિક જીવન કલ્પી જ ન શકાય. પણ હેં બાપા, આપણે વચ્ચે ક્યાંક સારો માણસ બનાવવું ભૂલી ન જઈએ નહીંતર આપણા ડૉક્ટર ભોળા દર્દીઓને બિનજરૂરી ટેસ્ટ અને દવાઓથી અધ-મુઆ કરી નાખે તો કોઈને દોષ દેશો નહીં. અને એન્જિનિયર સેફ્ટીને નેવે મૂકીને ઈમારતોના પાયા(એટલે કબરો) ગાળશે તો એમાં એનો વાંક નહીં કહેવાય. સર્જનાત્મકતાની કેળવણી એટલે માણસમાં સમગ્ર સૃષ્ટિ માટે એકરૂપતા અને સંવાદિતતાના બીજ રોપવા. આ જ બીજ દ્વારા પૃથ્વી ગોળ ફરે છે અને મનુષ્ય ઈશ્વર બની શકવાની યોગ્યતા તરફ આગળ વધેછે.

આપણે આપણા વિશે શું અને કેટલું જાણીએ છીએ ? આપણા ઋષિમુનિઓએ મન, બુદ્ધિ, ચિત્ત, અંહકાર વગેરે પ્રકારો સમજાવ્યા છે. પણ આપણે એને અનુરૂપ શિક્ષણ વ્યવસ્થા ગોઠવી શક્યા નથી. પાશ્ચાત્ય જગતમાં એ દિશામાં થોડું-ઘણું કામ થયું છે એટલે એ લોકો સર્જનાત્મકતાને ધીમે ધીમે કેન્દ્રમાં લાવી રહ્યાં છે. સર કેન રોબીન્સન જણાવે છે કે 'આપણે બુદ્ધિ વિષે ત્રણ બાબતો જાણીએ છીએઃ ૧) બુદ્ધિ વૈવિધ્યસભર(diverse) છે, ૨) બુદ્ધિ ગતિશીલ

(dynamic) છે અને ૩) દરેકને વિશિષ્ટ(distinct) બુદ્ધિ હોય છે.' આટલું સમજ્યા પછી કરવાનું શું ? આપણે આ ત્રણેય પાસાંઓને ધ્યાનમાં લઈને પ્રવૃત્તિઓ બનાવીને બાળકોને ભણાવીએ અને મૂલવીએ તો કેવું ? સર કેન રોબીન્સનના મત અનુસાર 'સર્જનાત્મકતા અલગ અલગ રીતે જોવાની-વિચારવાની પદ્ધતિઓના સંવાદમાંથી જન્મે છે.' એવું હોય તો ગણિત અને ડાન્સનો એક હવન ભેગો કરવો પડે અને વિજ્ઞાન અને ભાષાને શંકર-પાર્વતીની જેમ અર્ધનારીશ્વર રૂપે પૂજવા રહ્યા. પણ આ આખીય પ્રક્રિયામાં પરીક્ષા નામની ઘંટડી નવા મટીરિયલથી બનાવવી પડશે અને નવી રીતે વગાડવી પડશે ! પૂજારીઓ પોતપોતાની તૈયારી કરીને આવે ! આવી કેળવણી માટેનો ઇન્ટિગ્રેટેડ કરિક્યુલમ આવ્યો પણ ચાર વિષયોને એક પાઠ્યપુસ્તકમાં પૂરીને છટકી ગયો. ચારેય વિષયો અલગ-અલગ વિષય-શિક્ષકો ભણાવીને પાછી હરણની સીતા કરી રહ્યા છે. હે રામ ! ઇન્ટિગ્રેટેડ કરિક્યુલમનો આત્મા એવું કહે છે કે જ્ઞાન એક જ છે એટલે એને તેની સમગ્રતામાં પામવું.

છેવટે તો સર કેન રોબીન્સન એક શિક્ષક છે, એટલે પોતાની વાતને એ જીવંત દૃષ્ટાંત સાથે સમજાવે છે. 'હું જુલિયન લીન નામની એક છોકરીને મળ્યો. એ જયારે સ્કૂલમાં હતી ત્યારે તેની સ્કુલે તેનાં મમ્મીને બોલાવીને કહ્યું કે તમારી દીકરીને લર્નિંગ ડીસૉર્ડર છે એટલે કે એવી બીમારી કે જેના લીધે એ અન્ય બાળકોની જેમ શીખી ન શકે. પછી તેને ડૉક્ટર પાસે લઈ ગયા. ડૉકટરે એને બરાબર તપાસીને પછી એની મમ્મીને કહ્યું કે તમે થોડીવાર એને એકલી મૂકી દો. પછી, એ ડૉકટરે રેડિયો શરૂ કર્યો અને થોડી જ વારમાં લીન નાચવા લાગી. એ જોઈને ડૉકટરે એની મમ્મીને કહ્યું કે તમારી દીકરીને લર્નિંગ ડીસૉર્ડર નથી, એ તો ડાન્સર છે એને ડાન્સ સ્કૂલમાં મૂકો. તમને નવાઈ લાગશે પણ તેની મમ્મીએ એ છોકરીને ખરેખર ડાન્સ સ્કૂલમાં મૂકી. એ ત્યાંથી સ્નાતક થઈ. તેણે પોતાની ડાન્સ કંપની શરૂ કરી અને ઐતિહાસિક સફળતા મેળવી. આજે એ છોકરી દુનિયાના ઉત્તમ કોરિયોગ્રાફર્સમાંની એક છે અને ખૂબ જ ધનવાન પણ છે. આપણે હોત તો એ છોકરીને પરાણે શિક્ષણ આપ્યું હોત અને એને ચૂપ કરી દીધી હોત.' આ પ્રસંગ શાળા, ડૉક્ટર અને વાલી એમ ત્રણેય પક્ષે ઉચ્ચ જવાબદારીનું મૂલ્ય સમજાવે છે. શાળા પાસે એવી વ્યવસ્થા હોય કે જે એક બાળકની યોગ્યતાનો સાચો ખ્યાલ આપે(માત્ર ૯૦ ઉપર ટકા આપીને કોનું ભલું થઈ રહ્યું છે ?). ડૉકટર પણ એવા નિષ્ઠાવાન હોય કે બિનજરૂરી દવાઓ અને ટેસ્ટ કરતાં પેશન્ટના હિતમાં જે હોય એ સૂચવે. અને વાલી પણ વાતની ગંભીરતા સમજીને બાળકને પોતાનો ચીલો ચાતરવાનો અવકાશ આપે(૯૦ ટકા લઈને આવતું બાળક વાસ્તવમાં પણ એટલું જ તેજસ્વી છે કે પછી તમે છેતરાઈ જવામાં લિજ્જત લઈ રહ્યા છો ?). મને તો એ ડૉક્ટરની વાત ખૂબ ગમી; 'તમે થોડીવાર બાળકને એકલું મૂકી દો.' આપણે બાળકોને એકલા 'મૂકીએ' છીએ કે એકલા 'તગડી' મૂકીએ છીએ ? ભગવદ્ગોમંડલમાં 'તગડવા''ના આ પ્રમાણે અર્થ આપ્યા છેઃ 'ખૂબ દોડાવવું; આમ તેમ ફેરાં આંટા મરાવવા; રખડાવવું; નાહક દોડાદોડી કરાવવી; હાંકી કાઢવું; ઘરસડવું; થકવવું; પાછળ પડવું; બળાત્કારે કામ કરાવવું !' જે વાલીને જે અર્થ લાગુ પડે તે ઉપાડી લેવો !

બાળકોને તેમની સમગ્રતાને ધ્યાનમાં લઈને ભણાવવા માટે જે દૃષ્ટિ જોઈએ તેની હિમાયત સર કેન રોબીન્સન કરે છે. તેઓ અંતમાં જોનસન સાકનું વિધાન ટાંકે છેઃ 'જો દુનિયાનાં બધાં જ જીવજંતુઓ (insects) નાશ પામે તો ૫૦ વર્ષમાં પૃથ્વી પરથી જ બધું જ જીવન નાશ પામશે. અને જો બધાં જ માણસો નાશ પામે તો ૫૦ વર્ષમાં બધાં જ પ્રકારના જીવન (life) વિકસશે.' જે ભવિષ્યની આપણે કલ્પના કરી રહ્યા છીએ એવા ભવિષ્ય માટે આપણે મનુષ્યની સર્જનાત્મકતા અને કલ્પનાની કેળવણી કરવી પડશે. સવાલ એટલો જ છે કે કેવી રીતે !

આ વ્યાખ્યાન બાદ સર કેન રોબીન્સને How to escape education's death-valley ? અને Bringing on Learning Revolution નામે બીજાં બે TED વ્યાખ્યાનો પણ આપ્યાં છે ! એના વિશે પછી કયારેક ! પણ આ વ્યાખ્યાનના શીર્ષકનો જવાબ શું આપીશું ? શું શાળા સર્જનાત્મકતાને ખતમ કરી નાખે છે ? સમજું કરે વિચાર !

## (૦૩) સૂફીજન સુભાષ ભટ્ટ

- દિનુ ચુડાસમા

ભાવનગર શહેરના કાળવી બીડમાં 'સરાય' સર્જી રહેતો અનહદનો સાધક જીવ એટલે સુભાષ ભટ્ટ; આખેઆખો અલગારી માણસ, નખશીખ આંતરખોજી. અધિક બૌદ્ધિક, પણ કહેવાતા બૌદ્ધિકોની ચાલાકીનો સદંતર અભાવ; કારણ કે માહ્યલો ગેરુઆ રંગે રંગાયેલો, ભીતરની પવિત્રતા છળકપટથી જોજનો દૂર, પરિણામે તેજ બુદ્ધિ પ્રજ્ઞા બની ગઈ અને સુભાષ જીવનરાગી. આ માણસ ભરચક સદ્‌વાચન કરે, વિશ્વ સાહિત્યના ભાવક, વૈશ્વિક ધરોહરસમા દાર્શનિકો જે દર્શન આપી ગયા એ બધા જ ગ્રંથોનો એમનો ગહન અભ્યાસ, ગૂઢ વાતોને, રહસ્યવાદીઓના રહસ્યોને ઉઘાડ આપી આપણને સમજાય એવી ભાષામાં અભિવ્યક્ત કરે, એ અનહદ બાની નવનીત સમર્પણમાં પ્રગટ થઈ; જે વાચકોને ખૂબ ગમી છે. જીવનની સમજણ ક્ષિતિજને આંબે એવી, ડહાપણ એવું કે સાથેના માણસને સંગાથ લઈ લે બધા જ માણસને એક સરખા સ્વીકારે. આજે જ્યારે બધાને ખૂબ પ્રસિદ્ધિની તરસ લાગી છે ત્યારે લૉ પ્રોફાઇલ રહી જગતની અડાબીડ કેડીઓમાં પોતાનો મૌલિક મારગ સર્જતો જીવન સાધક સુભાષ ભટ્ટ મળવા જેવો મસ્ત માણસ છે.

વ્યવસાયે અંગ્રેજી સાહિત્યના 'સર્જનાત્મક શિક્ષક' તરીકે કાર્યરત હતા, સાથે બીજા વિષયોમાં પણ પોતાના પરિશ્રમથી દક્ષ, એટલે વર્ગમાં સાહિત્યધારા સાથે અન્ય શાસ્ત્રોની ઝલક વિદ્યાર્થીઓને મળતી રહે. છાત્રોને 'પ્રિય મિત્ર' કહી સંબોધે, વર્ગમાં છાત્રોની કક્ષા પ્રમાણે પગથિયાં રચી, એક એક પગલું આગળ વધારે. શાળાના ખંડ કરતાં બાળકોને નૈસર્ગિક માહોલમાં લઈ જઈ એ અધિક ખીલી શકે. સૃષ્ટિના સૌંદર્યને છલોછલ માણતા શીખવે, જગતનું જે કાંઈ શ્રેષ્ઠ હોય તેને જોવાની બારી ખોલી આપે કારણમાં જગતભરના રંગોને એની આંખ ઓળખે, સૃષ્ટિના સઘળાં નાદને સરવા કાને સુભાષ સાંભળે, માટીની મહેકને, પુષ્પોની સુગંધને ઘ્રાણેન્દ્રિયથી સેવે. ઝરણાના નિનાદને, સરિતાના વહેણને સાગરની ઊંડાઈને કેમ આત્મસાત્ કરી શકાય એનો જાણતલ જોગીડો.

પરોઢે અને ઝાલરટાણે ભાવનગરના વિકટોરિયા પાર્કમાં ચાલવા જાય, ચાલતા ચાલતા ચિંતનધારા પણ ભળતી જાય. આસપાસના પરિવેશના સૂક્ષ્મ અવલોકનમાં નિમગ્ન બની જાય. પરોઢ અને સંધ્યા સમયે સુભાષભાઈ પરમની પ્રાર્થનામાં ડૂબી જાય.

સામેના માણસને દોસ્ત કહી હોંકારો આપે તેમ એમને વૃક્ષો સંગાથ દોસ્તી, એટલે વૃક્ષોના થડને આલિંગન આપે, પંપાળે, એના જતનની-સંવર્ધનની ગોષ્ઠિઓ કરતાં ફરે. ઘર 'સરાય'નું આંગણું આકાશ સંગાથ વાત કરતા વાંસના શીતળ છાયાથી સભર. આપણે આખું માથું ઊંચ્ચું કરી જોવું પડે એવડું આકાશી; જાણે કે આવનાર માણસને 'સરાય'માં શ્વસતા સુભાષભાઈના માહ્યલાની અખિલાઈ દર્શાવતું હોય. 'સરાય'માં પ્રવેશ કરીએ એટલે એમના માતા જેમને ઘરમાં બધા 'ભગત' કહે તેઓ આપણને આવકારે, આશીર્વાદ આપે. એમના જીવનમિત્ર નેહલબહેન ગઢવી સ્મિતસભર નમસ્તે કહે. ઘરમાં જઈએ એટલે અનુભવાય કે તમે પુસ્તકોથી સભર કોઈ એક સમૃદ્ધ ગ્રંથાલયમાં છો, કબાટમાં રહેલા ગ્રંથો તમારી સામે જુએ, આમંત્રણ આપે. આપણને ભાવ જાગે કે પુસ્તકો સાથે અનુષ્ઠાનમાં બેસતા શુભચિંતક સાથે છીએ. એમનું સામીપ્ય ઊર્જાવાળું, સમીપ હોય એને શુકનની અનુભૂતિ થાય. 'સરાય'ની સુઘડતા, શાંતિ આપણને આનંદિત કરે. જીવનધારાની આચરણપૂર્વકની વાત માંડે ત્યારે આસપાસના બધા જ એને નિહાળે, કળા અને આધ્યાત્મિક જગતની ગોષ્ઠિ શ્રવણ કરતા કાન વાટે સીધો જ હૃદયમાં પ્રવેશ કરે.

સુભાષભાઈ કબીર જેવી ચેતનાને પ્રિય કબીર, કહી સંબોધન કરે, લાઓત્સેને મિત્ર અને જીબ્રાન એમનો સખા. રૂમિ સાથે એમની પાકી દોસ્તી. જાપાનના ઝેન સાધકો જાણે એમના લંગોટિયા ભેરુ હોય એમ ઝેનપંથની સહજ વાતો એમનામાંથી નિસરે. રમણ મહર્ષિ, રામકૃષ્ણ પરમહંસ સાથે હાર્દિક ગોષ્ઠિ કરી શકે તેવો સક્ષમ. મહર્ષિ અરવિંદની

ટેલિપથીનો જાણતલ. નિજામુદ્દીન ઓલિયા અને અમીર ખુશરોની સુગંધ સહપ્રવાસી હોય એમ પ્રસરાવે. સૂફીપંથની, સૂફીઓની અણમોલ વાતોનો ખજાનો એમનામાંથી સરવાણીરૂપે વહે એ સાંભળી લથપથ ભીંજાય જવાય, પ્રફુલ્લિત થઈ જઈએ.

જગતની અનેક સાધનાધારાનો ગહન અભ્યાસ જ નહીં તપ પણ ખરું. નખશીખ અવકાશ રચી, જેટની ગતિએ દોડતી દુનિયામાં પોતાનામાં શાંતિ પ્રગટાવી, ખુદનો દીવો ઉજાગર કરી એ અજવાળું ચિંતન દ્વારા આપણા સુધી પહોચતું કરનાર સંવેદનશીલ વ્યક્તિની એક કેફિયત જોઈએ :

'અરધી રાત્રિએ જાગી જવાયું છે. ક્યારેક કોઈ વાત સમજાવાને લીધે, ક્યારેક ન સમજાવાને લીધે. ક્યારેક ખૂટી પડ્યો છું. ક્યારેક છલકાયો છું.'

છલોછલ સુભાષભાઈ જાહેર કરે છે :

'મારો પ્રેમ ધ્યાન છે, મારું ધ્યાન પ્રેમ છે, મારું જીવન એક સાધના છે.'

વગડાના માડુ સુભાષભાઈને અનહદ અનુરાગ હિમાલય તરફ, હિમાલયના આજીવન યાત્રી કહી શકાય. દરેક વેકેશનમાં ખભે તંબુ લઈ બે મહિના માટે હિમાલયની ગિરિકંદરાઓમાં ઓગળી જાય, ૪૪ વર્ષથી હિમાલયનો સાદ સાંભળી દોડી જાય. કોઈ મિત્રને સાથે આવવું હોય તો ના નહીં સંગાથી બનાવે એની સંપૂર્ણ કાળજી રાખે. હિમાલય જેમ જ જે જગ્યાઓ તપથી પાવન થઈ હોય ત્યાં જઈ ચૈતન્યની અનુભૂતિ કરવા પલાઠી લગાવે. નરસિંહ સાથે વાત કરવા જૂનાગઢ જઈ ચડે ને કબીરને મળવા કાશી પહોંચી જાય એમ એ સાધકો, સૂફીઓ, સંતોની ચેતનાને સેવે ભીતરથી અહમ્ ઓગાળે, ચૈતન્ય વધારે.

સુભાષભાઈની અંગ્રેજી ભાષા ઉપર મજબૂત પકડ, અંગ્રેજીમાં બોલે ત્યારે સાંભળતા રહીએ તેમ છતાં બધું જ માતૃભાષા ગુજરાતીમાં લખે. ઈંગ્લિશ સાહિત્યમાં કવિ રિલ્કેની કવિતા ખૂબ ગમે, વિલિયમ બ્લેક અને વર્ડ્ઝવર્થ પ્રિયજન સમા. નાટ્યકાર સેમ્યુઅલ બેકટ અને સોફોક્લિસ ફેવરિટ. જીબ્રાન એમના શ્વાસેશ્વાસમાં ઓગળી ગયો જણાય. ભારતીય કવિઓમાં રવીન્દ્રનાથ ટાગોરની કવિતા અને રવીન્દ્રસંગીત સુભાષની નસેનસમાં વહે. બંગાળના બાઉલો તરફ અનહદ નાતો. મહાશ્વેતા દેવી, મુક્તિબોધ, અજ્ઞેયનું સાહિત્ય ખેંચે તો ગુજરાતી કવિઓમાં રાજેન્દ્ર શાહ, મકરંદ દવે, રાજેન્દ્ર શુકલ, રમેશ પારેખ, મનોજ ખંડેરિયા, સિતાંશુ યશચંદ્ર, મહેતા, હરીશ મિનાશ્રુ, વિનોદ જોશી વહાલા લાગે. કળા, સાહિત્ય સાથે અવિનાભાવિ સંબંધ.

સુભાષભાઈની સાધનામાં સ્વયંશિસ્ત મર્મીઓને કળાય. સાધક ખરા પણ કોરા નહીં ભીંજાયેલા. મુલ્લા નસરુદ્દીનના માર્મિક પ્રસંગો એમના મુખેથી સાંભળવા એ અદ્‌ભુત લહાવો. સુભાષભાઈને જોતા જ હકારાત્મક ઊર્જાનો અનુભવ થાય. એમને સાંભળીએ ત્યારે 'ઇશ્ક : સકલ ભરપૂર હૈ નૂર તેરા'ની અનુભૂતિ થવા માંડે એવો માલમી માણસ.

એમનું જીવેલું, હૃદયસ્થ કરેલું સંવેદન અનહદ બાની રૂપે આપણી હથેળીમાં મૂકી આપેલ છે એ ટહુકાની ઝલક અહીં આંખ વાટે હૃદય સુધી લઈ જઈએ તો ગમતું થશે :

'સાધના એટલે જીવનના ઘાટ પરથી મૃત્યુ અને મૃત્યુના ઘાટ પરથી જીવન નીરખવાનું.'

'પ્રેમના શિખરેથી મૈત્રીનો અને મૈત્રીના શિખરેથી પ્રાર્થનાનો આરંભ થાય છે.'

'પ્રેમના ઉજાસમાં શબ્દ જોયો, આજે હવે તે શબ્દના ઉજાસમાં પ્રેમ સમજીશ.'

'હું શાશ્વત જીવનનાં ગીતો શાશ્વતી સુધી ગાવા આવું અને દરેક જન્મે મને નવી પૃથ્વી, નવું આકાશ અને નવું ગીત મળે.'

'અસ્તિત્વનું પ્રથમ અને અંતિમ સત્ય : અશબ્દ અને નિઃશબ્દ છે.'

'અધ્યાત્મનું શ્રેષ્ઠ તો મૌન છે.'

'અર્થપૂર્ણ પળ - સમગ્રતાથી જીવાયેલી પળ જ વિસ્તરીને અર્થપૂર્ણ સદી બને છે.'

'પદાર્થની ઊંડાઈમાં ઊર્જા છે અને ઊર્જાની ઊંડાઈમાં ચેતના છે.

ચેતના વિસ્તૃત કરવાનું આપણા હાથમાં છે. ચેતનાનો એટલો મોટો વિસ્તાર હોય કે દ્વૈતની જગ્યા બાકી ન રહે.'

'સ્વીકાર એટલે આસ્તિકતા અને સંઘર્ષ કે નકાર એટલે નાસ્તિકતા.'

'જાગરણ એટલે પદાર્થની મુર્ચ્છામાંથી અને ટેવોની નિદ્રામાંથી જાગવું. જાગવું એટલે, જડમાંથી ચેતનમાં,

ચેતનમાંથી પ્રેમમાં, પ્રેમથી પ્રકાશમાં અને પ્રકાશથી આનંદમાં જાતરા કરવી.'

'એક સુંદર પ્રેમપૂર્ણ કે મૈત્રીપૂર્ણ જીવન એ આખી માનવજાતને અપાતો સંદેશ છે.'

'પરમની ઊર્જા ત્રણ સ્વરૂપે અભિવ્યકત થાય છે : સત્યમ્ શિવમ્ સુંદરમ્. આ ત્રણને પામવાની આપણી પાસે ત્રણ રીતો છે : સત્ય બુદ્ધિ વડે, સૌન્દર્ય સંવેદના વડે, શિવ ક્રિયા વડે.'

'જીવાયેલ શબ્દ એટલે જ્યોતિર્મય શબ્દ.'

'સાધક જ્યારે સાધ્યમાં ઓગળી જાય છે ત્યારે સિદ્ધિ અને સંબોધિ શેષ રહે છે.'

'સાંજે સ્મૃતિની ધૂળ ખંખેરી અને સવારે તાજા બની નવું જીવન આવકારવું તે ઝેન છે.'

સૂફીજન સુભાષભાઈના સહજ સ્વભાવને એક સંવાદ દ્વારા સમજીએ, ભાવનગરમાં 'સરાય'માં શ્વસતા સુભાષ ભટ્ટ અને સાંઈ કવિ મકરન્દભાઈનો એક સંવાદ પીઓ :

એક દિવસ નંદિગ્રામ આશ્રમમાં મકરંદભાઈને મળવા ગયેલા સુભાષભાઈને સાંઈ કવિએ કહ્યું :

'સુભાષ, તું અહીં નંદીગ્રામમાં રહેવા આવી જા.'

જવાબમાં સુભાષભાઈ : 'ભાઈ, તમે મારા ઘરે ભાવનગર રહેવા આવી જાઓ હું તમને સાચવીશ.'

મકરંદભાઈ : 'સુભાષ, અહીં નંદીગ્રામમાં મેં જે ધૂણો પ્રગટાવ્યો છે એનું શું થાય ?'

સુભાષભાઈ : 'ભાઈ, પણ મેં મારા ભાવનગરમાં મારું નાનકડું કોડિયું પ્રગટ કર્યું છે, મારો પણ એક દીવો છે, મારે એની જ્યોતના અજવાળાને સાચવવાનું છે.'

સત્યમ્, શિવમ્, સૌન્દર્યની ઉપાસનામાં રમમાણ સુભાષભાઈ મને તો સહજ સાધક જણાયા, ભીતરના રહસ્યોને જાણી લીધા હોય, અંદરની ઊર્જાના સરનામા પ્રાપ્ત કર્યા પછી વિવેકપૂર્વક, પ્રેમપૂર્વક પ્રત્યેક માણસ સાથે વર્તન કરતો મસ્ત કલંદર ઘર નહીં 'સરાય'માં રહે છે, મુસાફરની જેમ જીવે છે. જીવનના અવકાશને 'સરાય'માં રહી માણતો, માનવીય સુગંધ પ્રસરાવતો ભવાટવિમાંથી પસાર થઈ રહ્યો છે.

●---------●●●--------●●●---------●

સંપર્ક ફોન : ૯૯૭૯૧ ૮૭૫૮૭

**(અનુસંધાન પાના નં. ૪૨૪ ઉપરથી)**

હોવું જોઈએ. માણસને શોખ સંગીતનો હોય અને તેને કંડક્ટર થવું પડ્યું હોય, શોખ સાહિત્યનો હોય અને ડૉક્ટર થઈ બેઠો હોય ! આ બહુ મોટી વ્યવસ્થાપનની ખામી છે. તેમાંથી છૂટવાનો એકમાત્ર ઉપાય એ છે કે સમાજ, ઔદ્યોગિક-ઉત્પાદક એકમો અને શિક્ષણ સંસ્થાઓ વચ્ચે એક સ્વાયત્ત અને જરૂર પ્રમાણેનું જોડાણ હોય. આની પહેલ શિક્ષણ સંસ્થાઓથી જ થવી જોઈએ.

શબ્દો આધારિત શિક્ષણને અનુભવ આધારિત શિક્ષણમાં ફેરવવું પડશે. શબ્દો કરતાં અનુભવમાં હજારો ગણી વધારે તાકાત છે. આ સૌ કોઈ અનુભવતાં હોવા છતાં તેને અમલમાં મૂકતા નથી એ કઠણાઈ છે !

લોકભારતીની કેળવણીએ આ સફળ પ્રયોગ તેના અભ્યાસક્રમો દ્વારા કરેલ છે. એમાંયે ગ્રામદત્તક યોજના દ્વારા ઔદ્યોગિક એકમો અને શિક્ષણ સંસ્થાના જોડાણે આ વિચારને ચરિતાર્થ કરી બતાવ્યો છે. કમનસીબે આ વિચારધારાને ટેકો ન મળતા એ આગળ ન ચાલ્યું. નઈ તાલીમનો પાયો પણ અનુભવ અને અનુબંધ પર જ રચાયો છે.

એક આશાનું કિરણ હમણાં હમણાં ડોકિયાં કરતું થયું છે, સંભવ છે કે એ અચ્છે દિન લાવી શકે ખરું !

યુ.જી.સી.એ ૨૦૧૩થી સૂચવેલ B.Voc(બેચલર ઓફ વોકેશન -https://www.ugc.ac.in/pdfnews/8508026_Guidelines-on-B-Voc_Final.pdf)નો ડિગ્રી અભ્યાસક્રમ મહદ્ અંશે આ ખાલીપો પૂરી શકવાની ક્ષમતા ધરાવે છે. કારણ કે આ અભ્યાસક્રમ પ્રથમ વર્ષથી જ અભ્યાસની સાથોસાથ શક્તિ-આવડત પ્રમાણેનું આર્થિક ઉપાર્જન પણ કરાવી શકે છે. ત્રણ વર્ષના અંતે જ્યારે તે ઈન્ટર્વ્યુ આપે છે ત્યારે તેની પાસે ડિગ્રી ઉપરાંત તેની પસંદગીને નિર્ણાયક બનાવતો એવો જરૂરી અનુભવ પણ છે. અમુક કિસ્સાઓમાં તો વિદ્યાર્થીઓની પસંદગી સહજ રીતે જે તે ઔદ્યોગિક એકમો ઈન્ટર્વ્યુ વગર કરી લે છે. આ દિશામાં જો સંબંધિતો વિચારશે અને તમામ યુનિવર્સિટીઓ-કૉલેજો આનો સ્વીકાર કરીને અમલ કરશે, તો આ આત્મનિર્ભરતાની કેળવણી ભારતમાં પુનઃ રામરાજ્યની સ્થાપના કરી શકશે.

—[illegible]

## (૦૪) બહેન (સરલા) મારી મા -શી !

- ભરત ના. ભટ્ટ

મારી મોટી બહેન સરલાએ ૨૦ ઓકટો.-૨૦૧૯ ની સવારે છેલ્લો શ્વાસ લીધો. ૧૯-૧૧-૧૯૩૧ના રોજ જન્મેલી બહેન ૮૮ વર્ષ પૂરાં કરવાના ઉંબરે હતી. મારા નાનપણમાં તેણે મને માતા બનીને સાચવેલો. મારે બે મોટી બહેનો, સરલા અને મંજુલા. હું સરલાને કેવળ બહેન કહીને અને મંજુને કેવળ મંજુ કહીને સંબોધું. તેને માટેનું મારું બહેન સંબોધન એટલું અવિચળ અને પ્રચલિત કે બહેનની પુત્રવધૂ શ્રેયા પણ મારી સાથેની વાતમાં તેનો ઉલ્લેખ કેવળ બહેન તરીકે જ કરે. નામ વગરનું આ સંબોધન અમારી વચ્ચેના ઘનિષ્ટ લગાવને પ્રગટ કરતું.

તેની બંને પક્ષની ઓળખ થોડી અસામાન્ય. જાણીતા કેળવણીકાર, લેખક નાનાભાઈ ભટ્ટની તે મોટી પુત્રી. સાસરાપક્ષે નિરંજન ભગતની પેઢીના, તેમના પાકા મિત્ર, જાણીતા પ્રયોગશીલ કવિ સ્વ. હસમુખ હ. પાઠક(૧૯૩૦-૨૦૦૬)ની તે ધર્મપત્ની. નિરંજન ભગત, હસમુખ પાઠક, નલિન રાવલ અને પ્રિયકાંત મણિયાર એ સૌ ૧૯૪૫-૧૯૫૦ આસપાસ ગુજરાતી કાવ્યાકાશના તેજસ્વી તારલાઓ.

નાનાભાઈ—અજવાળીબાના જીવનમાં સરલાનો પ્રવેશ (જન્મ) લાક્ષણિક હતો. બહેનની પૂર્વે આ બંનેના દાંપત્યજીવનમાં ચાર પુત્રો પધારેલા જેમાંના બે ૧૯૨૮માં અવસાન પામેલા. નાનાભાઈના જીવનમાં નારીપાત્રોનો થોડો દુકાળ. તેમની બે સગી બહેનો બહુ ઓછું જીવી. તેમના સગા કાકા એક જ, જેમને પુત્રી નહી; મોટાભાઈ દેવશંકરને ચાર પુત્રો વચ્ચે એક જ દીકરી, જે પાગલ થઈને વહેલી પ્રભુચરણે ગયેલી. નાનાભાઈના લઘુબંધુ માનશંકર નિઃસંતાન; આવા સંજોગોમાં પુત્રીના આગમનથી નાનાભાઈ બહુ રાજી થયેલા. દેરાણીની પ્રસૂતિ વેળા મદદમાં આવેલાં પોતાનાં ભાભીને તેમણે કહેલું, 'ગોદાવરી વહુ, તમે લાપશીનાં આંધણ મૂકો, મારે આંગણે માંડવો આવ્યો.' બહેન પરિવાર માટે શુકનવંતી હતી. નાનાભાઈ લગભગ ૨૨ વર્ષથી સંસ્થાના મકાનમાં રહેતા હતા. આ ગાળામાં તેમણે પોતાનું અંગત મકાન બંધાવ્યું— ૧૧૫, તખ્તેશ્વર પ્લોટ, અને તેમાં ૧૯૩૨માં સપરિવાર રહેવા ગયા.

આપણા કોઈપણ કુટુંબમાં પ્રથમ પુત્રી હોય તે ગૃહિણીની પી.એ. જ ગણાય. બહેન સરલા પણ થોડી મોટી થતાં ઘરમાં નેક્સ્ટ ટુ અજવાળીબા બની ગયેલી. બાને રસોઈમાં મદદ કરવી, ગાયનું વાસીદું કરવું, અનાજ દળવું, છાશ કરવી વગેરે કામોમાં તેનો નોંધપાત્ર વળોટ.

તે માત્ર છએક વર્ષની હતી ત્યારે અમારા પિતા નાનાભાઈએ દ્વિતીય 'મહાભિનિષ્ક્રમણ' કરેલું. ભાવનગર ખાતેની દક્ષિણામૂર્તિ જેવી સમૃદ્ધ અને પ્રતિષ્ઠિત સંસ્થા છોડી આંબલા ગામમાં ગ્રામદક્ષિણામૂર્તિ નામે નાનકડી સંસ્થા શરૂ કરેલી. બા વતી તે નાનાભાઈ સાથે આંબલા જતી અને કામોમાં મદદ કરતી. ત્યાં તેને આટલી નાની વયે ગ્રામજીવનના પાઠો મળેલા.

આંબલા ખાતે ભાડાના કાચા મકાનમાં બે-ચાર નાના-નવા કાર્યકરો સાથે નાનાભાઈ રહે. ત્યાં ગામડાંની બહેનોને જોઈજોઈને બહેન ગાર કરતાં શીખી. રોજ સવારે નાનાભાઈ ગામની શેરીઓ વાળે અને સરલા ઢગલા ભરે. બને એવું કે ક્યાંક છોકરાઓની વિષ્ટા પણ પડી હોય. પતરાની સૂપડી અને અલગ સાવરણા વડે નાનાભાઈ તે પણ વાળી લે. એવું પણ બને કે જ્યાં વાળી લીધું હોય ત્યાં જ કોઈ બહેન ઘરનો કચરો નાખી કહે, 'માસ્તર, આ વાળી લેજોને !' નાની સરલાને આ ન ગમે, પિતાનું અપમાન લાગે. કહે, 'નાનાભાઈ, તમે બીજી વાર શા માટે વાળો છો ?'

'બેટા સરલા, આપણું કામ ગામનો કચરો લેવાનું. બે શું ત્રણ વાર વાળવું પડે તો પણ આપણે વાળીશું.'

હમણાં, ૨૧મી સદીના પ્રથમ—બીજા દાયકામાં અમે

મળીએ, ત્યારે તે દિવસો સંભારીને તે કહેતી,

'ભરત, નાનાભાઈને ભાવનગરમાં કેવાં પદ-પ્રતિષ્ઠા, કેવાં સુખ-સગવડ ! એ બધું ખંખેરીને આંબલામાં કેવી અગવડ— સાદાઈમાં રહેવા આવ્યા હતા ? ત્યારે તો મને બહુ નહોતું સમજાતું પરંતુ પછી વારંવાર લાગ્યું છે કે નાનાભાઈ બહુ ઊંચી ભૂમિકાએ હતા.'

બહેન આઠ વર્ષની થઈ ત્યારે મારો જન્મ. હું ૮-૧૦ માસનો હોઈશ, નાનાભાઈ ચલાલા(જિ.અમરેલી) ખાતે દાદરેથી પડી ગયા અને બેભાન થઈ ગયા, તેમને લાવવા માટે ભાવનગરથી કાર મોકલવામાં આવી. તેમને લઈને કાર ભાવનગરના ઘરે આવી ત્યારે અજવાળીબા આંગણામાં આવેલી ટાંકીએ વાસણ માંજે અને સરલા વીછળે. બાએ પોતાની પાસે મને સુવરાવેલો. ગાડી જોતાં બહેન કહે, 'બા, નાનાભાઈને લઈને ગાડી આવી, હું સામી જાઉં ?' બાએ કહ્યું, 'ના સરલા, તું આ ભરતને સંભાળ હું સામી જાઉં છું.' મારી સંભાળ રાખવાની જવાબદારી બદલવામાં આ પ્રસંગ નિમિત્ત બન્યો.

હું ચાર-પાંચ વર્ષનો હોઈશ, મને સખત આંખો આવેલી, કદાચ મારી દૃષ્ટિ કાયમ માટે જાય તેવી ! મોટે ભાગે બહેન અને સાથે ક્યારેક નાનાભાઈ મને તેડીને ફરતા હોય. સૌ રાહ જુએ, કે ભરત ક્યારે આંખો ઉઘાડે છે ! ત્યારે અમારી ગાયને એક મજાની વાછડી. તેને હડકાયું કૂતરું કરડેલું એટલે તે હવે જીવશે નહીં તેવી સૌને ચિંતા—દહેશત ! મને તેડીને નાનાભાઈ તેની પાસે ગયા. સાથે બહેન પણ હતી. તે કહે, 'જો ભરત, આ તારી વહાલી વાછડી. તેને માથે હાથ ફેરવી બાપ્પો કરો !' તે આમ બોલી અને મેં તરત આંખો ઉઘાડી.' 'એલા ભરતે આંખો ઉઘાડી' — એવા નાદે આખું ફળિયું અને નિવાસ ગાજી ઊઠ્યાં. તે દિવસથી મારી આંખનાં વ્યાધિનાં વળતાં પાણી થયાં.

હું સાતેક વર્ષનો હતો ત્યારે મને ભારે મરડો થયેલો. ૧૩-૧૪ વર્ષનો હતો ત્યારે માથામાં ખૂબ ગૂમડાં થયેલાં. આ સર્વ પ્રસંગે મને સાચવવામાં, સાજો કરવામાં બહેન બાની જોડાજોડ રહેતી.

૧૯૫૦નો દાયકો મારો અભ્યાસનો દાયકો. તે ગાળામાં નરેન્દ્રભાઈ મારા વિકાસની કાળજી લે અને બહેન મારી તંદુરસ્તીનું ધ્યાન રાખે. લોકભારતીના છેલ્લા વર્ષમાં હું ઠીક ઠીક તંદુરસ્ત અને હૃષ્ટપુષ્ટ હતો. મે, ૧૯૫૯માં હું દાર્જીલિંગથી ડબલ ન્યુમોનિયા લઈને આવ્યો અને ભાવનગર સઘન સારવાર શરૂ થઈ. બહેન અમદાવાદ સાસરે. હું ભાવનગર આવ્યો પછી બે-ત્રણ દિવસમાં જ તે ભાવનગર દોડી આવી. સીધી મારા ખાટલા પાસે આવી. હૃષ્ટપુષ્ટ એવા મને હવે હાડપિંજર જેવો જોઈ તેણે પોતાની નવેક માસની પુત્રીને ધડ દઈને નીચે બેસારી અને પાલવ મોંએ ઢાંકી ચોધાર આંસુએ રડવા લાગી. પછી બાજુમાં ખુરશીમાં બેઠેલા નાનાભાઈના ખોળામાં માથું નાખી ધ્રુસકે ચડી. નાનપણમાં મને તેણે બહુ બીમાર જોયેલો એટલે હવે સાજા-સારા ભરતની આ દશા તેનાથી જીરવાઈ નહીં.

બહેન સરલા સરાસરી મહિલાઓ કરતાં વધુ હિમ્મતવાળી. ભાવનગર કે આંબલામાં રાતે પણ ક્યાંય એકલા જતાં જરાય ન ડરે ! ઘરમાં બાની આસિસ્ટંટ અને ઘરની બહાર પિતા તથા ભાઈઓની આસિસ્ટંટ. તે ૮-૧૦ વર્ષની હતી ત્યારે આંબલામાં કાર્યકરો-વિદ્યાર્થીઓ સાથે ધરે-ધોધે ન્હાવા જાય અને ઊંડા પાણીમાં ઝંપલાવે. ભાવનગરના નવા મકાન આસપાસ વગડો અને ટેકરીવાળો વિસ્તાર. સાપ-નાગ આંગણામાં આવી ચડે; આવે વખતે બહેન, રાત હોય તો ફાનસ લઈ, સાપને દૂર કાઢ્યે રહે.

ભાવનગરના બગીચામાં પાંચેક આંબા, જેમાં એક સરસ કેસર આંબો. મે મહિનામાં કેરીના ઝૂમખે ઝૂમખા લટકે ! રાત્રે કોઈ કેરી ન તોડી જાય તે માટે બા નિવાસનું મુખ્ય બારણું ખુલ્લું રાખી ત્યાં જ ખાટલો નાખી સૂવે. એક રાત્રે બે-ત્રણ જણા કેરીઓ ચોરવા આવ્યા. બહારની ટાંકી પર મોટી મોટી બાલદીઓ પડેલી તેમાંથી એક ઊઠાવી. બા જાગીને 'કોણ છે? કોણ છે?' કરે તે પહેલાં તો બાનો ખાટલો ઠેકીને બહેન દોડી અને ચોર બાલદી મૂકીને ભાગ્યા. નાનાભાઈને બહેનની આ હિમ્મતનું બહુ મહત્ત્વ. તેને પુત્ર

સમી ગણી તેમણે તેનું નામ 'બેબકો' પાડેલું.

બહેન બહાદુર પરંતુ હું બીકણશિરોમણી ! સાત–આઠ વર્ષનો થયો ત્યાં સુધી એકલો સૂઈ ન શકું. કાં બા સાથે કાં બહેન ભેગા જ સુવાનું. બહેને ૧૯૪૮-૫૦ વચ્ચે ગ્રા.દ.મૂ.માં જ પી.ટી.સી. કરેલું. પછી ૧૯૫૩ સુધી તે લોકશાળામાં પણ ભણેલી. આ બંને ગાળામાં તે પ્રવાસે જાય તો હું તેની સાથે જોડાઈ જાઉં. બાથી આઘો રહી શકું પરંતુ બહેનથી દૂર રહેવું ન ગમે.

બહેનને ગાયો—વાછરડાં બહુ ગમે. સર્વ કામોમાં બાને મદદ કરે પરંતુ ગાયોનું કામ તો હોંશ-શોખથી કરે. તે સાત–આઠ વર્ષની હતી ત્યારથી તે આ કામ શીખવા લાગેલી અને થોડી મોટી થતાં તેણે ઘરનો આ વિભાગ સંભાળી લીધો. ખાણ આપવું, ચારો નિરવો, દોહન કરવું, નિયમિત ખરેરો કરવો, વાછરુંને છોડવાં-બાંધવાં, છાશ પાવી બધું એ જ કરે. જાણે નાનાભાઈના પરિવારના ગૌશાળા વિભાગની.ઉઁ.હ્ર. ગાય-વાછરડાં માટે લાગણી પણ બહુ. આ પશુઓ દુઃખી તો બહેન દુઃખી; પશુઓ પ્રસન્ન તો બહેન પ્રસન્ન. કોઈ જન્મજાત ગોપાલકની માફક તેની અને ગાયો વચ્ચે લાગણીનો મજબૂત સેતુ.

૧૯૪૦ના દાયકામાં અમે ચારેક ભાંડુંઓ ઠીક ઠીક વર્ષો સાથે રહેલાં. બહેન વિશેની તે ગાળાની બે-ત્રણ વાતો નોંધવી જોઈએ.

૧૯૪૨-૪૪ના ગાળામાં સત્યાગ્રહી તરીકે નાનાભાઈ રાજકોટ જેલમાં હતા. અહીં ઘરે બહેન કામ કરતી હોય ત્યારે નાની બહેન મંજુ તેને વાંસામાં ધબ્બા મારી જાય. સરલા વળતો પ્રહાર કરવા જાય એટલે બા—નરેન્દ્રભાઈ તેને અટકાવે. આવું લાંબું ચાલ્યું અને અસહ્ય બન્યું એટલે તેણે પિતા નાનાભાઈ પર આ અંગેની ફરિયાદ કરતી અને ન્યાય માગતી ચિઠ્ઠી લખી મોકલી. નાનાભાઈએ તેના જવાબમાં લખ્યું, 'બેટા સરલા, તને અન્યાય લાગે અને દુઃખ થાય તે હું સમજી શકું છું. તું એક કામ કર, એક નોટમાં તું મંજુએ મારેલા ધબ્બા નોંધ્યા કર. હું આવું પછી તારે એટલા ધબ્બા મંજુને મારવાના. હું હોઈશ એટલે તને કોઈ અટકાવશે નહીં.' બહેન સંભારીને કહેતી, 'મેં નોટ લીધી, ધબ્બા લખવા શરૂ પણ કર્યા પરંતુ એ બધું બે-ચાર દિવસ ચાલ્યું ને પછી ભુલાવા લાગ્યું.' પછી આગળ કહેતી, 'પરંતુ ત્યારે મને પિતા સમજી શક્યા છે તે વાતે મને બહુ શાંતિ આપેલી.' પછી અમે બંને સહમત થતાં કે, નાનાભાઈ બાલમાનસના જબરા પારખું હતા.

આ ગાળામાં નરેન્દ્રભાઈ અને સરલાબહેન ઘરકામોમાં બાની મદદમાં મુખ્ય. મોટાભાઈ પ્રવીણભાઈ બહાર ભણે અને મંજુ તથા હું નાનાં. બહેન ગાયનું, અનાજ સફાઈનું અને રસોઈમાં મદદ કરવાનું કામ કરે. નરેન્દ્રભાઈ પાણી ભરે, દળવા બેસે, કપડાં સંકેલે, પથારીઓ કરે—ઉપાડે અને બહારનાં કામો કરે. આ થકી આ ગાળામાં તે બંને બહુ નિકટ આવેલાં. અમારાં બા બહુ ગોરાં અને તેમનો વાન સૌથી વધુ લીધેલો સરલાબહેને. આથી તેને ઘેરા-આછા રંગનાં રંગીન કપડાં બહુ શોભે. તે ઓઢણી-સાડી પહેરતી થઈ પછી નરેન્દ્રભાઈ કહે 'સરલા, તને પીળી સાડી બહુ શોભે છે.' બહેન પછી પીળી સાડી વારંવાર પહેરે.

કરુણતા તો જુઓ કે નવે.-૧૯૬૦માં એ નરેન્દ્રભાઈના અચાનક અવસાનના સમાચાર આવ્યા ત્યારે બહેન લોકભારતીમાં. સમાચાર સાંભળીને તેણે રીતસર પડતું જ મૂક્યું, માંડ હૈયું થોડું હળવું થયું ત્યારે તેણે નરેન્દ્રભાઈને સંભારી નિર્ણય કર્યો કે 'હવે હું આજીવન રેશમી વસ્ત્ર નહીં પહેરું.' ન તેણે પછી કદી રેશમ પહેર્યું અને ન તેને તેના પતિએ એ બાબતે કદી આગ્રહ કર્યો. મોટાભાઈને કેવી વિરલ અંજલિ ?

આ ગાળામાં તેનો ઘરમાં બહુ ગઝ્ઝર ! તે ઘરમાં હોય ત્યારે ઓછા સભ્યોએ પણ વસ્તારી લાગીએ. તે ઘરમાં એવી રીતે બધે પહોંચે—ફરી વળે કે ઘરમાં જાણે ત્રણ-ચાર સરલા છે એવું લાગે. તેના આ ગઝ્ઝરથી હું બહુ ખુશ અને પ્રભાવિત. તે ન હોય ત્યારે ઘર મને સૂનું લાગે અને હું ગમગીન રહું.

બહેનને ખોટો સંકોચ નહીં. આ ગાળામાં નરેન્દ્રભાઈ પાસે તે સાઇકલ શીખતી. ભાવનગર કે રાજકોટના મોટા

માર્ગ પર તે સાઇકલ હાંકી મૂકે. વાહનો નીકળે તો બહેને નહીં, એ વાહનોએ કાળજી રાખવાની—ચિંતા કરવાની. પોતે પડે અને કોઈ રાહદારીને પાડે પણ ખરી ! હસી, ઊભી થઈ, કપડાં ખંખેરી લે અને પુનઃ તાલીમ શરૂ.

બહેન સરલા જેવી નિઃસંકોચ તેવી જ હળવી અને રમુજી. ૧૯૫૦-૫૧નો સમય. આંબલા પ્રા.શાળામાં તે સેવા આપવા જાય. મુકુન્દભાઈ મુનિ, વલ્લભભાઈ પટેલ વગેરે મુખ્ય શિક્ષકો. એકવાર નાનાભાઈ શાળાએ ગયા અને નાટક ભજવવાનું નક્કી કર્યું. નાનાભાઈ પોતે સાત-પૂંછડિયો ઉંદર બન્યા, મુનિભાઈને બનાવ્યા શિક્ષક અને પુત્રી સરલાને તેમણે ઉંદરની માતાની ભૂમિકા સોંપી. માતા તો પુત્રને નિશાળે મૂકવા ચાલ્યાં ! ઉંદર 'મને બધા ખીજવે છે, મારે નિશાળે નથી જવું એં...એં...એં...' એમ બોલતો અને રોતો જાય. આથી માએ તેને ધમકાવ્યો, 'રોયા, એમાં રોવાનું શું ? છે કોઈને મારા જેટલી પૂંછડી ? એમ રોફ મારવાનો હા...' સરલા તો હૂબહૂ માતાનો રોલ કરતી જાય અને પુત્રને વઢતી, ધમકાવતી, ફટકારતી, હાંકતી જાય. અન્ય સૌ શિક્ષકો તો આ નાટક જોઈને પેટ પકડીને હસી પડ્યા.

આશરે ૧૯૪૮-૪૯ની સાલ. ચોરવાડ ખાતે નાનાભાઈનું ભાગવત પારાયણ ગોઠવાયેલું. આથી અમે સૌ આંબલાથી વાયા રાજકોટ ચોરવાડ જતાં હતાં. રાજકોટમાં નાનાભાઈના મિત્રને બંગલે અમારા બે-ત્રણ દિવસ ધામા હતા. નાનાભાઈ-બા સાથે અમ ચારની તોફાની ટોળકી—ઈન્દુભાભી, બહેન સરલા, મંજુ અને હું. યજમાનના બંગલે પણ અમારી જેવડાં બે-ત્રણ જણાં. એક સાંજે અમે સૌ કોઈ કાર્યક્રમ કે રમતની શોધમાં બગીચામાં બેઠાં હતાં. કોઈક સમાચાર લાવ્યું કે નાનાભાઈ વગેરે સાકરલાલભાઈ નામના કોઈ મહેમાનની રાહ જુએ છે.

'એલા ચાલો, આપણે સાકરલાલભાઈ આવ્યાનું નાટક કરીએ.' સરલા સટાક કરતી ઊભી થતાં બોલી. પછી ગૂસપૂસ વચ્ચે તે પોતે જ સાકરલાલભાઈ બની. પહેરવેશ અને સંનિવેશ તેને નકામા લાગ્યાં. એક લાકડી માગી જે સ્થાનિક જાસૂસોએ તરત હાજર કરી. અમારાં ઈન્દુભાભીને તેણે ઈન્દુકુમાર તરીકે પોતાના સેક્રેટરી જાહેર કર્યાં અને મંજુને—મને 'સાકરલાલભાઈ પધાર્યા'ના સંદેશવાહક બનાવ્યાં. અમે સમાચાર પહોંચાડ્યા પછી સરલાબહેન ઉર્ફે સાકરલાલભાઈ પોતાના 'રસાલા' સાથે નાનાભાઈ સમક્ષ દીવાનખંડમાં હાજર થયા. નાટક અહીં પૂરું થવાનું હતું, પરંતુ નાનાભાઈએ તે લંબાવ્યું. તેમણે 'સાકરલાલભાઈ'ને ક્ષેમ-કુશળ પૂછ્યાં; પહોંચતા કેમ વાર લાગી તે જાણી આ ઉંમરે હાડમારી વેઠવી પડી તે બદલ ચિંતા સેવી અને યજમાનને સાથે જોડી સાંપ્રત પ્રવાહો વિશે થોડી વાતો કરી. સાકરલાલભાઈ—સેક્રેટરીની જોડીએ કુશળતાથી વાતાવરણ જાળવી રાખ્યું. નાનાભાઈના આગ્રહથી સર્વ 'મહેમાનો' માટે નાસ્તો આવતાં સાકરલાલભાઈ પુનઃ સરલાબહેન બની ગયાં.

બહેન અને હસમુખભાઈનાં લગ્ન લવ-કમ-એરેંજ મેરેજ હતાં. હસમુખભાઈ અમારા મોટાભાઈ પ્રવીણભાઈના. ભટ્ટના સગા સાળા થાય. પ્રવીણભાઈ—ઈન્દુભાભીનાં ૧૯૪૬માં લગ્ન થયાં, પછી હસમુખભાઈ ભાભી સાથે ક્યારેક ભાવનગર આવે. આ ગાળામાં તે બંને વચ્ચે પરિચય થયો જે પરસ્પરની પસંદગીમાં પરિણમ્યો. બંને પરિવારોએ તેમાં સહી કરી અને ૭ જુલાઈ, ૧૯૫૩ના રોજ તેમનાં લગ્ન થયાં.

'આંગણે માંડવો આવ્યા'ની નાનાભાઈની ખુશાલી ૨૨ વર્ષ પછી તેમને માટે આનંદ-વિષાદના મિશ્રિતભાવો વચ્ચે વાસ્તવિકતા બની. આ પ્રસંગની વિશેષતા એ હતી કે આ કેવળ નાનાભાઈ-બાના આંગણે માંડવો નહોતો. તે ગ્રા.દ.મૂ. સંસ્થાને આંગણે પણ હતો અને આંબલા ગામને આંગણે પણ હતો. સંસ્થા-ગામને પણ આ પ્રસંગની જબરી હોંશ હતી. લગ્ન પત્યાં પછી જાન-ચલામણીનો સમય થયો. પાંચ-સાત ઘોડાગાડીઓ, ગાડાં જાનને સોનગઢ સ્ટેશને મૂકવા જવા તૈયાર હતાં. બરાબર ત્યારે ઉપસ્થિત અગણિત લોકોએ 'પિતા' નાનાભાઈને જોયા. વરઘોડિયાંની ગાડી પાસે કન્યા પિતાની રાહ જોતી ઊભી હતી. નાનાભાઈ આવ્યા અને પુત્રીને બથમાં લઈ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા. નાનાભાઈને

શાંત પાડવાની નહોતી કોઈની હેસિયત અને નહોતી તેવી જરૂર. પ્રોફેસરપદને અને દ.મૂ. સંસ્થાને વિપળમાં ત્યાગનાર નાનાભાઈનું આ મંગલરૂપ સૌ નિહાળી રહ્યાં. સર્વ સંતાનોની માફક સરલા પણ તેમને બહુ વહાલી હતી. માત્ર હવે આવનારો તેની સાથેનો જુદારો તેમને વલોવી નાખતો હતો.

નરેન્દ્રભાઈ ૧૯૬૦માં, નાનાભાઈ ૧૯૬૧માં અને પ્રવીણાભાભી ૧૯૬૭માં સ્વર્ગવાસી થયાં અને ૧૯૬૮માં પ્રવીણભાઈ કાયમ માટે અમેરિકા ગયા. આવા સંજોગોમાં સરલાબહેન હવે અમારા પરિવારમાં વરિષ્ઠ બની. તેણે આ જવાબદારી બરાબર નિભાવી અને હસમુખભાઈ પણ તેમાં તેની પડખે ઊભા રહ્યા. નાનાભાઈ પથારીવશ હતા ત્યારે સળંગ ત્રણ-ત્રણ ચાર-ચાર માસ તેને લોકભારતી મોકલે. કહે 'સરલા, તું લોકભારતી જા અને ત્યાં નિરાંતે રહી બાને મદદ કર.'

૧૯૭૧ના ઉનાળામાં ભત્રીજા નીતિનના પથરીના ઑપરેશન માટે હું અને પ્રફુલ્લા મુંબઈ ગયાં. ત્યાં ભાટિયા હૉસ્પિટલમાં ઑપરેશન થવાનું અને અમારું રહેવાનું ખીરાને ત્યાં ગોઠવાયેલું. ઑપરેશનના બે દિવસ અગાઉ હસમુખભાઈ આવી પહોંચ્યા જે કારણે અમને બંનેને બહુ હામ-હિમ્મત—હૂંફ મળ્યાં. નીલુને દાખલ કરવા પૂર્વેનો કેટલોક વિધિ કરવા હું અને હસમુખભાઈ ભાટિયા હૉસ્પિટલમાં ગયા. વિધિ પતાવવામાં અમે બંને હતા, એટલે ઘણી સરળતા રહી. વિધિ પતાવી અમે શાંતાક્રૂઝ પરત આવતા હતા ત્યાં હસમુખભાઈ મને કહે, 'ભરત, આપણે પ્રશાંત માટે તાતા ઇન્સ્ટીટ્યૂટમાંથી એમ.એસ.ડબલ્યુ.નું પ્રવેશ ફોર્મ લેવું છે, તો ચાલ ત્યાં થતાં જઈએ.' ફોર્મ તો લેવાનું હતું પરંતુ તાતા ઠીક ઠીક દૂર હોવાથી હાલ મારી ગણતરી નહોતી. મેં કહ્યું, 'અત્યારે બારેક વાગ્યા છે બસમાં બધે જઈ ઘરે પહોંચતાં બહુ મોડું થશે.' પણ તેમણે તો તરત ટેક્સી કરી અને બહુ ઝડપથી ટાટા પહોંચી, ફોર્મ લઈ અમે શાંતાક્રૂઝ પહોંચી ગયા, મારો તો ટેક્સી કરવાનો ખ્યાલ જ નહોતો, કારણ એ ન પોસાય. પરંતુ હું કંઈ કહું તે પહેલાં તેમણે ટેક્સી કરી લીધી અને તેનું બધું ભાડું તેમણે જ ચૂકવ્યું. (આંતરિક પરિવહન માટે ગુજરાતમાં જેમ રીક્ષા તેમ મુંબઈમાં ટેક્સી વપરાય)

અમારાં લગ્ન ૧૯૭૦માં થયાં ત્યારે હસમુખભાઈ અમદાવાદ રહેતા પણ બહેન અને તેનાં બંને સંતાનો અમારી સાથે ભાવનગર હતાં. એક તો બાના સ્વચ્છતા, છૂતાછૂતના ખ્યાલો બહુ જુદા અને જાણીતા. તેમાં વળી પ્રફુલ્લા થોડી જુદી જ્ઞાતિની એટલે બા બહુ રાજી નહીં. ઉપરાંત ઘરમાં કોઈ વડીલ પણ નહીં ! આવા સંજોગોમાં અજવાળીબા સાથે પ્રફુલ્લાને સેટ કરવામાં બહેન સરલાનો બહુ મોટો ફાળો. બહેન વ્યવહારુ, સરળ, નિસ્વાર્થ અને ઉદાર. આ કારણે આ સમસ્યા સમસ્યા જ નહીં રહેલી.

આશરે ૫૩ વર્ષ ચાલેલાં તેમના દાંપત્ય અંગે અને હસમુખભાઈ અંગે થોડું લખવાનું મન છે.

બંને પરસ્પરને પામીને આજન્મ ખુશ હતાં. હસમુખભાઈની નીચેની પંક્તિઓ તેમના આ સદ્ભાગ્યનો પડઘો પાડે છે. ૨૧મી સદીના આરંભમાં 'ઓળખ' કાવ્યમાં તેમણે લખ્યું છેઃ

ગોત્ર પરાશરમાં હું પરણ્યો,  
ભાર્યા સરલા નમણી;  
ફાલ્ગુની, રાજ-તુલસી મોહન,  
હૃદયનંદનની જનની.

સસરા નાનાભાઈની પ્રતિભા અંગે તેમનો ઊંચો અભિપ્રાય તો હોય જ. તેમના સાહિત્ય અંગે પણ બહુ ઊંચો મત. કહેતા, 'ભરત, નાનાભાઈનાં 'રામાયણનાં પાત્રો', 'મહાભારતનાં પાત્રો', 'હિન્દુધર્મની આખ્યાયિકાઓ વગેરે રચનાઓમાં આધુનિક નવલિકાનાં લક્ષણો નિહિત છે.'

હસમુખભાઈ પ્રભાવશાળી, પ્રતિભાવાન અને બુદ્ધિશાળી. સરસ કંઠ તથા ઊંચા અને ગોરા. ૧૯૫૪-૫૫માં દિલ્હી જઈને તેમણે માસ્ટર ઓફ લાઈબ્રેરી સાયન્સ કરેલું. મૂળ સાયન્સના ગ્રેજ્યુએટ. આમ છતાં ગુજરાતી અને અંગ્રેજી સર્જનાત્મક સાહિત્યના ઊંડા અભ્યાસી. વાચન-ચિંતન બહુઆયામી અને અભિનવ. દિલ્હીમાં રાજઘાટ ગયેલા, ત્યાં ગાંધીજીની સમાધિ જોઈ તેમણે લખેલું :

આટલાં ફૂલો નીચે ને આટલો લાંબો સમય
ગાંધી કદી સૂતા નથી !

નાનાભાઈ પ્રધાન હતા(૧૯૪૮-૪૯) ત્યારે ડ્રાઈવર માટે શૉફર શબ્દ વાપરતા. ૨૦૦૪ના ગાળામાં નાનાભાઈ વિશે લખતાં આ મને યાદ આવ્યું. ઉપર લખ્યું છે તેમ હસમુખભાઈનું અંગ્રેજી ભાષા-સાહિત્યનું જ્ઞાન અને વાચન સારું તે હું જાણું. મેં તરત તેમને ફોન જોડી આ અંગે પૂછ્યું. તેમણે કહ્યું કે, 'ભરત, કારડ્રાઈવર માટેનો આ શબ્દ ફ્રેન્ચમાંથી અંગ્રેજીમાં આવ્યો છે. તું ડિક્શનેરીમાં 'જીઞ'માં જોઈશ તો મળી જશે.' બરાબર તેમ જ એ શબ્દાર્થો મને મળી ગયેલા. તેમની સ્મરણશક્તિનું પણ આ દૃષ્ટાંત છે.

તેમણે બે વાર્તાઓ પણ લખેલી જે ઉમાશંકરભાઈએ સામેથી માગી અને 'સંસ્કૃતિ'માં પ્રગટ કરેલી. ભગતસાહેબ અને હસમુખભાઈ ઉમાશંકરભાઈના વહાલા શિષ્યો જેવા. મારી છાપ રહી છે કે હસમુખભાઈએ પોતાની પ્રતિભાના પ્રમાણમાં ઓછું લખ્યું છે.

હસમુખભાઈની અને ભગતસાહેબની મૈત્રી પ્રગાઢ. આથી હસમુખભાઈએ પોતાનો પ્રથમ કાવ્યસંગ્રહ 'નમેલી સાંજ'(૧૯૫૮) તેમણે ભગતસાહેબને અર્પણ કરેલો. તેમાં લખ્યું છે -

નિરંજન ભગતને.
આજ સંધ્યાકાળનું જોયું, પ્રમાણ્યું,
જે બધું મારું, તમારું, આપણું,
કાલે સવારે કોઈને ખપ લાગશે ?
તો આ રહ્યું.

અને ભગતસાહેબે ? તેમણે જતી ઉંમરે હસમુખભાઈનું સર્વ સાહિત્ય હોંશથી સંપાદિત કર્યું જે ગુજરાતી સાહિત્ય પરિષદે 'સાયુજ્ય' નામે ૨૦૧૮માં પ્રગટ કર્યું. તે કાર્ય તો પૂર્ણ થયું પરંતુ તેની પ્રસ્તાવના અધૂરી મૂકીને ભગતસાહેબ અનંતના માર્ગે સિધાવ્યા. સુયોગ જુઓ કે બીજા મિત્ર નલિન રાવલે તે પૂર્ણ કરી.

મને તક મળતી ત્યારે હું તેમના આવા મૈત્રીવાર્તાલાપોમાં પહોંચી જતો. નિરંજન ભગત, પિનાકિન ઠાકોર, જયંતી દલાલ, બચુભાઈ રાવત વગેરેનો આ દ્વારા મને વિશેષ પરિચય થયેલો. આમાંથી ભગતસાહેબ હસમુખભાઈના સમગ્ર પરિવાર સાથે આત્મીય સંબંધો રાખે.

નાનાભાઈ-અજવાળીબા જેવી જ હસમુખભાઈ–બહેન વચ્ચે બૌદ્ધિકતા અને વાચનરસ અંગેની વિષમતા. પરંતુ આ બાબતે તેમની વચ્ચે કદી અંતર ઊભું નથી કર્યું. વાસ્તવમાં બહેન તો સાસરે આવીને સસરા વગરના પરિવારમાં સાસુની સાથે-નાનાભાઈની પુત્રીને શોભે તે રીતે ગોઠવાઈ ગઈ. ઘરનો ઠીક ઠીક ભાર–વ્યવહાર ઉપાડી લીધો અને દિયર–નણંદને ભણાવવા–પરણાવવામાં પતિની પડખે ઊભી રહી.

બહેન–હસમુખભાઈ બંને પારદર્શક, જેવાં અંદર તેવાં બહાર. ઉપરાંત તેમને લક્ષ્મીનો મોહ–મહિમા નહીં. સંસ્કારિતા અને લાગણીના સંબંધોના તે માણસો. પરિણામે બૃહદ્ પરિવારમાં, જ્ઞાતિમાં, સાહિત્ય અને મિત્રવર્તુળમાં તેમની આગવી સુવાસ. તેમનાં ત્રણેય સંતાનોમાં તેઓનો આ સ્વભાવ ઠીક ઠીક માત્રામાં ઊતરેલો. તેઓને બંને વેવાઈ પણ સારા મળ્યા.

આજના જમાનામાં સામાન્ય રીતે પુત્રો વૃદ્ધ માતા–પિતાથી દૂર જવાનું પસંદ કરે. આથી ઊલટું, રાજા તુલસીમોહન માતા–પિતાની સંભાળ લેવા છેક સેલવાસથી અમદાવાદ પરત આવ્યો. શ્રીકાન્ત(જમાઈ) અને શ્રેયા (પુત્રવધૂ) પણ પારકાં ન રહ્યાં, પુત્ર–પુત્રીસમ બની ગયાં. છેલ્લા ગાળામાં હસમુખભાઈની અને બહેનની આ સૌએ બહુ ભાવથી સેવા–સારવાર કરી. આ સર્વ સંદર્ભમાં આ લેખનું શીર્ષક 'સદ્ભાગી સરલાબહેન' એવું પણ કોઈ રાખી શકે. બહેનને સાસરે કૃષ્ણભક્તિનો બહુ મહિમા. ૨૦મીએ તે કૃષ્ણ–કૃષ્ણ કરતી પિતા, માતા અને પતિ પાસે પહોંચી ગઈ. તે સૌ વૈકુંઠવાસીઓને આપણા પ્રણામ.

●---------●●●--------●●●---------●

'મંદાર' ૩૬/૧, બીમાનગર, સેટેલાઈટ રોડ, અમદાવાદ–૧૫, મો. ૯૪૨૯૦૨૯૪૭૦

~~**GROUNDWATER EXPLORATION**, Development & Management~~

**વિશ્વાસપાત્ર અને વિશ્વમાન્ય વિજ્ઞાન–ટેકનોલોજી વાપરીને યોગ્ય સ્થળ પસંદગી કર્યા બાદ જ બોર/કૂવા બનાવાયઃ–**

## ભૂગર્ભ જળ સશોધન : નવા બોર/કૂવા બનાવવા માટે યોગ્ય સ્થળની પસંદગી

આધુનિક ખેતીમાં મન ફાવે ત્યાં બોર/કૂવા બનાવવા માટે તેમજ તેમાંથી પાણી બહાર કાઢવા માટે આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો ભરપુર પ્રમાણમાં ઉપયોગ થાય જ છે, પરંતુ બોર/કૂવા બનાવતા પહેલાં જ જગ્યા નક્કી કરવા માટે આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ થતો નથી. **વારંવાર નિષ્ફળતા મળ્યાં પછી પણ મોટાભાગના ખેડૂતો આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં પણ જૂની પૂરાણી, અવૈજ્ઞાનિક અને પરંપરાગત ચીલાચાલું તેમજ સતત નિષ્ફળ જતી પદ્ધત્તિઓ પર અંધવિશ્વાસ રાખીને જ ખેતરમાં પાણી જોવડાવીને તે જગ્યાએ બોર/કૂવા કરાવે છે,** એટલે ખેતી માટે જરુરીયાત મૂજબનું પાણી મળતું નથી અને મળે તો લાંબો સમય ટકતું પણ નથી, તેમજ ખર્ચેલા નાણાનું પૂરતું વળતર પણ મળતું નથી. જો આધારભૂત આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને બોર/કૂવાની જગ્યા નક્કી કરાય તો સફળતાની શક્યતાઓ પણ ઘણી બધી વધી જતી હોય છે. સર્વે કર્યા પછી એવું જણાય કે પાણી નહીવત્ પ્રમાણમાં છે, તો બોર કૂવાના ખોટા ખર્ચ થતા બચે છે.

**છેલ્લા પચાસ વર્ષોથી ભૂગર્ભ જળ સંશોધન માટે ખેતરમાં ઉપયોગમાં લેવાતી સૌથી વધારે વપરાતી વિશ્વાસપાત્ર અને વિશ્વમાન્ય વૈજ્ઞાનિક પદ્ધત્તિ એટલે ઈલેક્ટ્રીકલ રેઝીસ્ટીવીટી પદ્ધત્તિ. વિવિધ હોરીઝોન્ટલ ભૂસ્તરોના અભ્યાસ માટે શ્લુમ્બરજર–જર્મન ટેકનોલોજી પદ્ધત્તિ અને કર્વ્ઝને સ્ટાન્ડર્ડ ગણવામાં આવે છે. ખેતરમાં અર્થ રેઝીસ્ટીવીટી મીટરનો ઉપયોગ કરીને વધુમાં વધુ ભૂગર્ભજળનું પ્રમાણ હોય એવી જગ્યા નક્કી કર્યા બાદ, જે તે જગ્યાની વિવિધ ઉંડાઈએ બદલતી જતી ભૂસ્તર રચના અને એની ઉંડાઈ/જાડાઈ સાથે પાણીની સંભાવના હોવાની ઉંડાઈ વગેરે માહિતિ મેળવવા માટે વિસ્તૃત ડેટા લેવામાં આવે છે. ખેતર ખાલી અને સૂકું હોય તો આ પદ્ધત્તિએ ભૂગર્ભ જળ સંશોધન સર્વે કરવામાં વિશેષ અનુકુળતા રહે છે. જો કે, વધારે મહેનત અને સમય માંગી લે તેવું આ સર્વે કામ છે. સામાન્ય રીતે પાંચ એકર સુધીના ખેતરમાં સર્વે માટે પાંચથી દસ કલાકનો સમય લાગે છે. સર્વેમાં મદદ કરવા માટે દસ જેટલા વ્યક્તિઓની સતત મદદ પણ જરુરી હોય છે. ખેતર ઉપરનું સર્વે કામ પૂરુ કર્યા બાદ ખાસ કમ્પ્યુટરાઈઝ્ડ પ્રોગ્રામની મદદથી ખેતર ઉપર લીધેલાં ડેટાની અલગ અલગ ગણત્રીઓ અને કર્વ્ઝ બનાવવામાં આવે છે. સર્વે કરેલા વિસ્તારની ભૂસ્તરીય રચના, ભૂગર્ભજળનું પ્રમાણ અને ઉંડાઈના સંદર્ભ માટે સર્વે દરમિયાન જે તે વિસ્તાર સંબંધિત મળેલી પ્રત્યક્ષ માહિતિ, સ્થાનિક ખેડૂતોના તેમજ નિષ્ણાંતોના જ્ઞાન અને ક્ષેત્રીય અનુભવો, જે તે વિસ્તાર સંબંધિત ક્ષેત્રીય અહેવાલો, સેટેલાઈટ રિમોટ સેન્સીગ ભૂગર્ભ જળ સંશોધન સર્વે નિષ્કર્ષ મેપ્સ, વગેરેનો આધાર લઈને એકાદ અઠવાડિયામાં ભૂગર્ભ જળ સંશોધનનો અંતિમ અંદાજનો અહેવાલ તૈયાર કરાય છે. આ અહેવાલમાં કઈ કઈ જગ્યાએ, કઈ કઈ ઉંડાઈએ, ક્યા ક્યા પ્રકારની ભૂસ્તરીય રચનામાં કેટલું પાણી મળી શકશે, બોર કરવો કે કૂવો કરવો, કેટલો ઉંડો કરવો કે કંઈપણ કરવું જ નહી વગેરે બાબતોની વિગતવાર અંદાજ– માહિતીનો સમાવેશ કરવામાં આવે છે. આમ, બોર/કૂવા બનાવવાનો ભારે મોટો ખર્ચ કરતાં પહેલાં જ આ વિશ્વાસપાત્ર અને વિશ્વમાન્ય વૈજ્ઞાનિક પદ્ધત્તિનો ઉપયોગ ખરેખર ફાયદાકારક રહી શકે છે.**

**રેઝીસ્ટીવીટી પદ્ધત્તિ સિવાયની ઝડપથી ભૂગર્ભ જળ સંશોધન કરીને સો ટકા પરીણામ આપી શકે એવાં કોઈપણ ખાસ ભરોસાપાત્ર દેશી કે વિદેશી સાધન કે વૈજ્ઞાનિક પદ્ધતિ કે પરંપરાગત પદ્ધતિ હાલમાં ક્યાંય પણ ઉપલબ્ધ નથી.**

**ભૂગર્ભ જળ સંશોધન, વિકાસ અને વ્યવસ્થાપન સેવા અને સલાહ માટેનું છેલ્લાં ૩૦ વર્ષથી એક માત્ર વિશ્વાસપાત્ર નામ : 'ભૂજલશ્રી'. નિષ્ણાંતોની સલાહ અને સેવાઓ માટે સંપર્કઃ–>>**

**રતીલાલ સુદાણી** [BRS-Ag & AH; PGDEE]
Director, *Bhoojalshree Geotech Consultant-Gujarat*
(EMPANELED IN MGNREGA & KISAN CALL CENTER FOR DUG WELL / BORE WELL SITING IN GUJARAT STATE)
કૃષિ યુનિવર્સિટી કેમ્પસ પાસે, વિદ્યા ડેરી રોડ,
આણંદ–388001 ☎ : 02692 263611
: *9427382368, 9978115968*
*E-mail:* groundwater.sudani@gmail.com

**Dr. Suresh Pawar** [PhD-Hy.Geology]
Director, *Bhoojalshree Hydrogeotech*
MEMBER: IAHS, IHRS, IAH
(EMPANELED IN GERMAN GOVT. SUPPORTED PROJECTS FOR DRINKING WATER IN MAHARASHTRA STATE)
RAJGURUNAGAR, **Pune, Maharashtra, India.**
: *9822645787*
*E-mail:* bhoojalshree@yahoo.com

*સમગ્ર ગુજરાત, મહારાષ્ટ્ર અને અન્ય નજીકના રાજયોમાં વિવિધ સરકારી ડિપાર્ટમેન્ટ્સ, સહકારી અને સેવાભાવી સંસ્થાઓ, નગરપાલીકા, ગ્રામપંચાયત, કોર્પોરેટ હાઉસીસ તેમજ પ્રગતિશીલ ખેડૂતોના ફાર્મ્સ પર ત્રીસ વર્ષથી પરીણામલક્ષી ભૂગર્ભ જળ સંશોધન સેવામાં સમર્પિત...*

**ભૂજળ કેરૂ કરીએ જતન : ~~~ખરી વૈજ્ઞાનિક પદ્ધત્તિથી સંશોધન કરીશું તો સાંપડશે, કરકસરથી વાપરીશું તો લાંબો સમય ટકશે અને વરસાદનું બધું જ પાણી ભૂસ્તરમાં ઉતારીશું તો ક્યારેય તોટો પણ નહી આવે~એ છે~~ભૂગર્ભ જળ~~~**

## (૦૫) અયોધ્યા વિવાદની આંટીઘૂંટી

- કુમાર પ્રશાંત, અનુ. મોહન દાંડીકર

જ્યારે તમે વાયોલિન પાસેથી કોદાળીનું કામ લેવા લાગો ત્યારે તમે રાગરાગિણીઓની અપેક્ષા કેવી રીતે રાખી શકો ? એટલા માટે અયોધ્યાના પ્રશ્નમાં દેશના કાનૂની ઇતિહાસની બીજી સૌથી લાંબી સુનાવણી પછી આવેલો ફેંસલો આપણને ન્યાય વિશે કશું જ નથી કહેતો, પણ જમીન વિશે વાત કરે છે, ત્યારે આપણે ફરિયાદ ન કરવી જોઈએ. આપણે એ જ જાણવું અને માનવું જોઈએ જે સર્વોચ્ચ ન્યાયાલયે સર્વસંમતિથી કહ્યું છે. ૧૩૪ વરસ જૂનો ઘા જ્યારે પણ તમે ખોલો, થવાનું તો આ જ હતું. ક્યાંક લોહી વહેત, ક્યાંક આહ ઊઠત, ક્યાંક સ્વપ્નો તૂટત, તો ક્યાંક જીત અને ક્યાંક હારનો ભાવ દૃઢ થાત.

એટલા માટે આજે આપણે સર્વોચ્ચ ન્યાયાલયની વાત માની જ લેવી જોઈએ. કેમ કે આપણે એની પાસેથી એ કામ લીધું છે, જે કામ માટે એ બની જ નહોતી. આપણી હઠ અને આપણા ઉન્માદે એક સંયમિત, સજાગ અને સંસ્કારી સમાજની ઓળખ ગુમાવી દીધી છે. આપણું સામાજિક નેતૃત્વ એટલું પ્રભાવશાળી રહ્યું નહિ કે એ લોકોને રસ્તો ચીંધી શકે. આપણું રાજીકીય નેતૃત્વ અત્યંત વામણું, સ્વાર્થી અને સામ્પ્રદાયિક સાબિત થયું. પછી બાકી રહી આપણી ન્યાય વ્યવસ્થા ! સંવૈધાનિક વ્યવસ્થા અને સંવૈધાનિક નૈતિકતા બન્ને કહે છે કે સામાજિક વિવેક જગાડવો અને ટકાવવો કોઈ દેશના સામાજિક કે રાજકીય નેતૃત્વનું કામ છે, અદાલતનું નહિ. પણ અહીં તો સમાજે પોતાની અયોગ્યતા અને રાજનીતિએ પોતાની અક્ષમતાનો સ્વીકાર કરીને અદાલતને વિવશ કરી દીધી કે આ પ્રશ્નને ઉકેલે.

આપણે આપણી ન્યાય વ્યવસ્થાનો આભાર માનવો જોઈએ. એણે આ આહ્‌વાનનો સ્વીકાર કર્યો અને અનેક સ્તરે એનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કર્યો. અંતે સર્વોચ્ચ ન્યાયાલયે વિશેષ સંવિધાનપીઠની રચના કરી. આ પ્રશ્નની સતત સુનાવણી કરી. તમામ પક્ષોને પોતાની વાત અને સાબિતી રજૂ કરવાનો પૂરેપૂરો મોકો આપ્યો. અને પછી ફેંસલા સુધી પહોંચી. એટલે ફેંસલો કબૂલ.

પણ તે પછી આગળ જતાં એવા કેટલાક પ્રશ્નો ઊભા થાય છે, જે ખુદ અદાલતને જ આરોપીના પાંજરામાં ઊભી કરી દે છે. આપણે અદાલતના ફેંસલાને સોએ સો ટકા માન્ય કરીએ છીએ. ન્યાયધીશોનો આદર પણ કરીએ છીએ, પણ આ કહેતાં ખુદને રોકી નથી શકતા કે માય લોર્ડ, કાં તો આપે વિવાદના આત્માને ઓળખ્યો નથી કાં તો પછી એની પાછળ છુપાયેલી રાજનીતિની કુટિલતાની અવગણના કરી છે. આ ખૂબ જ જરૂરી હતું કે આ ઝેરીલા વિવાદનો ઉકેલ આવે. સામાજિક વિવેકથી આવે, રાજકીય સંમતિથી આવે, નિષ્પક્ષ મધ્યસ્થતાથી આવે અથવા દેશના ગાંધીજનોએ જે એક દિશા દેશની સામે મૂકી હતી કે 'જ્યાંનો પ્રશ્ન ત્યાંનો ફેંસલો', - જેવો કોઈ રસ્તો શોધાયો હોત, તો આ વિવાદમાંથી ભારતીય સમાજ અને આપણું લોકતંત્ર વધુ પ્રૌઢ બનીને બહાર આવ્યું હોત. એવું થઈ શક્યું નહિ. જે થયું તેમાં સર્વોચ્ચ ન્યાયાલયે ન્યાયનાં ત્રાજવાં બાજુ પર મૂકી દીધા. અને સૌને સમજાવી-પટાવીને વચલો રસ્તો કાઢ્યો હતો, નહિતર આમ કેવી રીતે બને કે ન્યાયાલય જેને જમીનની માલિકીનો પ્રશ્ન કહી રહી હતી તેમાં ધાર્મિક વિશ્વાસ, પુરાણકથાઓ, આસ્થા વગેરેનો પણ સમાવેશ થઈ ગયો ? સંભવ છે, જ્યારે પ્રશ્ન નીકળ્યો ત્યારે સર્વોચ્ચ ન્યાયાલયને ખ્યાલ આવ્યો હશે. આ માત્ર જમીનની માલિકીનો સામાન્ય પ્રશ્ન નથી, પણ ભારતીય સમાજના કેટલાયે તારોને સ્પર્શવાનો પ્રશ્ન છે. આ સમજાયું એ તો સારું જ થયું. પણ એની કોઈ અસર ફેંસલા પર કેમ ન થઈ ? અદાલતે રામજન્મભૂમિ સ્થળને કાનૂની માન્યતા આપી દીધી. તો એ કયા આધારે આપી ? જો એ આધાર ધાર્મિક હોય તો એ કાનૂની ત્રાજવે કઈ રીતે તોલવામાં આવ્યો ? સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયધીશ રંજન ગોગોઈએ જ તો કહ્યું હતું કે અમે આસ્થા કે માન્યતાને આધારે નહિ, જુબાનીને આધારે ફેંસલો કરીશું. તો રામજન્મભૂમિ પ્રશ્નમાં એવી કઈ

જુબાની રજૂ કરવામાં આવી હતી કે જે એવી કાનૂન સંમત હતી કે અદાલતે એને જેમની તેમ સ્વીકારી લીધી ? આપે ફેંસલામાં કહ્યું તો એ જ ને કે હિન્દુઓએ પોતાનો પ્રશ્ન વધુ સારી રીતે રજૂ કર્યો. તો શું વાક્ચાતુર્ય કે વેદપુરાણ આવા વિવાદોમાં ન્યાયનું પલડું પોતાની તરફ નમાવી શકે ? ન્યાયાલયનો કહેવાનો આશય એ પણ છે ને કે સામેવાળાને પોતાનો પ્રશ્ન રજૂ કરતાં ન આવડ્યું. એવું હતું તો ન્યાયાલય માટે વધુ જરૂરી એ હતું કે એ સામેવાળાને તૈયારી માટેનો મોકો આપત. ફેસલો સંભળાવવાનું નહિ, સત્ય સુધી પહોંચવાનું કામ છે અદાલતનું.

અમારે તો અદાલત પાસેથી ન્યાયથી વધુ કે ઓછું કશું જ નથી જોઈતું. તો પછી અમને એ સમજાવો; માય લોર્ડ, કે વચન પ્રમાણે ૧૯૩૪માં મસ્જિદના ગુંબજોને નુકસાન પહોંચાડવું, ૨૨ ડિસેમ્બર ૧૯૪૯ની રાતે ગર્ભગૃહમાં ચોરીછૂપી મૂર્તિઓ લઈ જઈને મૂકી દેવી અને પછી ત્યાં મુસલમાનોના પ્રવેશનો નિષેધ કરવો તથા ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૨ને દિવસે મસ્જિદને તોડી પાડવી, કાયદાનું ગંભીર ઉલ્લંઘન હતું, કાયદાનો ભંગ કરવો તે ગુનો છે, તો પછી આ બધાં ગુનાહિત કૃત્યો છે. શું કોઈ એવું ગેરકાનૂની ગુનાહિત કૃત્ય હોય શકે, જેને અદાલતમાં રજૂ કરવામાં આવે, અદાલત એ ગુનાને માન્ય પણ કરે, અને છતાં એની સજા ન કરે ? માય લોર્ડ, આપના ફેંસલામાં આ ત્રણ ગંભીર અને અનૈતિક ગુનાઓની શું સજા કરવામાં આવી ? આપની જ અદાલતમાં વર્ષોથી બાબરી મસ્જિદ ધ્વંસનો કેસ ચાલી રહ્યો છે. શું આ બધું ન્યાયસંગત ન હોત કે આપ આપનો ફેંસલો એ જ સંભળાવત જે આપે હમણાં સંભળાવ્યો છે. પણ એ પણ કહેત કે આ ફેંસલાનો અમલ ત્યારે જ કરવામાં આવશે, જ્યારે મસ્જિદ ધ્વંસના કેસનો ફેંસલો થાય અને એના ગુનેગારો નક્કી થઈ જાય. અને એ પણ કે એ કેસની સુનાવણી એક પખવાડિયામાં પૂરી કરવામાં આવે, જેથી આ તાજો ફેંસલો લાંબા સમય સુધી લટક્યા ન કરે. અને કદાચ એ પણ કે એ કેસમાં જે ગુનેગારો સાબિત થશે તેઓ કાયમને માટે કોઈ પણ પ્રતિનિધિક પદ માટે અયોગ્ય ગણાશે. આખરે એવો ન્યાય કેવી રીતે થઈ શકે જે ગુનેગાર પક્ષને સ્પર્શતો જ ન હોય ? અને આપ તો સારી રીતે જાણો છો, આજની સરકાર એમની જ છે, જેઓ આ ગુનામાં આપાદ્મસ્તક ડૂબેલા છે. વળી એ જ લોકોની સરકારને આપે એ અધિકાર પણ આપી દીધો કે તેઓ જ ટ્રસ્ટની રચના પણ કરે. એના સભ્યોની પસંદગી પણ તેઓ જ કરે. મંદિરના નિર્માણની આખી પ્રક્રિયા પણ તેઓ જ નક્કી કરે અને રચના પણ તેઓ જ કરે ! આ સજા છે કે ઇનામ?

આપ ગોથું ખાઈ ગયા છો, માય લોર્ડ ! જમીનની માલિકી નક્કી કરવાને બદલે આપ ઇતિહાસ વાંચવામાં અને લખવામાં લાગી ગયા. જુઓને આપે તો રામને, ભગવાનને માણસો જેવી કાનૂની લાયકાત આપી દીધી. કોઈ કહે કે આ તો ઈશ્વરનું અપમાન છે. તો આપ શું બચાવ કરશો ? ઈશ્વર આપણી એક એવી શોધ છે, જે દરેક માનવીય પકડથી બહાર છે. પછી આપે એને કાનૂનની માનવીય મર્યાદામાં કેવી રીતે બાંધી દીધા ? અને કદાચ આ માની લેવામાં આવે કે આપના ફેંસલા પછીથી ભગવાન માણસ બની ગયા. તો પછી સીલિંગના તમામ કાયદાઓને છેતરવાને માટે મંદિરો, મસ્જિદો, ગિરજાઘરો, ગુરુદ્વારાઓ આદિએ જે સેંકડો એકર જમીનો ભગવાનોને નામે લખી દીધી છે, તેનું શું થશે ? ભગવાન જો માણસ હોય તો માણસ તો જમીનની કાયદાકીય માલિકી રાખી જ શકે. તો પછી ભૂમિઅધિકારના એ તમામ સંઘર્ષોનું શું થશે, જે ભગવાનને નામે કરવામાં આવતી એવી ચાલાકીની વિરુદ્ધ લડવામાં આવ્યા છે, લડાઈ રહ્યા છે, લડવામાં આવશે ? એમનો આખો સંઘર્ષ ઈશ્વરની વિરુદ્ધ બગાવત બની જશે.

કોઈ પણ કાનૂની ફેંસલાની સફળતાની કસોટી એ છે કે તેનાથી ગુનેગારોના મનમાં પશ્ચાતાપ કે પ્રાયશ્ચિત્તનો ભાવ જાગે અને સામેવાળામાં ઉદારતાનો ભાવ જાગે. આપના આ ફેંસલાથી આવું કંઈ થયું ? હિન્દુત્વના દાવેદારો એવું કહી રહ્યા છે કે એમનું લક્ષ્ય એમને મળી ગયું છે. બસ, હવે મંદિર બનાવવું છે ! આ ગુનાના સર્જકો એવું કહી રહ્યા છે કે એમને ગર્વ છે કે તેઓ બાબરી મસ્જિદ ધ્વંસ આંદોલનમાં સામેલ થઈ શક્યા. બીજા બધા જ વિજયોત્સવ મનાવી રહ્યા છે, અપરાધબોધ લેશમાત્ર પણ ક્યાંય દેખાતો નથી.

**(અનુસંધાન પાના નં. ૪૪૯ ઉપર)**

## (૦૭) હું... કેલેન્ડર !

- ભાવના પાઠક

બાલદોસ્તો, શિક્ષક મિત્રો અને પૃથ્વી પરના સઘળા માનવીઓપ.. મને ઓળખો છો ?

હું... કૅલેન્ડર ! કેમ છો ?

તમારા ઘરના ઓરડામાં, દીવાલો પર, ઑફિસોમાં, અરે હવે તો તમારા વ્હાલા મોબાઇલમાં પણ હું તમને મળું છું. આ વખતે ૨૦૨૦માં ફેબ્રુઆરી માસમાં તમે મને થોડું વધારે ધ્યાનથી જોતા જોતા પ્રશ્ન કરતા હતા કે આ વખતે ફેબ્રુઆરી માસના ઓગણત્રીસ દિવસો કેમ ? કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓએ શિક્ષકોને, ઘરે મમ્મી-પપ્પાને આ પ્રશ્ન કર્યો હતો. વળી શિક્ષકોની તાલીમમાં અને ઑફિસમાં પણ મારી સામે જોઈને સૌ ચર્ચા કરતા હતા કે મહિનાના દિવસો ક્યારે ૩૦, ક્યારે ૩૧, ક્યારે ૨૮ કે ક્યારે ૨૯ આવું નક્કી ક્યારથી અને કોણે કર્યું ? મને આ બધું સંભળાતું હતું હો... પેલા મહાભારતની સિરિયલના સમયની માફક...! અને મને પણ થયું હતું કે ચાલો,તમારા તમામ પ્રશ્નોના જવાબ મારી પાસે છે. ચાલો જવાબ આપું... પરંતુ તમે તો કેટકેટલી દોડધામમાં હતા. સ્કુલ, ટ્યુશન... જીમ... પરીક્ષાની તૈયારી... પીઝા... બર્ગર... જન્મ દિવસ- લગ્નની મોજ... બાપ રે... કેટલી ભાગ-દોડ ? આ બધામાં મારી સામે કોણ જુએ ? ત્યાં તો કોરોનાનો કહેર આવી પહોંચ્યો... અને સમગ્ર પૃથ્વી પરનો વિશાળ જનસમુદાય, લોકડાઉન... થયું. ચાલો અત્યારે સૌને નિરાંત છે... તો મારી કહાણી કહું.

હું... કૅલેન્ડર !

આજે કઈ તારીખ છે ? કયો વાર છે ? આ લોકડાઉન ક્યારે પૂરું થશે ? આ બધા સવાલના જવાબ મને મળવાથી, કહોને દૂરથી મારી સામે જોઈને પણ મળી શકે ? અત્યારે તો મને જોઈને મારામાં કંઈ વિશેષ જણાય નહીં. પરંતુ તમે આજે મારું જે સ્વરૂપ જુઓ છો તે સ્વરૂપ થતાં તો સદીઓ વીતી ગઈ છે. મારી કહાણીની શરૂઆત તો માનવજાત લખતાં-વાંચતાં શીખી એ પહેલાંના જમાનાથી થઈ છે !

ઋષિવર્ય, વિદ્વાન, વડવાઓ સુરજ ઊગવાથી આથમવા સુધીના સમયને એક દિવસ કહેતા. પછી સુદ અને વદ, અંધારિયું અને અજવાળિયું, આ બધાનો મારામાં સમાવેશ કઈ રીતે થતો ગયો ખબર છે !

ચંદ્રનાં વૃદ્ધિ અને ક્ષયના આધારે બધી ગણતરીઓ થતી. દીવાલ-ઘડિયાળ, કાંડા-ઘડિયાળ, મોબાઈલ, ટી.વી., આવું બધું તો હતું જ નહીં. સમય બહુ બચે ! રાત્રે આકાશ તરફ નજર નાખતા નાખતા અવિરતપણે કુતૂહલભેર ગણતરીઓ થયા કરતી. ખગોળનાં ઘણાં રહસ્યો આ સમયગાળામાં માનવજાતને સાંપડ્યાં. દિવસ અને રાતની ગણતરી કરતા જેમ જેમ વધારે બારીકાઈથી નિરીક્ષણ થતું ગયું, તેમ ચંદ્રના ફેરફારો, પુનમને દિવસે પૂર્ણ ચંદ્ર, અમાસને દિવસે અદૃશ્ય થતો ચંદ્ર, ફરી પાછો ધીરે ધીરે મોટો થઈને પૂનમે પૂર્ણકળાએ પહોંચતો ચંદ્ર. આ પૂરા સમયગાળાને એક માસ એવું નામ અપાયું.

વળી, અવલોકનોને આધારે અનુભવાયું કે, સમયની સાથે ઋતુઓનો સંબંધ પણ છે. અને તે કોઈક ચોક્કસ ક્રમ પણ જાળવે છે. પ્રાચીન મિસરમાં ઋતુઓની ગણતરી નાઈલ નદીમાં પૂર આવે, જુદા-જુદા ખેતરમાં, જુદા-જુદા પાક ઉગાડવામાં આવે તે પાક્યા પછી તેની લણણી(લાણી) કરવામાં આવે એમ ક્રમિક રીતે એક આખું ચક્ર પૂરું થાય તેને એક વર્ષ એવી ગણતરી કરવામાં આવતી.

અભ્યાસુ વડવાઓએ જે ગણતરી કરવાનું ગોઠવ્યું છે, તે પૃથ્વી અને ચંદ્રના ફરવા સાથે સંબંધિત હતું. પૃથ્વી સૂર્યની ફરતે ફરે છે તેથી સૂર્યોદય અને સૂર્યાસ્તની ઘટના ઘટે છે. ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે અને તેના દેખાવમાંય(કળામાં) ફેરફાર કરે છે. અને તેથી ઋતુઓનું ચક્ર થાય છે. ઘણા લાંબા સમય સુધી દિવસો, મહિના, અને ઋતુઓને એક સરખી રીતે, સાંકળવાનો કોઈએ પ્રયત્ન કર્યો નહીં. જ્યારે

જ્યારે પણ પ્રયાસ થયો ત્યારે વધારે મુશ્કેલી લાગી હતી. એ કામ ઘણું કઠણ હતું હો... દિવસો(વાર) અને મહિનાઓને બરાબર મેળ ન હતો. સમસ્યાઓ શું હતી ? એક પૂનમથી બીજી પુનમ સુધી લગભગ ૨૯.૫ દિવસ લાગે છે. એવી જ રીતે દિવસો(વાર) અને વરસનો કે માસ અને વરસનો મેળ પણ મળતો ન હતો. કારણકે પૃથ્વી સૂર્ય ફરતી લગભગ ૩૬૫.૨૫ દિવસમાં એક આંટો પૂરો કરે છે. ચંદ્ર એક વરસમાં બારથી તેર વખત પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે તે કારણ છે. બોલો... આટલી ઝીણવટભરી ચોક્કસાઈ અને અથાક મહેનતના પરિણામે પ્રાચીન બેબિલોનના પુરોહિતોએ એક કૅલેન્ડર બનાવ્યું. તેમાં કેટલાક મહિનાના ૨૯ દિવસો અને કેટલાક મહિનાના ૩૦ દિવસો લેખે ગણતરી કરવામાં આવી હતી. પ્રથમ તેમણે બાર માસનું વરસ ગણ્યું હતું. પણ તેમાં કેટલાક દિવસો ઘટતા હતા. અને મહિનાઓ તથા ઋતુઓની પણ એકસૂત્રતા ન હતી. જો આપણું વરસ(અથવા વરસની ગણતરી) પૃથ્વી સૂર્ય ફરતી એક પ્રદક્ષિણા પૂરી કરે તે સમય કરતા ટૂંકું હોય તો આપણી હોળી(હુતાશણી) વસંતઋતુને બદલે ગ્રીષ્મ કે વર્ષામાં આવે. આવી રીતે મહિનાઓને ઋતુઓ સાથે બરાબર મેળ બેસાડવા માટે બે કે ત્રણ વરસે એક વધારાના મહિનાની ગણતરી કરવાની જરૂર પડી.

વળી, પ્રાચીન ગ્રીક લોકોનું કૅલેન્ડર બેબિલોનને લગભગ મળતું હતું. પ્રાચીન રોમન લોકોએ પણ એવું જ ગણ્યું હતું. પણ રોમન લોકોના રાજકારણે આ કૅલેન્ડર સાથે ખૂબ ચેડાં કર્યાં છે. તેને ઠીક ઠીક ફેરવ-ફેરવ કર્યું છે. એ સમયમાં જે રાજ્યકર્તા પ્રત્યે ગમો કે અણગમો ઊભો થાય તેના સમયમાં પેલો વધારાનો મહિનો ખાસ ઉમેરવામાં આવતો. આ બધું ત્યાંના પુરોહિતોના હાથમાં હતું.

જ્યારે જુલિયસ સિઝર રોમની ગાદીએ આવ્યો ત્યારે આ કૅલેન્ડર ખૂબ ખરાબ રીતે ગૂંચવાયેલું હતું. તેણે આ ચંદ્રમાસવાળું કેલેન્ડર કાઢી નાખ્યું. અને ફેર નવી વ્યવસ્થા ઊભી કરી. આમાં તેણે કેટલાક ખગોળશાસ્ત્રીઓની મદદ માગી. આ માટે તેણે મિસરી લોકોનાં વિચારો અને માન્યતાઓનો પણ ઉપયોગ કર્યો.

મિસરી લોકોએ પોતાના વરસની લંબાઈ એક પ્રકાશિત તારાના નિરીક્ષણ પરથી કરી હતી. એ તારો સવારના પ્રભાતમાં પૂર્વ દિશામાં જે દિવસે દેખાય ત્યારથી તેનું વર્ષ શરૂ થતું. આ વર્ષની લંબાઈ ૩૬૫ દિવસની હતી.

સિઝરના ખગોળશાસ્ત્રીઓએ ગણતરી કરી નક્કી કર્યું કે વરસની લંબાઈ ૩૬૫.૨૫ દિવસની થાય છે. તેણે ત્રણ વર્ષ માટે ૩૬૫ દિવસ નક્કી કર્યા. અને દર ચોથા વરસે ૩૬૬ દિવસનું વરસ ગણવાનું નક્કી કર્યું. તેણે ચંદ્ર માસનો આગ્રહ રાખ્યો નહીં હોવાથી વરસની કુલ લંબાઈને મનપસંદ રીતે વહેંચી શકે તેમ હતા. તેણે વરસને બારભાગમાં વહેંચ્યું. અને તે પૈકી કેટલાક મહિના ત્રીસ દિવસના ગણ્યા. રોમન લોકો એકી સંખ્યાને શુકનવંતા ગણતા હોવાથી એકત્રીસ દિવસ વાળા પાંચ માસને બદલે છ માસ કરવા તેણે ફેબ્રુઆરીમાંથી એક દિવસ લીધો. જ્યારે આ ફેરફાર થયો ત્યારે જુલિયસ સિઝર રાજા હતો. તેના નામ પરથી એક માસનું નામ જુલાઈ રાખવામાં આવ્યું. પછી ઓગસ્ટસ રાજા તરીકે આવ્યો ત્યારે તેના નામ પરથી બીજા એક માસને ઓગસ્ટ નામ આપવામાં આવ્યું. જો જુલિયસના નામવાળા માસના એકત્રીસ દિવસ હોય તો પોતાના નામવાળા માસના ત્રીસ દિવસ કેમ હોય ? તેના પણ એકત્રીસ દિવસ ગણવામાં આવ્યા. અને તે માટે ફરી ફેબ્રુઆરી માસમાંથી એક દિવસ લેવામાં આવ્યો. આમ જે વરસમાં ૩૬૬ દિવસ હોય તે સિવાયના વર્ષોમાં ફેબ્રુઆરીમાં ૨૮ દિવસ થયા. અને ૩૬૬ દિવસવાળા વરસને લીપવર્ષ એવું નામ આપવામાં આવ્યું.

ઓગસ્ટસ અને સિઝરના સમયથી કોઈપણ ફેરફાર વગર આપણા મહિનાઓનાં નામ અને દિવસો ચાલ્યાં આવે છે. તે નામો લૅટિન શબ્દો ઉપરથી નક્કી થયાં છે. જાન્યુઆરી નામ રોમન દેવતા Janusના નામ પરથી, ફેબ્રુઆરી તહેવાર Februlia પરથી, માર્ચનું નામ યુદ્ધ દેવતા Mars (મંગળ)ના નામ પરથી, એપ્રિલ એટલે ખીલવું, વનસ્પતિનું ખીલવું, લૅટિનમાં તેને માટે Aperira શબ્દ છે તેના પરથી, મે વનસ્પતિની વૃદ્ધિ કરનાર દેવી Maiaના નામ પરથી, જૂન યુવાવસ્થાના દેવ જેનું લૅટિન નામ Junenis છે તેના નામ પરથી, જુલાઈ રોમન સમ્રાટ જુલિયસ સિઝરના

નામ પરથી, ઓગસ્ટ રોમન સમ્રાટ ઓગસ્ટસના નામ પરથી, આમ પછીના મહિનાઓનાં નામ સપ્ટેમ્બર લૅટિન શબ્દ Septem(સાત) પરથી, ઑક્ટોબર લૅટિન શબ્દ Octo (આઠ) પરથી નવેમ્બર લૅટિન શબ્દ Novem (નવ) પરથી અને ડિસેમ્બર લૅટિન શબ્દ Decem(દસ) પરથી રાખવામાં આવેલ છે. અઠવાડિયાની ગણતરી પણ સિઝરના કૅલેન્ડર પ્રમાણે જ ગણાય છે. સિઝરની લીપવર્ષની યોજના ૧૬૦૦ વર્ષ માટે કરવામાં આવી હતી. પરંતુ એ સમય દરમ્યાન એક મુશ્કેલી આવી તેનું કારણ એ હતું કે વર્ષની લંબાઈ ૩૬૫.૨૫ દિવસ કરતા થોડી ઓછી હતી.

પોપ ગ્રેગરીએ આ ભૂલ સુધારવા માટે ખગોળશાસ્ત્રીઓની મદદ લીધી, ગણિતશાસ્ત્રીઓને પણ સહાયમાં લીધા અને લીપવર્ષ માટે સરળ નિયમ બનાવ્યો. અત્યારે પણ એ નિયમ મુજબ ચાલવામાં આવે છે. જો વર્ષની સંખ્યાને ચાર વડે નિઃશેષ ભાગી શકાય, તો તે વર્ષ લીપ વર્ષ પણ જે વર્ષને છેડે બે શૂન્ય આવે એટલે કે સૈકાનું વર્ષ હોય તેને લીપ વર્ષ ન ગણવું. પણ સૈકાના જે વર્ષને ૪૦૦ વડે નિઃશેષ ભાગી શકાય તે વર્ષને લીપ વર્ષ ગણવું. આ વાત સમજવા માટે ભારતીય શિક્ષકોએ એક જોડકણું બનાવ્યું છે. તે તો તમે જાણો જ છો ને ?

ચાર, છ, નવ અગિયારમાં
તેના તો દિન ત્રીસ,
અવરે એકત્રીસ છે,
બીજે અઠ્યાવીસ,
ચાલુ ચોથા વર્ષનો,
બીજો જે બોલાય,
તે તો ઓગણત્રીસનો,
ગણતા એમ ગણાય,
પણ સૈકાના વર્ષમાં,
અઠ્યાવીસ લખાય.
દર ચોથા સૈકા વિષે,
ઓગણત્રીસ ગણાય.

ગુજરાતના શિક્ષકોએ ગણિતમાં આ વાતને રસપ્રદ રીતે શીખવવા આ જોડકણું બનાવ્યું છે. વળી ઋતુઓ સાથે બરાબર મેળ મેળવવા માટે પોપ ગ્રેગરીએ કૅલેન્ડર દસ દિવસ આગળ મૂક્યું. એટલે કે તારીખ ૫ ઓક્ટોબર ૧૫૮૨ને તેણે ૧૫ ઓક્ટોબર ૧૫૮૨ ગણાવી. કેટલાક દેશોને આ વાત ગળે ઉતરતી નહોતી. કેટલાકે તો કહ્યું પણ ખરું કે અમને અમારી જિંદગીના દસ દિવસ પાછા આપો. છેક ૧૭૫૨માં સૌએ આ વિચાર અપનાવ્યો. વળી આજ અરસામાં જાન્યુઆરીને વર્ષનો પ્રથમ માસ અને તેની પહેલી તારીખથી વર્ષની શરૂઆત ગણવામાં આવી. તે પહેલાં ૨૫ માર્ચ વરસનો પ્રથમ દિવસ ગણવામાં આવતો હતો. આમ આ તમામ નવી ગણતરી અને ફેરફારમાં પોપ ગ્રેગરીએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આથી જ મારું અત્યારનું તમે જે સ્વરૂપ જુઓ છો તે ગ્રેગોરિયન પંચાંગ તરીકે પણ ઓળખાય છે. આવી છે મારી કહાણી...

તમે મારી આ વાત તમારા મિત્રોને પણ કહેજો અને કોરોના લોકડાઉનમાં પેલું જોડકણું ગાઈને યાદ રાખી લેજો. ૨૦૨૧માં ફેબ્રુઆરીના કેટલા દિવસ હશે કહો જોઈએ ?

●---------●●●--------●●●---------●

લોકભારતી, સણોસરા

**(અનુસંધાન પાના નં. ૪૪૬ ઉપરથી)**

બીજી બાજુ મુસલમાન સમુદાયમાં હતાશા છે. પરાજયનું દુઃખ છે. ઉદારતા નથી. આપણે એમને શાબાશી આપવી જોઈએ. એમણે વિરોધ ન કરવાનો નિર્ણય કર્યો છે. પણ ઘા ઊંડો છે, જરા વિચાર કરો. આ નિર્ણય મસ્જિદની તરફેણમાં આવ્યો હોત તો ? સડકો પર, મંદિરોમાં, હિન્દુત્વના તમામ ગઢોમાં શું થઈ રહ્યું હોત ? દેશભરની મસ્જિદો પર શું વીતી રહ્યું હોત ? સંસદમાં પોતાની અપાર બહુમતીની તલવારથી આપનો નિર્ણય ઊડાવી દીધો હોત અને સંસદ એ જ નિર્ણય કરત જે આપે કર્યો છે. જાતીય શ્રેષ્ઠતાના દર્શનમાં વિશ્વાસ કરવાવાળી રાજનીતિનો આ ચહેરો આપ કેવી રીતે ભૂલી ગયા ? આપે સાચું જ કહ્યું હતું કે અદાલતો ઇતિહાસની ભૂલોને સુધારવાનું કામ નહિ કરી શકે, પણ આપ ભૂલી ગયા - અદાલતો ઐતિહાસિક ભૂલો પણ ન કરી શકે.....

## (૦૭) મંગળની શિક્ષણયાત્રા

- મનહર ઠાકર

તેના અભ્યાસ પરથી એને જે તારણો મળ્યાં તેના આધારે પોતે સતત અનુભવતો હતો કે ગામડાંમાં આપણી પાસે લાખો એકર ફળદ્રુપ જમીન છે, તેને ખેડવા માટે પૂરતું પશુધન અને યંત્રસામગ્રી છે. બારેમાસ વહેતી મહાનદીઓનાં વારિસંચયથી કે અન્ય સિંચાઈ પદ્ધતિઓથી જમીનને પાણી પૂરું પાડવાની ટેક્નૉલોજી હસ્તગત કરીને ગ્રામાભિમુખ કૃષિલક્ષી યોજનાઓથી આગળ વધવામાં જ ઉદ્ધાર છે. આમ કરવાથી આપણી ઘણી બધી સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય. આના પરથી તેને એવું જણાયું કે આ પ્રમાણેની યોજનાઓ સાકાર કરવાથી આપણો દેશ સમગ્ર અશિયાખંડ માટે અનાજનો કોઠાર બની શકે તેમ છે.

તેને સંબંધિત સાહિત્યના અભ્યાસ પરથી એવું પણ જાણવા મળ્યું કે આપણી પાસે આદર્શ ગામનો નમૂનો 'સેવાગ્રામ' બાપુએ સર્જીને મૂકયો છે. દરેક ગામડું એવું બને તો દેશના વિકાસમાં અમૂલ્ય પ્રદાન ગણાય. ગ્રામોદ્યોગ જેટલો વિકસશે ને તેનું ઉત્પાદન જેટલું વધશે તેટલા પ્રમાણમાં દેશનો ઔદ્યોગિક વિકાસ બળવત્તર બનશે. તેની ઉપફલશ્રુતિરૂપે શહેરોની ગીચ વસતિની સમસ્યા હળવી કરી શકાશે. તે માટે ખેતી વિકાસની સાથે ગામડાંમાં નાનામોટા ગૃહઉદ્યોગોને અસરકારક બનાવવા માટે તેણે અભ્યાસ કર્યો અને તેનો અમલ કરવા કમર કસી.

તેણે ગ્રામીણ લોકોની માનસિકતાને લીધે તેમની સામાજિકતા પર થતી અસર વિશેનો પણ અભ્યાસ કર્યો. ગામડાંની રૂઢિઓ, વહેમો, માન્યતાઓ, રિવાજો અને સંસ્કૃતિના અભ્યાસ પરથી હવે તેને જનજાગૃતિ કેળવવામાં રસ પડ્યો. જ્ઞાતિ, જાતિ, સામાજિક વર્ગો, સાક્ષર-નિરક્ષર, ગરીબ-અમીર, શોષક-શોષિત, સવર્ણ-પછાત જેવી સામાજિક ભિન્નતાઓના કારણે સમાજમાં પેસી ગયેલાં દૂષણો ઉપરાંત વ્યકિતગત રીતે દારૂ, જુગાર, દહેજ, મહિલા-અત્યાચાર જેવાં દૂષણો સામે જનજાગૃતિ લાવવામાં પ્રચાર માધ્યમોનો ઉપયોગ તેને વધુ કારગત જણાયો. તે માટે પોતે ભવાઈ-નાટકો, વાર્તાઓ, ગીતો, પ્રસંગકથાઓનું સ્ક્રિપ્ટલેખન આદર્યું. જેનું પ્રસારણ ટેલિવિઝન, રેડિયો, વર્તમાનપત્રો, સામયિકો, પત્રિકાઓ, શેરીનાટકો અને વાર્તાલાપો દ્વારા શરૂ કરાવ્યું. ગામડાંની તળપદી ભાષામાં મનોરંજન સાથે પોતાની આગવી શૈલીમાં કંઈક સામાજિક સંદેશ આપવાની આ યોજના ગ્રામોદ્ધાર માટે આગવી ક્ષમતા ધરાવતી હતી. લોકોને તેમાં રસ પડ્યો.

ભારતનો આત્મા-ગામડું, તેની ચેતનાને અભ્યાસી, તપાસી, ઢંઢોળી ઉજાગર કરવાની નેમ સાથે મંગલે આ રીતે વિજ્ઞાન અને ટેક્નૉલોજીને સથવારે એક સળવળાટ પેદા કર્યો.

૭. તેજસ્વિતા અને ગતિશીલતા

મંગલના શિક્ષણની તેજસ્વિતા અને ગતિશીલતાના પાયામાં ધ્યેય વિશેની સ્પષ્ટતા, કાર્ય માટેનાં ધોરણો, અને માનવીય અભિગમ વિશેની જાગરૂકતા કારણભૂત છે. પોતે પણ આ ત્રણેય બાબતે ચિંતિત રહે છે. સમયાન્તરે તે ચિંતન કરતો રહે છે, પુનરાવલોકન કરતો રહે છે અને જરૂરી ફેરફારો સાથે પોતના જ્ઞાન-કૌશલ્ય-કાર્યમાં સુધારણા કરતો રહે છે. તેથી જ તેના વ્યક્તિત્વની ઊંચાઈ વધતી ચાલી છે અને સેવાવિસ્તરણ કાર્યોનો વ્યાપ વધતો ગયો છે. શિક્ષણ દ્વારા વિકસતું તેનું ચારિત્ર્ય સમાજ અને રાષ્ટ્ર માટે પ્રસ્તુત બની રહ્યું છે. સમાજ તેને આવકારી રહ્યો છે. તેની આ વણથંભી યાત્રામાં ચડાવ-ઉતાર આવ્યા જ છે, ભૂલો પણ થઈ છે, ફરી બેઠા થવાયું છે. પણ તેની યાત્રા ચાલુ રહી છે. બદલાતા સમયની માંગ પ્રમાણે કે સામાજિક જરૂરિયાતોને કારણે પોતે શૈક્ષણિક પરિવર્તનો ઝીલ્યાં છે. પણ ધ્યેય વિશેની સ્પષ્ટતા અખંડ રહેવા પામી છે. એનું કારણ એ છે કે શિક્ષણ અને ગ્રામસમાજનાં પોષક તત્ત્વો એના હાડમાંસમાં ઓતપ્રોત થઈ ગયેલાં છે. તેને મળેલ વૈધિક-અવૈધિક શિક્ષણ દ્વારા તેના જીવનમાં સ્વયંશિસ્ત, ભયમુકત સ્વતંત્ર વાતાવરણ, સ્વયંસ્ફૂર્તિ, વ્યક્તિત્વનો સમતોલ વિકાસ, હકારાત્મક-માનવીય-વૈજ્ઞાનિક અભિગમો, ગ્રામસેવા, સમાજાભિમુખતા, ગ્રામોત્થાનની ભાવના, ગ્રામજનોની સુખાકારી માટેનો અભ્યાસ, પરિશ્રમ અને સાદગીપૂર્ણ જીવનશૈલી જેવાં તત્ત્વો ઉમેરાયાં હતાં.

જેના લીધે તેના શિક્ષણનાં સર્વ પાસાં ખીલ્યાં, સંશોધનો વિકસ્યાં અને સેવા વિસ્તરણ કાર્યો કાર્યાન્વિત થયાં.

કેળવણી દ્વારા લોકોપાસના અને ગ્રામસમાજના પુનરુત્થાનની આધારશિલા સાથે મંગલનું ચરિત્રકાર્ય આગળ ધપ્યું. પરિશ્રમની પ્રતિષ્ઠા અને તેનું ગૌરવ ગ્રામજનોને ગળે ઉતરાવવા માટે પોતે એ બધું આચરણમાં મૂક્યું. બૌદ્ધિકો અને શ્રમિકો વચ્ચેનો ભેદ, જ્ઞાતિભેદ, સ્ત્રી-પુરુષ અસમાનતાનું નિવારણ થાય તે માટેના પ્રેમભાવનો વિકાસ અને વિસ્તાર, સુટેવોનું ઘડતર, ઉત્સવોની સામૂહિકઊજવણી, સમૂહભોજન, લોકમેળા, ખેડૂતમેળા, મહિલાશિબિર, ગ્રામશિબિર અને સામૂહિક જવાબદારીઓ જેવાં રચનાત્મક કાર્યો થવાં માંડ્યાં. ગ્રામાભિમુખ શિક્ષણ અને સંવર્ધનના નિશ્ચિત ધ્યેય સાથે મંગલનું જીવનસાફલ્ય ઊભરાવા લાગ્યું.

મંગલના મનમાં એક વિદ્યાર્થી તરીકેની ફરજો સ્પષ્ટ હતી; જેમાં વિદ્યા સંપન્ન કરવી, વ્યવસાયની તાલીમ અને જીવન જીવવાની કળા-આદર્શ જીવન કેવી રીતે જીવવું તે ત્રણ બાબતો મુખ્ય હતી. એટલે નૈતિક વિદ્યા, નૈતિક શિક્ષણ તથા આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટેની આધ્યાત્મિક વિદ્યા પણ તેણે શિક્ષણમાં પ્રાપ્ત કરી. આપણા સાંસ્કૃતિક વારસાનાં મૂળ તત્ત્વો અંગે વિદ્યાર્થીઓને જે ઋષિઓનો સંદેશ છે તેને પોતે અનુસરવા પ્રયત્ન કરતો હતો. જીવનવ્યવહારમાં જે યોગ્ય હોય, ધર્મ અને નીતિના સિદ્ધાંતોને સુસંગત હોય તેવાં જ વર્તનો કરવાનું એ પસંદ કરે છે. જે ક્ષુલ્લક, અયોગ્ય અને છતાં ગમે તેટલું પ્રિય કે મોહક-લોભામણું હોય તો પણ તેનાથી પોતે દૂર રહે છે. કારણ કે તેનું મન ક્ષુલ્લક ચંચળ ન હતું. તેની બુદ્ધિ સીમિત ન હતી, તેને વિવેક બુદ્ધિ, સારો વારસો, ઉત્તમ સંસ્કૃતિ સાથે આધ્યાત્મિક વારસાનું શિક્ષણ પ્રાપ્ત થયું હતું. આ પ્રકારના શિક્ષણ થકી તેનામાં દિવ્યતા, ઉદારતા, સદાચાર, પ્રેમ, પ્રામાણિકતા, સત્યનિષ્ઠા અને વિવેક જેવાં ગુણો-મૂલ્યો સહજપણે વિકસ્યાં હતાં. કારણ કે તેણે લીધેલા શિક્ષણથી તેના જીવનનો મજબૂત પાયો કંડારાયો હતો. તેથી પોતાના જીવનમાં સદ્‌ગુણો અને ઉમદા ગુણો વિકસ્યા હતા. આમ જીવનની સફળતા અને સલામતી માટેનો સાચો માર્ગ તેને પકડાયો હતો.

વિદ્યાર્થીજીવનમાં તેણે પોતાની જાતનું ઘડતર કરવામાં મહત્તમ કાળજી રાખી હતી. તેથી એવો ઘાટ અપાયો કે સંસ્કારના ચોક્કસ ઢાંચામાં તેનું જીવન ગોઠવાયું. હવે તો એ પ્રમાણે જ જિંદગીનો માર્ગ સડસડાટ આગળ વધવા લાગ્યો. તેણે પ્રાપ્ત કરેલાં સદ્‌ગુણો, આત્મનિયંત્રણ, જીવનની નિર્મળતા અને સત્યશીલતા જીવનમાં સ્થિર થઈ ગયાં હોવાથી તેનું જીવન આનંદમય અને સફળતાભર્યું બન્યું. મંગલના જીવનમાં શિક્ષણ દ્વારા જે તેજસ્વિતાનો નિખાર આવ્યો તે તેજસ્વિતા જીવનની ગતિશીલતામાં ઉપકારક બની રહી.

૮. શિક્ષણનું ગૌરવ

શિક્ષણના પરિપાકરૂપે મંગલના જીવનમાં સ્વચ્છતા, સમયપાલન, નિયમિતતા, પ્રામાણિકતા, કર્તવ્યનિષ્ઠા, ઉમંગ અને ઉત્કૃષ્ટતાની ખિલવણી થઈ હતી. તે માટે પોતાને મળેલા શિક્ષણનું જ ગૌરવ અનુભવાય છે. એટલે આ શિક્ષણને જ તે સમૃદ્ધ અને આદર્શ ગણે છે. તેનાં ઉદાત્ત આદર્શો અને સમૃદ્ધ પાસાં આજે પોતે વાગોળે છે ત્યારે અત્યંત આનંદ અનુભવે છે. એક આદર્શ જીવનપદ્ધતિ અપનાવીને તેજસ્વી વ્યકિત બનવામાં આ શિક્ષણ પૂરેપૂરું તેને માટે કામિયાબ નીવડ્યું.

આ શિક્ષણના સથવારે પોતે સન્માર્ગે દોરાયો છે. પોતાનો ઉત્કર્ષ કર્યો છે. તેથી તે ઉદાત્ત બન્યો છે. પોતાનામાં દુર્વૃત્તિઓ ન ભડકી તેનો યશ આ શિક્ષણને ફાળે જાય છે. જેથી તે વિશુદ્ધ બની શકયો, પરોપકારી બની શકયો અને ઉચ્ચ આદર્શવાદી બની શકયો.

માનવદેહમાં દૈવી અને આસુરી એમ બન્ને પ્રકારની શકિતઓ પડેલી છે. શિક્ષણનું કામ આસુરી અંશોને દબાવીને વ્યક્તિમાં પડેલા દૈવી અંશોને ઉપર લાવીને ખિલવવા-વિકસાવવા-કાર્યાન્વિત કરવાનું છે. તેને બદલે જો મનમાં બેઠેલા રાક્ષસી અંશોને છૂટો દોર મળે-ગેરમાર્ગે દોરવાય તો અધોગતિ ભણી ગરકાવ થઈ જવાની પૂરી દહેશત છે. માણસની શક્તિ વિનાશક ન બને અને સર્જનાત્મક વલણ અપનાવે તેવા કાર્યક્રમો મંગલને શિક્ષણમાં પ્રાપ્ત થયા એટલે તેની શક્તિનું યોગ્ય દિશામાં ઉર્ધ્વીકરણ થયું અને સમાજમાં યોગ્ય માર્ગે ઉપયોગ થયો. માનવદેહ તરીકે તેની પાસે અમાપ અને વિશાળ શક્તિનો જથ્થો છે. તેની ભીતરી શક્તિઓમાં કેળવણીનો સંચાર થઈ ચૂકેલો. તેના જોમ અને જુસ્સાને શિક્ષણે થનગનતો કરી દીધો છે. સમગ્રને સર કરવાની

તેનામાં ભાવના જગાડી છે.

મંગલના ઘડતરમાં યોગ્ય પ્રકારના ભણતરથી જે વર્તનો વિકસ્યાં તે અન્ય માટે પ્રેરણાદાયી બન્યાં છે. તે અન્યની લાગણી-જરૂરિયાતોને સન્માન આપે છે. પોતે ગર્વ-અહંને દૂર રાખે છે. માનવજાતની જરૂરિયાતો સંતોષાતી હશે તેટલા જ પ્રમાણમાં સામાજિક રીત-રિવાજો અને સામાજિક મંડળોને મહત્ત્વ આપે છે. સામૂહિક પ્રશ્નોના નિકાલમાં તે સહકારની ભાવનાથી વર્તે છે. તે બળ અને હિંસાને બદલે ન્યાયનો માર્ગ અપનાવે છે. સત્ય સાથે સુસંગત હોય તેવા ઉકેલ દ્વારા સત્યની ખોજ કરે છે. બૌદ્ધિક સ્વતંત્રતા-જન્મસિદ્ધ હકનો પોતે નીડરતાથી ઉપયોગ કરે છે. તેના વિચાર અને આચારમાં બૌદ્ધિક પ્રામાણિકતાનું દર્શન થતું રહે છે. બીજાની શ્રેષ્ઠતા અને ઉન્નતિ-સિદ્ધિની અદેખાઈ ન કરતા તેને તે સન્માન આપે છે અને તેના પ્રત્યે પોતે અહોભાવ પ્રગટ કરે છે. પોતાને ખોટી રીતે મળેલી સગવડ, તક કે હક જેવી અયોગ્ય બાબતો પરત્વે નાપસંદગી દર્શાવે છે. અન્ય સાથે પોતે પણ આ પ્રકારનું અયોગ્ય આચરણ કરતો નથી.

ખરી કેળવણી પામીને મંગલે પોતાના જીવનનો આચાર-નૈતિકતા, જીવનવ્યવહાર એ જ ધર્મ બનાવ્યો. તેના શિક્ષણમાં ધર્મ એટલે જીવનની એવી એક આંતરિક દૃષ્ટિ કે જે સમાજસેવા અને સમર્પણમાં આવિર્ભાવ પામે તે. તેના માટે પ્રેમ, સહાનુભૂતિ અને કર્તવ્યની ભાવનાની ખિલવણી જરૂરી છે. આ બાબતો તેને પોતાના ભણતર અને ઘડતર દરમ્યાન પ્રાપ્ત થઈ હતી.

સત્વશીલ અને નક્કર સંસ્કાર વારસાની કેળવણીથી મંગલનું ચારિત્ર્ય ઘડતર થયું છે. શિક્ષણ દ્વારા તેનો સર્વાંગી વિકાસ થયો. તેથી પોતાના ક્ષેત્રનું જ્ઞાન, સમજ, કૌશલ્યો અને ઉપયોગ તેણે હસ્તગત કર્યાં. સમાજની વચ્ચે પોતે વધુ સમધારણ બની પોતાના રસ, વલણ અને આદર્શોને પ્રસ્થાપિત કરી શકયો. 'ભણવામાં આપણે હોશિયાર હોઈએ તેટલું પૂરતું નથી, સાથે પૂરતા પ્રામાણિક પણ થવાનું છે.' આ મંત્ર તેના હૈયે કોતરાયો અને જીવનભર ચરિતાર્થ થયો.

શૈક્ષણિક કારકિર્દી ઘડવાનો આ સમય મંગલ માટે સૌથી મૂલ્યવાન હતો. એ તેની જિંદગીનો સુવર્ણકાળ હતો. એ સમયનો તેણે યોગ્ય ઉપયોગ કર્યો. તેનામાં આ સમયે આત્મસંયમ, પવિત્રતા, સત્યનિષ્ઠા અને સદ્‌ગુણો સુદઢપણે કેળવાયાં. તેથી જ તેનું જીવન ઉજ્જ્વળ, સફળ, અને પ્રસન્ન બની રહ્યું હતું. તેણે શિક્ષણના સમયગાળા દરમ્યાન સાવધાન રહીને પોતાની જાતને કેળવી, જીવનને યોગ્ય ઘાટ આપ્યો. શારીરિક, માનસિક, સામાજિક અને નૈતિક સ્તરે જે યોગ્ય હોય તે જ દઢ સંકલ્પથી પોતે સ્વીકાર્યું. તેને મળેલી કેળવણીથી પોતાના જીવનની ચોક્કસ એક આચારસંહિતા ગોઠવાઈ ગઈ હતી.

ગ્રામાભિમુખ શિક્ષણના સથવારે મંગલે પોતાની જન્મભૂમિ એવા રામગઢ ગામને સજ્જ કરવાનો નિર્ધાર કરી લીધો હતો. ગામની પ્રાકૃતિક રચના પ્રમાણે કુદરતી સ્રોતોની ઉપલબ્ધિ પૂરતી હતી. ડુંગરમાળની વચ્ચેના ઢાલ જેવા મેદાની તળ પર આ ગામ વસેલું છે. પૂર્વના સીમાડે ઊંચો પર્વતીય પ્રદેશ, પશ્ચિમે ખેતીવાડીની ફળદ્રૂપ જમીન, ઉત્તર અને દક્ષિણે ગામના જ પહાડોમાંથી બારેમાસ વહેતી નદીઓ તથા બન્ને પાદરને લગોલગ છલોછલ ભરેલાં તળાવનો નજારો ગામની રમણીયતા વધારે છે. ગામના આ પ્રકારે પ્રાકૃત ભૂપૃષ્ઠ પર કુદરતે અનેક પ્રકારની વનસ્પતિ, પ્રકાર પ્રકારના જળચર-સ્થળચર જીવ અને અનેક પ્રકારની જંતુ-જમાતનું સર્જન કર્યું છે. જળાશયો દ્વારા વારિસંચય કર્યો છે. આ ભૂસપાટી પર માનવી-પશુ-પક્ષી-વનશ્રી બધાં નભે, વિહરે ને સૌસૌની રીતે જીવે ને વિકસે તે માટે વિજ્ઞાન અને ટેક્નૉલોજીના સથવારે ગ્રામોત્થાન શરૂ કર્યું. પહાડો પર પવનઊર્જાનો ઉપયોગ કરવા પવનચક્કીઓ લગાવીને તેના સહારે આખા ગામને વિદ્યુતઊર્જાથી સાંકળ્યું. નદીઓ પર ચેકડેમ બાંધીને ખેતી માટેના જળસ્રોતનો પ્રબંધ કર્યો. ખેતતળાવડીઓ દ્વારા નાનાં ખેતરોમાં સિંચાઈની વ્યવસ્થા ત્યાં જ કરાવી. ગ્રામવાસીઓના દરેક ઘરે ભૂગર્ભજળ ટાંકાઓ બનાવ્યા. સોલારસિસ્ટમના ઉપયોગથી ગામની રોશની અને ઘર વપરાશની વીજળીનો પુરવઠો પ્રાપ્ત કર્યો. શિક્ષણ-આરોગ્ય-ગ્રામોદ્યોગ-સહકાર-સંગઠન-વેપારવાણિજ્યની વ્યવસ્થા માટે ગ્રામજનોની મંડળીઓ રચવામાં આવી. દરેક મંડળી સ્વતંત્રપણે અસરકારક રીતે ગ્રામસેવાનું કામ કરવા લાગી. ગામની સંસ્કૃતિનો વારસો અને વૈભવ જાળવવા માટે યુવકમંડળ, મહિલામંડળ, ખેડૂતમંડળ અને કારોબારી મંડળની રચના કરવામાં આવી. આ મંડળો દ્વારા પ્રત્યેક માસ માટે ગ્રામસફાઈના એકએક

સપ્તાહની જવાબદારીનો સ્વીકાર કરવામાં આવ્યો. 'અમારું ગામ આગવું નામ' એવા ગૌરવ સાથે આખા ગામમાં સંપ-સહકાર-સંગઠનનું બળ ઊભું થયું. વિજ્ઞાન અને ટેક્નૉલોજીના સથવારે મંગલના વિચાર-આયોજન-અમલીકરણ-અનુકાર્ય પરથી વિકાસશીલ એવું રામગઢ એક આગવું ગામ બની ગયું. મંગલના શિક્ષણનું જ આ ગૌરવ છે.

૯. આચાર એ જ ધર્મ

શિક્ષણના સથવારે મંગલને મન જે આચાર શિખાયો એ જ એનો ધર્મ બની ગયો. તેના આચરિત ધર્મ પ્રમાણે આપણું રાષ્ટ્ર અને તેનો આત્મા ગામડું જ મહત્ત્વનું અને ગૌરવપ્રદ છે. તેના કલ્યાણમાં જ પોતાનું કલ્યાણ હોવાનો એનો સંકલ્પ છે. તેની જ સેવામાં ન્યોછાવર થવાની તમન્ના સૌમાં જગાડવાની પોતાની ઝુંબેશ છે. તેની પ્રથમ અને અગ્રિમ નિષ્ઠા સદાચારયુક્ત જીવન પ્રતિ છે. સદાચારી જીવન એ જ સમાજની સર્વોત્તમ અને સૌથી મૂલ્યવાન સેવા છે. તે પોતાના જીવનમાં સદાચાર અને નીતિમત્તાને સર્વોચ્ચ પ્રાધાન્ય આપે છે. નાગરિકોના સારા સ્વાસ્થ્યને એ પહેલી સંપત્તિ ગણે છે. સદાચારી બનવું અને પોતાના સ્વાસ્થ્યની કાળજી રાખવી તેને એ રાષ્ટ્ર માટેનું પ્રથમ કર્તવ્ય માને છે.

લાંચરુશવત, ભ્રષ્ટાચાર, સ્વાર્થપરાયણતા, અનૈતિકતા, અપ્રમાણિકતા, ગેરવર્તણૂંક જેવી બદીઓથી એ હંમેશાં દૂર રહે છે. પોતાના વતનમાંથી જુગાર, દારૂ, કેફી દ્રવ્યો, ધૂમ્રપાન, અને પાન-મસાલા-તમાકુ જેવાં દૂષણોને સદંતર નાબૂદ કરવા માટે તે પ્રયત્ન કરે છે. સમાજ પ્રત્યેની બેવફાઈને પોતે અક્ષમ્ય અપરાધ કે ગુન્હો ગણે છે. સમાજ માટે સ્થપાયેલી જાહેર મિલકતનું રક્ષણ કરવું એ તેને મન કર્તવ્ય છે. તેને ખરાબ ન કરાય, તેનો દુરુપયોગ ન કરાય, તેની ચોરી ન કરાય, તેનો નાશ ન કરાય પણ પ્રેમપૂર્વક અને કાળજીથી જતન કરાય તેવો આચાર પોતે ધરાવે છે.

સૌ નાગરિકોમાં ભ્રાતૃભાવ-બંધુત્વની લાગણી એ ધરાવે છે. 'એક હૃદય હો ભારતજન' અને 'વસુધૈવકુટુમ્બકમ્'ની ભાવના તેનામાં ઓતપ્રોત છે. 'આપણો એક પરિવાર' એવું રાષ્ટ્રીયઐક્ય એના હૈયે વસ્યું છે. પ્રેમ અને સંપ-સુલેહથી ભરપૂર વ્યક્તિત્વ તેણે વિકસાવ્યું છે. પોતે તમામ ધર્મ, સંપ્રદાય અને પંથ પ્રત્યે આદર રાખે છે. અન્ય ધર્મના અનુયાયીઓને આપણા જ ભાઈઓ માનીને તેમના પ્રત્યે પ્રેમ રાખે છે. ગમે તેવા સંજોગો હોય, પણ હિંસા-બળપ્રયોગ-વેરભાવથી તે દૂર રહે છે.

સાદું જીવન અને ઉમદા વિચારો જ એનું ધ્યેય છે. તે ઉડાઉ નથી. સંપત્તિનો દુર્વ્યય ન કરતા કરકસર કરીને જે બચત થાય તે જરૂરિયાતમંદ લોકોમાં વહેંચે છે. આ બાબત તેને મન રાષ્ટ્રીય ધર્મ છે. પોતે સામાજિક ન્યાય અને કાયદાને માન આપે છે. તેનામાં કરુણાનો દિવ્ય ગુણ છે. 'અહિંસાપરમોધર્મ' એ પોતાનો આદર્શ છે. જીવ-પ્રાણી માત્ર પ્રત્યે તે અનુકંપા ધરાવે છે. પ્રાણીઓનું રક્ષણ કરવું તેને પોતાની ફરજ ગણે છે. રોજ-બ-રોજના તમામ વ્યવહારમાં પોતે દયા, અનુકંપા અને સદ્ભાવના રાખે છે.

કુદરતની દરેક વસ્તુનું પાલન, પોષણ અને રક્ષણ કરવામાં તે તત્પર રહે છે. પોતાની આસપાસના નૈસર્ગિક પર્યાવરણની જાળવણીમાં તેનું પ્રદાન અદકેરું હોય છે. સાર્વજનિક સ્થાનો અને રાષ્ટ્રના કુદરતી સ્રોતો પોતાનાથી પ્રદૂષિત ન થાય તે માટેની કાળજી રાખે છે. લોકો સાથે સંપૂર્ણ સુમેળ અને પ્રેમપૂર્ણ સદ્ભાવથી પોતે રહે છે. સમાજમાં આવતી આપત્તિઓ અને જોખમો સામે ઊભા રહેવાની શક્તિ-સંગઠનને પોતે ગઠિત કરી લે છે. માતૃભૂમિની આ અમૂલ્ય સેવા જ છે.

આપણા મહાન સાંસ્કૃતિક વારસાને અને જીવનના ઉત્કૃષ્ટ આદર્શોને પોતાના જીવનમાં ચરિતાર્થ કરીને મંગલે કૃષિપ્રધાન દેશના યશસ્વી યુવાનનું એક આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું છે. કારણ કે માનવીય ઉમદા મૂલ્યો અને જીવનના સિદ્ધાંતોનો પાયો તેના જીવનમાં સાંપડેલી શિક્ષણપદ્ધતિએ નાખ્યો હતો. એ શિક્ષણનો દૃષ્ટિકોણ મંગલના વ્યક્તિત્વને સમૃદ્ધ બનાવીને જીવનને કુલીન બનાવવાનો હતો. જેથી એક સાચા નાગરિક તરીકે મંગલ ઝળકી ઊઠ્યો અને તેની જીવનપદ્ધતિ-આચરણ દ્વારા સમાજની સર્વોત્કૃષ્ટ સેવા કરી.

૧૦. વિદ્યાવાચસ્પતિ

સાચો શિક્ષિત કોને કહેવાય, તેનું જ્વલંત ઉદાહરણ મંગલના વ્યક્તિત્વ પરથી જાણી શકાયું. તેની શક્તિ વિકાસ પામીને સામાજિક ઉત્થાનમાં કામે લાગી. જીવનમાં જે ઉચ્ચ આદર્શો તેણે સેવ્યા એ આદર્શો અનુસાર જ હંમેશાં તેનું વર્તન રહ્યું. પોતે પ્રાપ્ત કરેલી વિદ્યાને ઉપયોગી બનાવવામાં તેણે જે સાંસારિક, નૈતિક અને આધ્યાત્મિક જ્ઞાનનું સંપાદન કર્યું તેને જીવન અને વ્યવહારમાં ઉતાર્યું.

તદનુસાર એણે જીવનનો માર્ગ કંડાર્યો. પ્રાપ્ત જ્ઞાન પ્રમાણે અસરકારક આચરણ કરવા માટે પોતાનું શરીર પણ બળવાન અને તંદુરસ્ત બનાવ્યું. તેના તંદુરસ્ત શરીર થકી તંદુરસ્ત મનનું નિર્માણ થયું. સુદૃઢ શરીરમાં સુદૃઢ મન હોવાથી, તેનાં શરીર અને મનનાં સ્વાસ્થ્ય અન્યોન્ય આધારિત-પૂરક બન્યાં ને સુદૃઢ સંકલ્પશક્તિનો વિકાસ થયો. તેનો પુરુષાર્થ કે પ્રયાસ એટલે સફળ રહ્યો કે પોતાના શરીરરૂપી માધ્યમની આવશ્યક સેવા પણ તેણે કરી છે.

શરીર અને મનને યોગ્ય ઘાટ ઘડવાની દિશામાં જે કાંઈ પ્રયત્નો કરવા ઘટે તે તેણે વિદ્યાર્થીઅવસ્થામાં જ કર્યા. કુમળા છોડને વાળો તે દિશામાં વળે પણ મોટું વૃક્ષ બની ગયા પછી તેને વાળી શકાતું નથી. વાળવાનો પ્રયત્ન કરવાથી તે બટકી જવાનું. વિદ્યાર્થીઅવસ્થા એ તો જીવનનું પરોઢ છે, એ પરોઢિયે જ તેણે જ્ઞાનરૂપી ગંગામાં એવી તો ડૂબકી મારી કે એણે કાચી ઉંમરે જ ઉમદા ચારિત્ર્યનું ઘડતર કરી લીધું. એ જાણતો હતો કે આ બાબતે મોડા જાગૃત થવાથી ચારિત્ર્ય કે સ્વભાવને પછી બદલી શકાતાં નથી. વ્યક્તિની પ્રકૃતિ પછીથી સખત થઈ જતી હોય છે. તેના પર પાસાં પડી ગયાં પછી ફેરફાર થઈ શકતો નથી અને પાકા ઘડે કાંઠા ચડતા નથી. આ સમય જ એવો સધાયો કે જ્યારે મંગલના માનવપિંડને યોગ્ય ઘાટ અપાયો. એને મળેલું શિક્ષણ તેના પિંડઘડતરની પ્રક્રિયા બની ગયું.

મંગલનું શિક્ષણ ગ્રામસમાજને ઉપકારક બન્યું. પોતે ગ્રામાભિમુખ શિક્ષણમાં સ્નાતક/અનુસ્નાતક અને વિદ્યાવાચસ્પતિ-પીએચ.ડી. સુધીના અભ્યાસ દરમ્યાન ગામડાંમાં તેના વ્યવહારુ પ્રયોગો દ્વારા સંશોધનાત્મક કાર્ય પણ કરતો રહ્યો. શિક્ષણના સિદ્ધાંતો અને તેને પૂરક વ્યવહારું-વાસ્તવિક જ્ઞાન આત્મસાત થયું એટલે તેણે પીએચ.ડી. અભ્યાસનો મહાનિબંધ રજૂ કર્યો.

સર્વમંગલ લોકનિકેતન, સારસ્વતપુર ખાતે મંગલના આ શોધનિબંધ પર જાહેર જનતા જોગ ચર્ચા-પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો. મંગલને એ ખ્યાલ હતો કે સંશોધન એટલે ન જાણેલાને જાણવું અને જાણેલાને સુધારવું, એવી એ જ્ઞાન સંપાદનની પ્રક્રિયા છે. એક રીતે એ જ્ઞાનનું સર્જન પણ છે અને જ્ઞાનને શુદ્ધ કરવાની ને પ્રાપ્ત કરવાની પ્રક્રિયા છે. આ વિશેના તમામ ખ્યાલો આજે તેણે જાહેરમાં ઉપસ્થિત સૌ શ્રોતાઓ સમક્ષ રજૂ કરવાના છે અને જિજ્ઞાસુ લોકો દ્વારા સંશોધન સંબંધિત જેટલા પ્રશ્નો પૂછાય તેના પ્રસ્તુત ઉત્તર આપવાના છે.

મંગલે હાથ ધરેલા સંશોધનમાં તેણે ગ્રામવાસીઓના ઉદ્યોગોમાં વિજ્ઞાનની સિદ્ધિઓ અને ટેક્નૉલોજીના લાભ હાંસલ કરવાની પોતે આપેલી તાલીમથી ગામના અર્થતંત્રની સ્થિતિ ઉપરની અસર તપાસી હતી. આ શોધકાર્યની લાંબાગાળાની પ્રક્રિયા વખતે તેણે ગ્રામ્યસ્તરે કરેલા વ્યવહારુ પ્રયોગો અને તેનાં પરિણામોથી અહોભાવ પામેલા ગ્રામવાસીઓ એટલા બધા ખુશ થયેલા કે આજે એના જાહેર વ્યાખ્યાન અને પ્રશ્નોત્તરી વખતે જાણે મોટો માનવમેળો ભરાયો હોય તેટલી વિશાળ સંખ્યામાં સૌ હાજર થયા છે.

ગ્રામવિદ્યાશાખા અંતર્ગત મહત્ત્વના સંશોધન પરનું જાહેર વ્યાખ્યાન શરૂ થયું. શોધકાર્યની સમસ્યા શબ્દબદ્ધ કરીને મંગલે સંશોધનના હેતુઓ, અભ્યાસપ્રશ્નો, કાર્યક્ષેત્ર, વ્યાપવિશ્વ, નમૂનાપસંદગી, કાર્યયોજના, પ્રયોગકાર્ય, માહિતીપ્રાપ્તિનાં સાધનો, માહિતીપ્રાપ્તિની રીત, માહિતી પૃથક્કરણ, પરિણામો, અર્થઘટનો, તારણો, ફલિતાર્થો અને ભલામણો વિશે રસપ્રદ રજૂઆત કરી. શ્રોતાજનોમાં સાક્ષરો અને નિરક્ષર ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત છે. સૌએ એકીટસે સંશોધન સારાંશ સાંભળ્યો. સૌ ગ્રામાભિમુખ થવા પ્રેરિત થાય તેવો માહોલ રચાયો. મહત્ત્વપૂર્ણ શોધકાર્યની અસરકારક અને પ્રેરક રજૂઆતની નવાજેશમાં એકધારી તાલીઓ પડવા માંડી ને સર્વમંગલ લોકનિકેતન ગૂંજી ઊઠ્યું. શ્રોતાવર્ગમાંથી નારા સંભળાવા લાગ્યા. 'ગ્રામસ્વરાજ ઝિંદાબાદ,' 'ગામડાં તરફ પાછા વળો,' 'ગ્રામોદ્ધાર એ જ રાષ્ટ્રોદ્ધાર,' 'ગામડું ભારતનો આત્મા,' 'દરેક ગામ સેવાગ્રામ' જેવા ગગનભેદી નારાઓ સાંભળતા એવો એહસાસ થયો જાણે કે ગ્રામોદ્ધાર માટે સૌ કમર કસી રહ્યા હોય અને તે માટેની ચળવળના શ્રીગણેશ થયા.

પ્રશ્નોત્તરી શરૂ થઈ અને એક ખેડૂતયુવાને પૂછ્યું,

'વિજ્ઞાન આધારિત ખેતી કરવાની વાત છે, તો વિજ્ઞાન એટલે શું ?'

મંગલ પોતે વિજ્ઞાન અને ગ્રામવિદ્યાનો ઊંડો અભ્યાસુ હોવાથી તેણે પ્રત્યુત્તર આપ્યો.

'વિજ્ઞાન તો એક અમાપ શક્તિ છે. તેનું પાયાનું

કાર્ય સત્ય માટેની ખોજ છે. જે એક પ્રવૃત્તિ પણ છે. જેના દ્વારા વિસ્તૃત પ્રમાણમાં જ્ઞાનનું સંકલન કરી શકાય છે. વિશ્વ તરફનું વલણ, દૃષ્ટિ અને વ્યવસ્થિત જ્ઞાન મેળવવાની એ પદ્ધતિ છે. માણસનું જીવન આટલું સુખમય કરનાર વિજ્ઞાન છે. તે સમસ્યાઓનો ઉકેલ પણ આપે છે. માણસની ઉન્નતિ વિજ્ઞાનની પ્રગતિ દ્વારા જ થઈ શકે છે. આમ તો વિજ્ઞાન એ માનવીએ કરેલો પ્રયાસ છે. તેની અસર ખૂબ જ વિસ્તરેલી છે. વિજ્ઞાન એટલે એવું વિશિષ્ટ જ્ઞાન જેનો માણસ પોતાના અર્થસભર જીવન માટે ઉપયોગ કરે છે. કુદરતના નિયમો અને સિદ્ધાંતોનો અનુભવ દરેક વ્યકિત કરે છે. તે અનુભવોને વિજ્ઞાન થકી સમજીને પર્યાવરણ સાથે આપણે તાલ મેળવીએ છીએ.'

'તો ટેક્નૉલોજી શું છે ?' એક વયોવૃદ્ધ ખેડૂતે પૂછયું,

'વિજ્ઞાનના સિદ્ધાંતોનો પ્રાયોગિક-વ્યવહારમાં ઉપયોગ કરીએ ત્યારે ટેક્નૉલોજી જન્મે છે. આમ વિજ્ઞાન અને ટેક્નૉલોજી બન્ને ભિન્ન છે. છતાં એકબીજાનાં પૂરક છે. વિજ્ઞાન એટલે પ્રયોગો દ્વારા મેળવેલો જ્ઞાનનો ખજાનો, જ્યારે ટેક્નૉલોજી આ જ્ઞાનના ખજાનાનો વ્યવહારુ ઉપયોગ છે. વિજ્ઞાનમાં થયેલી શોધ કે સુધારાની સામાન્ય માનવીને તરત ખબર પડતી નથી, પરંતુ તેના વ્યવહારુ ઉપયોગની શોધ તરત જ સાધનો સ્વરૂપે ખબરમાં આવી જાય છે. જેમ કે કાચ એ વિજ્ઞાન છે. ચશ્મા એ તેના દ્વારા કાર્યાન્વિત ટેક્નૉલોજી છે.'

'વિજ્ઞાન અને ટેક્નૉલોજી એકબીજાના પૂરક થઈને કઈ રીતે કાર્ય કરતા હશે ?' એક ગામના આગેવાન ખેડૂતે પૂછયું.

'વિજ્ઞાન એ પ્રયોગો દ્વારા પૂરવાર થયેલું જ્ઞાન છે. ટેક્નૉલોજી આ જ્ઞાનનો ઉપયોગ છે. વિજ્ઞાન સાર્વત્રિક છે જ્યારે ટેક્નૉલોજી પ્રાદેશિક છે. વિજ્ઞાન સિદ્ધાંત છે. ટેક્નૉલોજી તેના પર આધારિત સાધન છે, સંશોધનો દ્વારા વિજ્ઞાન આગળ વધી રહ્યું છે. એ સંશોધનો ટેક્નૉલોજીના પાયા તરીકે કામ કરે છે. વિજ્ઞાનનું જ્ઞાન, કાર્યક્ષમતા તથા કૌશલ્યોને કારણે ટેક્નૉલોજી અસ્તિત્વમાં આવે છે. શકિતશાળી વૈજ્ઞાનિક જ્ઞાન અને ટેક્નૉલોજીકલ માનવશક્તિના આધારે અર્થસભર માનવજીવન માટેના વૈજ્ઞાનિક અભિગમનો વિકાસ થાય છે. આ રીતે બન્ને એકબીજાના પૂરક બની માનવજીવનની ગુણવત્તા સુધારીને નિરામય જીવન બક્ષે છે.'

'આપણાં ગામડાંમાં શહેર કરતાં વિજ્ઞાન અને ટેક્નૉલોજીના ઉપયોગની શક્યતાઓ કયાં વધારી શકાય ?' એક ભણેલા ખેડૂત યુવાને પૂછયું.

'ધરતીમાતાને ખોળે ખેલતું ગામડું તો ભારતનો આત્મા છે. તેને કુદરતે જે જળ, જીવ, જમીન અને વનસ્પતિની ભેટ ધરી છે, તે શહેર કરતાં અમુક બાબતે ભિન્ન છે. કુદરતી સ્રોતોનો વિપુલ ભંડાર ગામડાં ધરાવે છે. તેની પાસે પર્યાવરણની સબળ વ્યવસ્થા છે. વિજ્ઞાન તેમાં સૂર પૂરાવે છે. આ કુદરતની બક્ષીસને-વારસાને સાચવવાની, એનો સુચિંતિત ઉપયોગ કરવાની ભાવનામાંથી વિજ્ઞાનના સથવારે ગ્રામ્યસ્તરે ટેક્નૉલોજીના વિનિયોગની શક્યતાઓ ખેતઉદ્યોગ, ગૃહઉદ્યોગ, કુટિરઉદ્યોગમાં સવિશેષ વધારી શકાય તેમ છે. આ ઉપરાંત સૌરઊર્જા, પવનઊર્જા, ભૂતાપીયઊર્જા, સમુદ્રીયઊર્જા, બાયોમાસ, બાયોગેસ અને ગેસીફિકેશનના સ્રોતો વિકસાવવાની શકયતાઓ ભરપૂર છે.'

એક ગ્રામસેવકે પ્રશ્ન કર્યો,

'આર્થિક બાબતે ગામડાંને સદ્ધર કરવાં માટે શું કરવું જોઈએ ?'

'ગામડાંમાં ખેતી, પશુપાલન, ગૃહઉદ્યોગ, કુટિરઉદ્યોગ કે ગ્રામોદ્યોગને વિજ્ઞાન અને ટેક્નૉલોજી દ્વારા વિકસાવીને લોકોને ઘરઆંગણે કામ-રોજી રોટી મળી રહે તેવું આયોજન કરવું. આ પ્રકારના ગ્રામોદ્યોગોની પેદાશ વધે, ત્યાંના લોકોને કામ મળે એટલે ગામડાં સુખી અને સમૃદ્ધ બને. લોકોની ખરીદશક્તિ વધે. વેપાર વાણિજયને પ્રોત્સાહન મળે. ખેતી સહિત ગ્રામોદ્યોગો સદ્ધર બને. તે માટેનાં અવનવાં ઓજારો વપરાતાં થાય. ઉત્પાદન વધે. સ્વદેશી ચીજવસ્તુઓના બજારમાં ખરીદ-વેચાણને પ્રોત્સાહન મળે. વાજબી ભાવે સસ્તું, સારું અને નમતું તથા જ્યારે જેટલું જોઈએ તેટલું આપણે જ ઉત્પાદિત કરેલું આપણું જ આપણને મળી રહે. સ્વદેશી ચીજવસ્તુઓનું બજાર ધમધમતું થાય. આમ ગામડાંનો અપેક્ષિત વિકાસ કરવો પડે. આ રીતે ગામડાંની દશા સુધારીને આર્થિક બાબતે સદ્ધરતા લાવી શકાય.'

**(અનુસંધાન પાના નં. ૪૫૮ ઉપર)**

## ...લેખકો- સર્જકો જોગ આમંત્રણ...

પ્રકૃતિમાં સ્થિરતાને અવકાશ નથી, બધું જ ગતિશીલ અને પરિવર્તનશીલ છે, ત્યારે ‘કોડિયું’ તેના નવા વૈચારિક કલેવર સાથે આપની સમક્ષ આવી રહ્યું છે. પરામર્શકો, તંત્રીઓ અને સંપાદક મંડળના માર્ગદર્શનથી ‘કોડિયું’ નીચે પ્રમાણેની કેટેગરીમાં લેખો/કૃતિઓ મોકલવા લેખકો/સર્જકોને વિનંતી કરે છે.

૧. **વૈશ્વિક-વિચારઃ** અત્યારે દુનિયામાં જે મોટી ઘટનાઓ બની રહી છે, તેનું પૃથક્કરણ (દા.ત. WHOની કામગીરી/ Brexit/Corona/Cryptocurrency).

૨. **સાંપ્રત રાષ્ટ્રીય ચર્ચાઃ** અત્યારે દેશમાં જે મુદ્દાઓ ચર્ચાઈ રહ્યા છે અથવા ચર્ચાવા જોઈએ તેના વિશે તટસ્થ પૃથક્કરણ.

૩. **વિજ્ઞાન અને સંશોધનોઃ** અત્યારે કયા ક્ષેત્રમાં કેવું સંશોધન થઈ રહ્યું છે અને એ આપણા વર્તમાન અને ભવિષ્ય પર કેવી અસર પાડી શકે ?

૪. **કેળવણીના નવા આયામો(નઈ તાલીમ સિવાયના):** એવા પ્રયોગો જે જેનાં સંશોધનાત્મક પુરાવાઓ હોય. – બાળકેળવણી/અવૈધિક શિક્ષણ/હોમ-સ્કૂલિંગ/ઓન-લાઈન શિક્ષણ/PBL/Inquiry-based learning/ SOLE’s Classroom/ Flipped Classroom/Skill-based Education/ Design Thinking/ Gamification/ અન્ય પ્રયોગો વગેરે.

૫. **કૃષિ-ગોપાલન અને ગ્રામોત્થાનના પ્રયોગોઃ** ગ્રામીણ ટેક્નૉલૉજી/કૃષિ ટેક્નૉલૉજી/કોઈ અપ-ગ્રેડેડ મશીન-પદ્ધતિ/ લોકભાગીદારીની પદ્ધતિઓ/અગ્રી-બીઝનેસ મોડેલ અને નવા અભ્યાસો/ગ્રામ્ય-કેળવણી/ટકાઉ વિકાસ અને ડીઝાઇન-આર્કિટેક્ચર પર કામ કરનારી સંસ્થાઓ અને લોકોનાં કામનો પરિચય.

૬. **સર્જનાત્મક-મૌલિક કૃતિઃ** સ્કેચ/કવિતા/નિબંધ/વાર્તા/ગદ્ય-ખંડ/પ્રવાસ-વર્ણન/ફોટોગ્રાફી.

૭. જીવન અને કલાઃ કઈ કલા જીવનના કયા પાસાને સમૃદ્ધ બનાવે છે ? દુનિયાના ભૂતકાળના અને અત્યારના કયા કલાકારે કેવું પ્રદાન કર્યું ?/કોઈ ચિત્ર/ગીત અથવા સાહિત્યિક કૃતિનો આસ્વાદ.

૮. **નક્કર માણસ(પ્રેરક કામગીરી):** હાલમાં ૪૦ વર્ષથી નીચેના એવા લોકો જે કોઈપણ ક્ષેત્રમાં નમૂનેદાર કામ કરતા હોય તો તેનો ઇન્ટરવ્યૂ/ કામનો પરિચય.

૯. **ડીઝિટલ-દર્શનઃ** અત્યારે કયા નવા સોફ્ટવેર અથવા તો મોબાઇલ એપ્લીકેશન છે, જે જીવનની પ્રવૃત્તિઓને સરળ બનાવે છે તેનો પરિચય/સોશિયલ મીડિયા પર ચાલતું સકારાત્મક નવું/ફિલ્મ કે વેબ સીરીઝનો સમીક્ષા લેખ.

૧૦. **જાતને જાણીએઃ** સ્વ-જાગૃતિ અને વિકાસની વિવિધ પદ્ધતિઓ/આધ્યાત્મિક ઉન્નતિ/આત્મ-શોધન/ અસ્મિતાની ઓળખ/ હિંદુ-ઝેન-ઇસ્લામ-બૌદ્ધ-જૈન-શીખ પરંપરાઓમાં જાતને જાણવાની વાતો.

૧૧. **જીવનશૈલીઃ** સ્વાસ્થ્ય/મનોરંજન/ખોરાક/પ્રકૃતિ-દર્શન/રહેઠાણ/વ્યવસાય/કોઈ દાર્શનિકના જીવન શૈલી વિશેના વિચારો-આચારો-પ્રયોગો.

૧૨. **વારસો-રીઈન્સ્ટોલ્ડઃ** આપણા પૂર્વ સારસ્વતોના ગુણવત્તાસભર અને વર્તમાન સમયમાં પણ ઉપયોગી અને પ્રસ્તુત બૌદ્ધિક-વિચાર સાહિત્યનું પુનઃરજુઆત.

૧૩. **સ્માઈલીઃ** બુદ્ધિશાળી-રમૂજી ટૂચકાઓ/પેરોડી/હાસ્યનિબંધ.

આપણે લેખની ભાષા, વિચાર અને અભિવ્યક્તિની ગુણવત્તાના આધારે જ લેખ/કૃતિને પસંદ કરી શકીશું. મહત્તમ ૧૨૦૦-૧૫૦૦ શબ્દોમાં લેખ/કૃતિ મોકલવા વિનંતી છે. શકય હોય ત્યાં સુધી એક હપ્તે જ લેખ/કૃતિ પૂરો કરવો.

## (૦૮) 'કોરોના'ના કાળમાં ઘરે બેઠા કેળવણીના પ્રયોગો

**- સંજય તલસાણિયા**

આજે વિશ્વ એક અજ્ઞાત શત્રુ 'કોરોના' સામે છેલ્લા દોઢ-બે માસથી સતત લડી રહ્યું છે. જેને ઝડમૂળમાંથી કાઢવા વિશ્વના વૈજ્ઞાનિકો રાત-દિવસ એક કરી રહ્યા છે, ડૉક્ટરો પ્રાણના ભોગે સંક્રમિતો અને રોગીઓની સેવા-સુશ્રુષા કરી રહ્યા છે, પોલીસકર્મીઓ સરકારના દિશા નિર્દેશ અનુસાર લોકડાઉનનું પાલન કરાવી રહ્યા છે, સફાઈકર્મીઓ ફેલાતા રોગને અટકાવવા પરસેવો વહાવી રહ્યા છે. વાહનવ્યવહાર અને આવન-જાવન ઠપ્પ જ નથી થયું, જીવન વ્યવહાર પણ થંભી ગયો છે, જાણે યુદ્ધ પછીની શાંતિ છવાઈ ન હોય ? આવા સમયે લોકો ધીરજ અને સરકારને સાથ આપી સ્વયંભૂ શિસ્ત પાળી રહ્યા છે, એ જ કોરોના સામેની જીતના અણસાર છે.

સૌથી મોટી વાત એ કે આ કપરા સમયમાં સમાજના શાણા, સમજુ લોકો અને શ્રેષ્ઠીઓએ આગળ આવીને દિલ ખોલી આર્થિક સહાય કરી માનવતાની મિસાલ સ્થાપિત કરી છે, એ કંઈ નાનીસૂની વાત નથી. માટે તો ભારત જેવો વિશાળ દેશ કે જ્યાં અનેક ધર્મ-સંપ્રદાય, ભિન્ન ભિન્ન ભાષા-ભૂષાના દેશમાં કોઈપણ જાતના ભેદભાવ વગર પરસ્પર સેવાના તમામ પ્રયત્ન કરી રહ્યા છે, જેની સુવાસ સીમાડાઓ ઓળંગી ગઈ છે અને જગત સ્તબ્ધ બની ગયું છે. દેશની વાહ વાહ થઈ રહી છે એ માટે દેશની શાણી અને સમજુ જનતા અભિનંદનને પાત્ર છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

આવા સંજોગોમાં નાનાં બાળકોની શી દશા થતી હશે ? એ અંગે બાળકની માનસિક દશા પર સ્વયં ઊભા રહી વિચારીએ તો ચોક્કસ આંચકો અનુભવાય ! કેમ કે બાળકો તો તદ્દન નાજુક અને નાસમજ હોય છે. લોક ડાઉનમાં તેઓને ઘરમાં ગોંધી રાખ્યાં હોય અને જેલની સજા કરી હોય એવા ચહેરાઓ ભાસે છે. બાળકોને તો તેના મૂળભૂત સ્વભાવ મુજબ રમવું, કૂદવું, દોડવું, હરવું, ફરવું છે; નવું જાણવું, શીખવું, સમજવું છે. બાળકોને એકને એક કામથી કંટાળો આવે છે. ઘરની આજની આ જેલ લાંબા ગાળે તેનો સ્વભાવ ચીડચીડિયો બનાવી શકે છે. તેથી આપણે ઘરમાં રહી એવું શું શું કરી શકીએ કે જેના કારણે ધોરણ એકથી પાંચનાં બાળકોનો આખો દિવસ આનંદ-પ્રમોદ અને પ્રવૃત્તિમય બને અને સાથે તેનો બૌદ્ધિક, શારીરિક માનસિક અને ચૈતસિક વિકાસ પણ થઈ શકે એ જોઈએ, સમજીએ -

- દૈનિક આયોજન પ્રવૃત્તિમય બનાવીએ; જેમાં સવાર-સાંજ યોગ, પ્રાણાયામ અને હળવી કસરત કરાવી શારીરિક માનસિક રીતે તેને સ્વસ્થ રાખીએ.
- નાનાં-મોટાં કામોમાં બાળકોને સહયોગી બનાવીએ જેમ કે કપડાં ધોવા, વાસણ માંઝવા, ઘરની સફાઈ કરવી, બગીચાનાં કૂંડાં પાવાં વગેરે દ્વારા તેને પ્રવૃત્તિરત બનાવીએ.
- સર્જનાત્મક પ્રવૃત્તિઓ જેમ કે ભાતચિત્ર, છાપચિત્ર દોરવા, કાગળનાં રમકડાં બનાવવાં, અનાજની રંગોળી બનાવવી વગેરે દ્વારા સર્જનનો આનંદ લેતાં શીખવીએ.
- આનંદદાયી પ્રવૃત્તિઓ જેમ કે સંગીત સંભળાવીએ, લોકનૃત્ય જેમ કે ગરબા, ભાંગડા, કથ્થક વગેરે નૃત્યોના વીડિયો ડાઉનલોડ કરી સ્ટેપ શીખવી નૃત્ય અને સંગીત તરફ તેને અભિમુખ કરીએ.
- મનોરંજક પ્રવૃત્તિઓ જેવી કે કાર્ટૂન અને બાળ ફિલ્મો બતાવીએ.
- બૌદ્ધિક પ્રવૃત્તિઓ બાળવાર્તા, બાળગીતો, જોડકણાં, ઉખાણાં સંભળાવીએ, વંચાવીએ. પઝલ પૂર્તિ કરાવી સાહિત્ય તરફ વાળીએ.
- જૂની રમતો પાંચિકા, અઠિયો, ચાર કૂકરી, નવ કૂકરી જેવી બૌદ્ધિક અને ગાણિતિક રમતો તેની સાથે રમીએ, તેને શીખવીએ અને નિર્દોષ આનંદ

માણતાં શીખવીએ.

- વૈજ્ઞાનિક પ્રયોગો કરાવીએ જેમ કે રેતઘડી, દીવાલઘડી, બહિર્ગોળ લેન્સથી સૂર્યનાં કિરણો એકત્રિત કરીને તેનાથી કાગળ પર કાગળ બળવાના કારણે પડતી ડિઝાઈન બનાવીને બાળકોનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ખિલવીએ.
- કંપાસનાં સાધનોથી ભૌમિતિક આકારો, ચિત્ર અને રંગોળી નિર્માણ કરીએ, શીખવીએ.
- કાચના ગ્લાસમાં પાણી ભરી અલગ-અલગ રંગો ભેળવી રંગ સંયોજનની સમજ વિકસાવીએ.
- દેશના ઇતિહાસમાં થઈ ગયેલાં શૂરવીર અને પ્રતાપી બાળકો, કિશોરોને ઇન્ટરનેટ દ્વારા ડાઉનલોડ કરી બતાવીએ, તે દ્વારા બાળકોમાં ઉત્સાહ, દિલેરી, સેવા, ત્યાગ, બલિદાન, રાષ્ટ્રધર્મ અને માનવધર્મ શીખવીએ.
- જૂનાં કપડાંમાંથી ઢીંગલી, ડસ્ટર, દડો, રૂમાંથી દિવેટ, ઉનમાંથી ભરત-ગૂંથણ શીખવીને વેસ્ટમાંથી બેસ્ટની કલા વિકસાવીએ.
- ડોલમાં કેટલા ટબ પાણી સમાય છે ? તે બતાવી માપતાં શીખવી રોજના પાણીના વપરાશથી અવગત કરી જળ સંચયનો અભિગમ વિકસાવી શકાય.
- પારદર્શક પ્લાસ્ટિકની કે કાચની બોટલમાં માટી ભરી મગ, ચણા, ઘઉં, જુવાર વાવી છોડના વૃદ્ધિ અને વિકાસ તેમ જ સોટીમૂળ-તંતુમૂળ વિશે સમજ આપી શકીએ.
- કીટ-પતંગિયાં, પશુ-પંખી પ્રાણીઓના વીડિયો ડાઉનલોડ કરી બતાવીને જીવસૃષ્ટિથી અવગત કરીએ.
- વૃક્ષો-વનસ્પતિઓ અને વેલાઓના ફોટાઓ ડાઉનલોડ કરી તેનું આયુર્વેદિક મહત્ત્વ સમજાવી પ્રકૃતિ તરફ વાળવા પ્રયત્ન કરીએ.
- લુપ્ત થયેલા જીવો જેમ કે આગિયા, બે મોંવાળા સાપ, સાહુડી, ખડમોર, સેળો(ખેળો), ગીધ વગેરે નેટના માધ્યમથી બતાવી જીવો પ્રત્યે અનુકંપા જગાવીએ.
- દેશની પ્રસિદ્ધ નદીઓ, પહાડો, સરોવરો મોબાઇલના માધ્યમથી બતાવીએ.
- પશુ-પક્ષી, પ્રાણીઓના અવાજના વીડિયો મોબાઈલના માધ્યમથી સંભળાવીએ અને તે દ્વારા પશુ-પક્ષી પ્રત્યે બાળકોમાં સંવેદના જગાવીએ.
- મોબાઇલ દ્વારા ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી શીખવીએ.
- દિવસમાં એક-બે વખત દૂર રહેતા સ્વજનો અને તેના બાલસખાઓ, શિક્ષકો સાથે મોબાઇલ પર વીડિયો કોલથી વાત કરાવીએ.
- રામાયણ, મહાભારત, હિતોપદેશ વગેરે કાર્ટૂન ફિલ્મો બતાવી ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાથી પરિચિત કરાવીએ.

આવો, આપણે સૌ અભિભાવકો રોજે-રોજ ઉપર જણાવેલ પ્રવૃત્તિઓનાં માધ્યમથી બાળકોની ભીતરી શક્તિઓને ઘર બેઠાં વિકસાવીએ. બાળકોના સાંવેગિક અને સર્વાંગી વિકાસમાં આપણું યોગદાન આપવું એ આપણી નૈતિક જવાબદારી છે. લોકડાઉનમાં પ્રવૃત્તિના માધ્યમથી સમયનો સદઉપયોગ કરી આ દિવસોને યાદગાર બનાવીએ.

●---------●●●--------●●●---------●

વ્યાખ્યાતા, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
ભાવનગર, મો. ૭૯ ૯૦૫૦૯૨૯૩

**(અનુસંધાન પાના નં. ૪૫૫ ઉપરથી)**

આ કાર્યક્રમમાં ઉપસ્થિત થયેલા અનેક ગામડાંના ખેડૂત આગેવાનોએ સૂતરની આંટીઓ, હસ્તઉદ્યોગમાં બનાવેલી વસ્તુઓ, હાથવણાટનાં વસ્ત્રો વગેરેથી મંગલનું ભવ્ય સન્માન કર્યું. સન્માનના પ્રત્યુત્તરમાં તેણે ધરતીના જાયા સૌ કૃષિકારોનો ઋણ સ્વીકાર કર્યો. વિદ્યાવાચસ્પતિના આ એવોર્ડને જોવા માટે આજે તેને માતાપિતાની ગેરહાજરી સાલતી હતી. તેનું હૈયું ભરાઈ આવ્યું. તે માંડમાંડ આટલું જ બોલી શકયો.

'મારી આ શિક્ષણયાત્રા મારા સદ્‌ગત માતાપિતાને અર્પણ કરું છું.'

## (૦૯) મારી વહાલી શાળા- ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા

**- સ્વાતિ સબ્લા શાહ**

ભણતી હતી ત્યારે તો શું જીવનઘડતર થઈ રહ્યું છે, શું મારામાં કંઈક ઉમેરાઈ રહ્યું છે, એવી કશી જ સભાનતા નહોતી; કોઈ સજાગતા પણ એવી નહોતી કે આપણે આમ કેળવાઈ રહ્યાં છીએ. પણ જિંદગીના આ મુકામે, બાળશિક્ષક તરીકે ૨૦ વર્ષ કામ કર્યાં પછી, આજે ખબર પડે છે. એમાં જે અનુભવો થાય છે, પ્રસંગો બને છે ત્યારે મારી વહાલી શાળા ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલાએ મારું શું શિક્ષણ કર્યું, મારું શું ઘડતર કર્યું, મારા શિક્ષકોનો નિર્વ્યાજ પ્રેમ મળ્યો એ બધું આજે સમજાય છે. ત્યારે અમને કશી જ ખબર નહોતી અને અમે ઘડાઈ રહ્યાં હતાં. છાત્રાલયવાળી શાળા કેવી હોય તે હવે સમજાય છે.

આજે તો બધું જ હાઇ-ફાઇ હોય, ભવ્ય મકાનો હોય, ભવ્ય સગવડો હોય એને જ ઉત્તમ શાળા ગણવામાં આવે છે. ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલામાં નહોતી તેવી સગવડો, નહોતું એવું કશું અસામાન્ય. તો પણ, અમને ત્યાં ભણવાની હોંશ થતી હતી. આજનાં બાળકોને તો ઘણું સમજાય પણ નહીં ને ગળે પણ ન ઊતરે. તેમને વિચિત્ર પણ લાગે, એમ અમે રહ્યાં અને

ભણતાં હતાં. અમે જે કંઈ કરતાં, તેમાં શિક્ષકોનો ખૂબ મોટો ફાળો હતો. કેટલીક પ્રવૃત્તિઓ અણગમતી પણ લાગતી, પણ શિક્ષકો એમાં 'મજા'નું તત્ત્વ ઉમેરી દેતા. કેટકેટલી સરસ અભ્યાસેત્તર પ્રવૃત્તિઓને કારણે અમારું ઘડતર સહજ થઈ જતું. ત્યારે ખ્યાલ પણ નહોતો કે આમ બની રહ્યું છે.

આ સંસ્થાના સ્થાપક પૂજ્ય નાનાદાદા, મનુદાદા, મૂળશંકરદાદા કે બુચદાદાએ કેવું બાળમાનસ સમજ્યું હશે, કેવું શિક્ષણશાસ્ત્ર પચાવ્યું હશે એનો આજે વિચાર આવે છે. અને એ સૌ માટે અમારા હૃદયમાં ખૂબ જ માન જાગે છે.

મારી મોટી બહેન માધવી આંબલા ભણતી હતી. તે જ્યારે ઘેર આવે ત્યારે આંબલાની વાતો પૂરી જ ન થાય. અનેક પ્રકારની વાતો અને કાર્યક્રમોની વાતો, શિક્ષકો-ગૃહમાતાની વાતો સતત થયાં કરે. પણ એને મુશ્કેલી પડતી હોય એવી તો કોઈ વાતનો અણસાર પણ નહોતો દેખાતો. હું મારી બહેનની વાતો સાંભળતાં સાંભળતાં છઠ્ઠા ધોરણમાં જ આંબલાના પ્રેમમાં પડી ગઈ અને નક્કી કરી લીધું કે મારે પણ ત્યાં જ ભણવું છે.

આઠમા ધોરણથી હું ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલામાં ભણવા માટે દાખલ થઈ. પહેલે દિવસે સાંજે જમવા બેઠાં તો એમાં જાડી કાઠિયાવાડી કઢી, બાજરીના રોટલા અને ખીચડીનું ભોજન હતું. મને રોટલા ન ભાવે. ઘી વગર ખીચડી ન ભાવે. દૂધ પણ મોટો બાઉલ ભરીને જોઈએ. આ બધી મને ઘરની ટેવ હતી. એ કાળે ફોનની સગવડ હતી નહીં. મેં પપ્પાને ચિઠ્ઠી લખી કે મને જમવાનું ભાવતું નથી. બીજે દિવસે પપ્પા મને મળવા આવ્યા, ઘણી વાતો કરી, પણ એમાંથી એક વાક્ય આજીવન મારા હૃદયમાં કોતરાઈ ગયું છે તે 'આપણે ખાવા માટે નહીં, ભણવા માટે આવ્યાં છીએ, અને ન જ ગમે તો કહેજે, બીજે દાખલ કરાવવાનો વિચાર કરીશ' અને આ વાત પર એ પછી જ્યાં જ્યાં હૉસ્ટેલમાં રહી ત્યાં ગોઠવાવામાં મને ક્યારેય વાંધો આવ્યો નથી.

મને શારીરિક શ્રમની કદી ટેવ નહીં. ઘરે લોકભારતીમાં ઘરકામ સિવાય કંઈ કરેલું નહીં, પણ આંબલામાં ગૌશાળાની સફાઈ, નીરણ વાઢવી, ગ્રામસફાઈ, જાજરુંની સફાઈ, શાક કાપવું, રોટલી વણવી વગેરે દરેક પ્રકારનાં કામો કરવાનાં આવતાં. મારા એક શિક્ષક કાયમ કહેતાં 'આ દેવીજીને ભારે કઠણ પડે છે', પણ મને શીખવામાં કે કામ કરવામાં પછી ક્યારેય વાંધો ન આવ્યો. બધામાં મજા જ પડતી હતી.

પ્રવૃત્તિલક્ષી શિક્ષણ જ્યારે જીવનલક્ષી બની જાય છે, ત્યારે ઉત્તમ કેળવણી થાય છે, એવું બધું તો હું આજે વાંચું

છું, સાંભળું છું. પણ ત્યારે તો હું જીવી હતી. એટલે એ બધું મારું બની ગયું.

સંસ્થામાં ક્યારેય કોઈપણ શિક્ષક પાસે ગમે તે પ્રશ્ન લઈને અમે એમને ઘેર પણ જઈ શકતાં. અને તેઓ પ્રેમથી એનું સમાધાન આપતા, અને વચ્ચે વચ્ચે ઘર અને મમ્મી ખૂબ યાદ આવી જાય ત્યારે અમારા શિક્ષકો અમારી બીજી મા બની જતા. હું એમ નહીં કહું કે અમને મુશ્કેલી નહોતી જ પડી. એવું નહોતું. પણ એમાં 'મજા'નું તત્ત્વ અને સાહેલીઓનો સાથ બધું જ ભુલાવી દેતું.

મને યાદ છે, અમારાં ગૃહમાતા અરુણાબેન અમને પ્રાર્થના પછી હાજરી લેવાયા પછી અવનવા પ્રસંગો, શારીરિક ફેરફારો, સ્વચ્છતા, સમૂહમાં થતા પ્રશ્નો વિશે અનેક વાતો કરતા. પૂજ્ય મનુદાદા(મનુભાઈ પંચોળી) સાથે તેઓ કોઈ વ્યાખ્યાન સાંભળવા ગયા હોય કે મારા પપ્પાએ વ્યાખ્યાનમાં શું વાત કરી તે દરેક વાત અમને રસપ્રદ શૈલીમાં રજૂ કરતાં. મને અત્યારે ઘણીવાર વિચાર આવે છે કે અરુણાબેન કઈ રીતે અમને, એ ઉંમરનાને, આ બધી વાતો માટે 'અમે યોગ્ય છીએ' એમ માન્યું હશે ? કેટકેટલા વિષય અને પુસ્તક વિશે અમે એમની પાસેથી વાતો સાંભળી છે ! વાવેલું ક્યારેય એળે નથી જતું, એવો એમનો ખ્યાલ હશે ?

મનુદાદા અને બુચદાદાના ખોળામાં મોટાં થવાનું સૌભાગ્ય મળ્યું. સાથે તેમને વાંચવા પણ મળ્યા. એમને જીવતા જોવા એ કોઈ પાઠશાળાથી કમ વાત નહોતી, તે નાના સાથે નાના અને મોટા સાથે મોટા થઈ અમને ખૂબ મજા કરાવતા. તેમની વાર્તા કહેવાની કળા તો મને આજે ખૂબ ઉપયોગી થાય છે.

આંબલા લોકશાળામાં આસપાસનાં ગામડાંનાં બાળકો મોટે ભાગે ભણવા આવતાં. અમે નજીકની સંસ્થા લોકભારતીનાં બાળકો એટલે થોડાં અલગ હોઈએ. બંનેની જીવનશૈલી પણ અલગ હોય, છતાં સમગ્ર છાત્રાલયજીવનમાં અમે ખૂબ સરસ રીતે ગોઠવાઈ ગયાં એનું કારણ એ હતું કે સંસ્થાનું શિક્ષણ પ્રવૃત્તિલક્ષી હતું. અને એમાં જે જે સારું હોય તેની સરાહના થતી. જે ભણવામાં ધીમા હોય તેને સાથે કેમ લેવા એની કળા શીખવા મળતી. સંકોચશીલ હોય અને પોતાની જાતને પ્રગટ ન કરતાં હોય એમને સહજ કેમ કરવા એની આવડત આવતી. આ બધું જ સહશિક્ષણવાળી સંસ્થા માટે ત્યારે અને આજે પણ ખૂબ મહત્વનું છે. તેના મૂળમાં મૂલ્યોનું સિંચન થયું હતું એ મૂળ કારણ છે.

માત્ર વિદ્યાર્થીઓની જ નહીં, પણ શિક્ષકની પણ દરેક વખતે કેળવણી થવી જોઈએ તે અમારી સંસ્થા અને એના વડીલો સતત વિચારતા અને એનો અમલ પણ કરતા.

પછી તો વર્ષો વીતી ગયા, અમે સૌ પણ આગળ ભણ્યાં, પરણ્યાં, બાળક થયાં અને સંસારની માયાજાળમાં ગૂંથાઈ ગયાં. પણ અમે ૧૨ સહેલીઓએ ૩૨ વર્ષ પછી નક્કી કર્યું કે આપણે ૨૭-૨૮ મે, ૨૦૧૯ બે દિવસ આંબલામાં મળીએ. ધોમધખતો ઉનાળો હતો, વેકેશન હતું. બધાને માટે ઘરના સભ્યોની અનુકૂળતા અને પ્રતિકૂળતાના પ્રશ્નો પણ હતા, પણ સૌ આવ્યાં.

બે દિવસ અમે અમારી માતૃસંસ્થામાં ખૂબ ફર્યાં. એક એક ખૂણાને અડીને જાણે કે અમારી અંદર હાશકારો થતો હતો. અમે ભણતા એ પ્રસંગો, એ ઉપનામો, એ તોફાનો, ફરી ફરીને યાદ કરતાં રહ્યાં. ફરી પાછી જાણે કે અમારી ઉંમર ઘટી ગઈ હોય, એમ અમે નાની વિદ્યાર્થિનીઓ બની ગયાં, નાની સાહેલીઓ બની ગયાં. એ રીતે આંબલા ગ્રામદક્ષિણામૂર્તિમાં બે દિવસ રહ્યાં. જે જીવન વિદ્યાર્થી તરીકે જીવ્યાં હતાં, ત્યાં ફરી વાર અમે જીવ્યાં. અગાસીમાં, આકાશની નીચે, મોડી રાત સુધી વાતો કરતાં રહ્યાં. કેટલાક ગ્રામજનો અમારામાંથી કેટલાંકને ઓળખી પણ ગયા. ત્યારે સાવ જુદો જ અનુભવ અમને સૌને થયો.

આવું સંભારણું આપણને તાજાં કરી દે છે. અમે બધાંએ નક્કી પણ કર્યું કે વળી ફરી વાર આવી રીતે આંબલા ગ્રામદક્ષિણામૂર્તિમાં મળશું અને સંગમાં રાજી રાજી થઈશું.

## (૧૦) સંસ્થા સમાચાર - મેઃ ૨૦૨૦

- સંકલન : પ્રશાંત મહેતા

### લોકભારતી સમાચાર

- લોકભારતી પરિવારનાં બાળકોએ કોરોના અને લોકડાઉનના વાતાવરણમાં એક સ્તુત્ય કાર્ય કર્યું. બાળકોએ સ્વયંસૂઝથી જ લોકભારતીના કાર્યકર-પરિવારજનોની ઘરે ઘરે મુલાકાત લઈ અનાજ-કરિયાણું વગેરે એકઠું કર્યું, તેની વિતરણ-કિટ તૈયાર કરી અને સણોસરા ગામનાં જરૂરિયાતમંદ લોકોને બોલાવી તેનું વિતરણ કર્યું. સૌ બાળકોને ધન્યવાદ.
- તા.૦૨ના રોજ ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન હબ(આઈ-હબ) દ્વારા આયોજિત 'ગુજરાત સ્ટાર્ટઅપ સ્ટોરીઝ'ના વેબિનારમાં શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી હસમુખભાઈ સુથાર, શ્રી યોગેશભાઈ ત્રિવેદી, શ્રી વીરાભાઈ ચૌહાણ અને શ્રી કુમારભાઈ પુરોહિત ભાગીદાર થયા.
- તા.૦૬ના રોજ લોકભારતી વ્યવસ્થાપક મંડળની એક બેઠક મળી જેમાં વ્યવસ્થાકીય બાબતો ચર્ચવામાં આવી અને યોગ્ય નિર્ણયો કરવામાં આવ્યા.
- તા.૦૬ના રોજ સાંજે ૫.૦૦ કલાકે આઈ-હબ દ્વારા ગુજરાતની ગ્રામવિદ્યાપીઠ માટે Discussion on opportunities and obstacles in rural entrepreneurship વિષય અંતર્ગત વેબિનાર યોજાઈ ગયો. જેમાં ઉ. શિ. કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના નિયામક શ્રી નાગરાજનજીએ તથા શ્રી સંયુક્ત નિયામકશ્રી નારાયણ મધુએ પ્રાસંગિક સંબોધન કર્યું. આ કાર્યક્રમમાં શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી વીરાભાઈ ચૌહાણ અને શ્રી કુમારભાઈ પુરોહિતે ભાગ લીધો.
- તા.૧૫ના રોજ Enabling Argi start-up eco system in India વિષય પર આઈ-હબ દ્વારા યોજાયેલ વેબિનારમાં શ્રી કાંતિભાઈ ગોઠીએ ભાગ લીધો.
- તા.૧૯મીના રોજ Learning on Argi-tech student start-ups વિષય પર યોજાયેલ વેબિનારમાં શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી વીરાભાઈ ચૌહાણ, શ્રી વિશાલભાઈ જોશી, શ્રી શ્રીધરભાઈ ગજ્જર તેમજ શ્રી કુમારભાઈ ભાગીદાર થયા.
- તા.૨૦મીના રોજ રાત્રે ૦૮-૩૦થી ૧૦-૧૫ સુધી રાજેન્દ્ર ટેકરીએ લોકભારતી પરિવારનાં બાળકો અને પરિવારજનોને શ્રી હસમુખભાઈ દેવમુરારિએ આકાશદર્શન કરાવ્યું.
- તા.૨૧ના રોજ મા. સંયુક્ત નિયામકશ્રી, મા. નાયબ નિયામકશ્રી અને મા. ક્ષેત્રીય અધિક્ષક દ્વારા આયોજિત મિટિંગમાં શ્રી કાંતિભાઈ ગોઠી ભાગીદાર થયા. જેમાં કોવીડ-૧૯, એસ.એસ.આઈ.પી.ની દરખાસ્ત, સંસ્થાની પરીક્ષા તેમ જ પ્રવેશ અંગેની વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી.
- આપણે અત્યારની આધુનિક પદ્ધતિઓ અને ટેક્નૉલૉજીને સુસંગત એવી લોકભારતી અંગેની ડોક્યુમેંટરી ફિલ્મ બનાવવા જઈ રહ્યા છીએ. આ માટે લોકભારતીના શુભેચ્છક શ્રી નલિનભાઈ પંડિતના પુત્ર શ્રી વૈભવભાઈ આ ક્ષેત્રે વર્ષોથી મુંબઈ ખાતે કાર્યરત છે. તેઓ આ કાર્ય કરી આપવા માટે સંમત થયા છે. તા. ૨૨થી ૨૪ એમ ત્રણ દિવસ તેઓ અને શ્રી નલિનભાઈ પંડિત સપરિવાર લોકભારતી આવ્યાં અને એક વૈચારિક કાર્યશાળા જેવું સ્વરૂપ રાખીને સૌ સંબંધિતો સાથે વિચાર-વિનિમય કરીને ડોક્યુમેંટરી ફિલ્મના સ્વરૂપ તથા વિષય-વસ્તુ અને કદ અંગે મંથન કર્યું-કરાવ્યું.
- તા.૨૮ના રોજ વિભાગીય આચાર્યો સાથેની લોકભારતી વ્યવસ્થાપક મંડળની કોરોના સંદર્ભે આવેલા લોકડાઉન અન્વયે ચર્ચા-વિચારણાની

સોશિયલ ડીસ્ટન્સ રાખીને એક બેઠક યોજાઈ ગઈ હવે પછીની પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી વિભાગવાર તે અંગે આયોજનો કરવા અંગે સૂચવવામાં આવ્યું.

- તા.૨૮મીના રોજ લોકસેવા મહાવિદ્યાલય લોકભારતી સણોસરા દ્વારા એસ.એસ.આઈ.પી. અંતર્ગત વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતા વિષય પર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં શ્રી વિશાલભાઈ જોશી, શ્રી શ્રીધરભાઈ ગજ્જર, શ્રી વીરાભાઈ ચૌહાણ, શ્રી કુમારભાઈ પુરોહિત અને શ્રી કાંતિભાઈ ગોઠીએ વિદ્યાર્થીઓ સમક્ષ વાર્તાલાપ કર્યો. શ્રી અલ્કેશભાઈ ચૌહાણ પણ ભાગીદાર થયા. આ કાર્યક્રમમાં ૫૮ વિદ્યાર્થીઓ ભાગીદાર થયા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના શ્રી ગિરીશભાઈ દવે દ્વારા કોરોના યોદ્ધાઓને અભિવાદન કરતો યૂ-ટ્યુબમાં વીસ મિનિટનો વીડિયો રજૂ કરાયો.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તાલીમ લઈ ગયેલ તલાટી-મંત્રીઓ સાથે ફોન દ્વારા સંપર્ક કરી તેમની કામગીરી તેમ જ કોરોનાની પરિસ્થિતિ જાણી.
- લોકભારતી ગોશાળા વિભાગ દ્વારા મે માસ દરમિયાન બરફી-૪૬ કિ.ગ્રા., શીખંડ-૩૮ કિ.ગ્રા., ફ્લેવર્ડ મિલ્ક- ૧૬.૫ કિ.ગ્રા. તથા ઘી ૮૪ કિ.ગ્રા.નું ઉત્પાદન તેમ જ વેચાણ કરવામાં આવ્યું.
- શ્રી અરુણભાઈ દવેએ ગાંધીભારતી વિભાગ સંદર્ભે ઘણું ચિંતન-મનન કરી જરૂરી લખાણો શ્રી વિશાલભાઈ ભાદાણીની સાથે રહીને તૈયાર કર્યાં. ઘણા બધા 'ઝૂમ' આધારિત કાર્યક્રમોમાં ઝૂમ્યા અને સતત પ્રવૃત્ત રહ્યા.

**આંબલા સમાચાર**

- તા.૨૦ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થા અને કેન્દ્રવર્તી પ્રાથમિક શાળાના શિક્ષકોના સંયુક્ત ઉપક્રમે કોરોના વૈશ્વિક મહામારીના કારણે અને લોકડાઉનના ચોથા ચરણમાં ગામના ગરીબ અને નિરાધાર પરિવારને કિટનું વિતરણ કરવામાં આવ્યું.

**કોરોનાનો ભરડો**

- ડૉ. જિજ્ઞાસા ચાવડા

કોરોનાનો અજગર ભરડો,
પકડો હવે તો એને મરડો.
સતત વધતા કેસ ટપોટપ,
કરો સામનો, તેને કરડો.
જંગ જીતવા આખેઆખો,
માનવજાત કરોને ખરડો.
શું હજુ છે કપરા દિવસો ?
નક્કી એ તો થાશે ઘરડો.
ભગાડવા એને ઓ ભડવીરો,
કમર કસીને આળસ મરડો.

**શ્રદ્ધાંજલિ**

- લોકભારતી અને ગ્રામદક્ષિણામૂર્તિના શુભેચ્છક શ્રી કુંદનિકાબહેન કાપડિયાનું નિધન થયેલ છે.
- લોકભારતી અને ગ્રામદક્ષિણામૂર્તિના શુભેચ્છક શ્રી મનસુખભાઈ માંડવિયાના પિતાશ્રી સ્વ. શ્રી લખમણભાઈ જીવાભાઈ માંડવિયાનું તા.૧૬-૦૫-૨૦૨૦ના રોજ નિધન થયેલ છે.
- લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રસિદ્ધ સાહિત્યકાર આ. શ્રી રઘુવીરભાઈ ચૌધરીનાં ધર્મપત્ની સ્વ. શ્રી પારુલબહેન ચૌધરીનું નિધન થયું છે.
- લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના કાર્યકર શ્રી મનોજભાઈ અગ્રાવતનાં માતુશ્રી સવિતાબહેનનું તા.૨૩-૦૫-૨૦૨૦ના રોજ ૯૨ વર્ષની વયે તેમના વતનમાં અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.